સંસ્થાપક · રવિશંકર રાવળ

કુમાર

૫૪૭ · તંત્રી · બચુભાઈ રાવત


વર્ષ ૪૬ · અંક ૭


જુલાઈ ૧૯૬૯

કલાવિવિધા: ચિત્ર: ગોપેન રાય; શિલ્પ: ઓસમાન સિદ્દિકી; કાચકલા: જેર્ઈન વેબ્સ્ટર; ફોટો: આર. આર. ભારદ્વાજ (પરિચય અંદર માધુકરીમાં)











કુશળ અભિસારિકા. ' અભિસારિકાના ત્રણ પ્રકારો પૈકીની એકનું હૃદ્ય આલેખન (ઈ. ૧૮૨૫ લગભગ). નઝાકત અને લાવણ્યના આલેખન માટે ખ્યાતનામ પહાડી કલમનાં, શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના સંગ્રહમાંનાં કલારત્નોમાંનું એક (તેમના સૌજન્યથી). ઘરની અગાશીમાં ગાદીવાળા આસન પર બેઠેલી લજ્જાનત નાયિકાને તૈયાર કરતાં પરિજન. એક દાસી મોજડી પહેરાવે છે; એક સખી બરડે હાથ મૂકીને અને વૃદ્ધ દાસી હાથમાં હાથ લઈને ભાવ દાખવે છે. ડાબી બાજુની મશાલધારિણી અને જમણા છેડાની પાનદાનધારિણી (બંને એક જ રંગનાં પરિધાનવાળી)ની વચ્ચેના સમૂહનાં પાત્રોના જુદાજુદા અંગવિન્યાસથી રચાતા, પ્રસન્નકર પ્રમાણભારવાળા આયોજનને, સામી બાજુએ દૂરની અટારીમાં રાહ જોતા નાયક, ભાતીગળ દીવાલ બહારની વૃક્ષઘટા, તારામંડિત આકાશમાં ચમકતા ચન્દ્ર અને આવાસના છાપરાની શોભનમંડિત પાંખ નીચે ભીંતના ગોખલામાંની કંકાવટીના, રંગ અને આકારના વૈવિધ્ય વડે ચિત્રકારે સમતોલ કર્યું છે અને એ મધુર રાત્રિની શાંતિને ભરીભરી બનાવી છે.

જુલાઈ ૧૯૬૯ · અંક ૫૪૭

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો


વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થયેલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થયેલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૬-૨૦ પરદેશ: રૂ. ૨૮; શિ૰ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ: રૂ. ૧-૫૦.



મગજ (કાયાની કરામત-૨૪)





સમગ્ર પ્રાણીસૃષ્ટિમાં મગજને કારણે તર્ક અને બુદ્ધિચાતુર્યમાં માણસ સર્વોપરિ સાબિત થાય છે. પ્રાણીઓની સરખામણીએ શરીરના કદના પ્રમાણમાં માણસનું મગજ મોટું છે. એના મુખ્ય પાંચ ભાગ પડી શકે: **મોટું મગજ** (Cerebrum). ડાબી બાજુની ઉપરની આકૃતિ પ્રમાણે એના ડાબા-જમણા બે ભાગ છે જે ખોપરીના મોટાભાગમાં વિસ્તરેલા છે. એના જુદાજુદા વિસ્તારમાં બુદ્ધિચાતુર્ય, સ્વભાવ, ટેવ, વિવિધ પ્રકારનાં શારીરિક હલનચલન, જુદીજુદી સંવેદનાઓ વગેરેનાં કેન્દ્રો છે. આ બંને અડધિયાંને **કૉર્પસ કૅલોઝમ** (Corpus callosum) નામનો તંતુઓનો એક પુષ્ટ થોકડો જોડે છે. આની નીચે મગજની અંદરના ભાગમાં **ઊર્મિમગજ** અને **નાના ઊર્મિમગજ**નો વિસ્તાર છે જ્યાં આપણી બધી સંવેદનાઓનું સ્થૂલ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એથી નીચે **મજ્જાસેતુ** (Pons) અને **લંબમજ્જા** (Medulla Oblongata) છે. લંબમજ્જામાં 'ઇચ્છાધીન ક્રિયાઓ' અને 'સ્વયંગતિક ક્રિયાઓ'નાં કેન્દ્રો છે. મોટા મગજની નીચે પાછળ ઢંકાએલું **નાનું મગજ** (Cerebellum) માનવીના ઐચ્છિક હલનચલનનું સહનિયમન કરે છે. પશુપક્ષીઓમાં શરીરના સમતોલન માટે એનો ખાસ વિકાસ થયો હોય છે. ડાબી બાજુની નીચેની આકૃતિમાં મોટા મગજનો થોડા ભાગનો આડછેદ છે. જેમાં (૧) કૉર્ટેક્સ એટલે કે ઉપરનું ભૂખરું પડ અને (૨) અંદરનો સફેદ ભાગ છે.

હવે / રમેશ પારેખ

· ગાન ·

સૈયર ચૂંટી ખણે ને રાતાચટાક ગાલ ભીના કરું છું હવે રોઇને.
આઘે આઘે રે ક્યાંક સૂરજ વરસે
ને મારા આંગણામાં સોનેરી પાણી,
પગને બોળું તો શે ય પાની ભીંજાય ના,
આમ મને જાય સાવ તાણી;
મારું ઊગ્યા વિનાનું એક ઝાડવું સુકાય : એમ કહેવા યે કેમ જવું કોઇને?

અમને મો'યાં'તાં અમે તકતામાં જોઈ
એવા તમને ભાળીને અમે મો'યાં,
સુખની વરાંસે કરું તકતાને ચાંદલો
એવાં રે સાનભાન ખોયાં;
અરે, તમને જોવાની એક પળ રે મળે તો લઉં જીવતર આખુંય હવે ખોઇને!

બારી બહાર / હરિકૃષ્ણ પાઠક

· વંશસ્થ ·

ઓઢયાં ધરાએ જળ-લે'રિયાં ફરી,
વર્ષ્યા અષાઢી ઘન આજ રે ફરી;
વાછંટની શીત લહેર વાઈ ગૈ,
ઝૂમી ઊઠી મત્ત-મહેક લીમડી;
ટહૌકયા ફરી કંઠ મયૂરના…અરે,
એ તો બધું બારી બહાર……

સ્મૃતિ / ધીરુ પરીખ

· શાલિની-ઈન્દ્રવજ્ર ·

…ત્યારે સંતાકૂકડી ખેલતાં શાં
સંગાથે—તું મોટી ને નાનકો હું!
વારે વારે બા મને શોધતી'તી
ને હું કેવો ઊઠતો હોંશથી ત્યાં
તારો ચડાવ્યો ફરી દાવ દેવા!

લેવા તું તો તે ગઈ ક્યાં છુપાઈ?
હાવાં હું મોટો થઈ શોધું છું કે
આવે તું તારો કદી દાવ લેવા!

સભરની સવારી / ભાનુપ્રસાદ પંડયા

· શિખરિણી ·

ન રહેવાયું મોરે, સીમવતી કર્યો સાદ : સહસા
સરે ત્યાં સ્પર્શોને પથ ડગ લીલાં કો'ક લહરી!
સુગંધો આવી ગૈ કયહીં ધૂળ ભીન્યાંની ખબર લૈ,
બપોરી વેળાની રીસ અવ ગઈ સાવ ઊતરી!

પછી તો જોણુંને રિમઝિમ ઉજાણી મળી ગઈ,
અને સૌ નેવાંથી ઊતરી નભ ચાલ્યું ધસમસી;
કિસાની હૈયાંનો હરખ જ વહ્યો જાય ઊભરી
પણે કાંઠા વચ્ચે—છલબલ થતો ખેતરમહીં!

બધી ખાલીપાની સરહદ જીતી લૈ સભરની
સવારીના અશ્વો નૃત્ય કરી ગયા ને વિજય એ
ઉડાને ઉન્માદી ગીત થઈ વહે, પાદરમહીં
ઉમંગે પુચ્છોને ઉપર લઈ ખોદે ઊકરડા!

નિહાળું બારીથી નભમહીં ઊડી હાર ધવલ,
અને રોમે રોમે તૃણ સમ ફૂટે હર્ષ નવલ!

બંધાણી / માધવ રામાનુજ

· કટાવ ·

પાદરના ઘેઘૂર ડાયરે
ગામ પાથરી
સમી સાંજના હુક્કામાં
ખોબો'ક સમયને ભરી
ભરું જ્યાં ઘૂંટ—
ઘૂંટમાં હિલ્લોળાતું
ગડ ગડ થાય તળાવ,
ધુમાડો આથમણે આળેખે
કેસર-ઓકળીઓ ભાતીગળ
ફૂંકું સ્હેજસ્હેજ ત્યાં
અગ્નિત ઊડે તિખારા—
આભે અમાસિયા
અંધાર-પટોળે
હળવે હળવે
ઝલમલ ઝલમલ તારા!

હાઇકુ / માધવ રામાનુજ

જલ સંગાથે
રમે માછલી એક,
સ્તબ્ધ પોયણાં.

ખરીઓ ભીની,
ભીની ઘૂઘરમાળ
ભીંજવે ચીલા.

હળ છોડું ને
વાસ ચાસની છૂટી
ચરવા જાય.

સાંજને ટાણે / મનહર તળપદા

· ગાન ·

એક દિ' સમી સાંજના ટાણે
આંખમાં આપણ ઓસરી ગયાં, કોઈ ના હજુ જાણે.
ખોઈ ભરેલી ઘાસની વાતો ઠાલવી દીધી સાવ,
નેણનાં જળે નેહનાં ઓલી છલકી ઊઠી વાવ;
હોઠના મૂગા સ્પર્શો હજુ તો ય ના ધરવ માણે,
એક દિ' સમી સાંજને ટાણે.
ભાન ભૂલેલી સીમના શીતળ છાંયડે ઊગ્યા શ્વાસ,
શ્વાસની ભીતર ભીંસમાં પછી કયાં ય ભાળ્યો અવકાશ?
કેટલી બધી પ્રીત વછૂટી મોલના દાણે દાણે!
એક દિ' સમી સાંજને ટાણે.

તારલિયો અંધાર / કુ૦ ઊર્મિલા મહેતા

· ગાન ·

તારલિયો અંધાર આજ કૈં મલકી મલકી જાય,
શરદપૂનમથી ઊજળા એના અજવાળે મન ન્હાય.

પ્રીતમનાં પગલાંને આજે લઇને આવી રેણુ,
પલ્લવના મર્મરમાં વાગે વૃંદાવનની વેણુ,
નાનકડા આ ઘરને આખું વ્રજ જાણે વિંટળાય…

ઘરના મોલે મૌન સૂતું'તું આજે ઝબકી જાગ્યું,
નિર્ઝરનો સ્વર માગી લાવી એ પણ ગાવા લાગ્યું,
ફૂલનો પાલવ ફોરમભીનો આંગણિયે પથરાય…

પગલાં

ફાધર વાલેસ



એનું મુખ જોયું નથી; પણ એનાં પગલાં સાંભળ્યાં છે.

એનાં દર્શન હજી થયાં નથી, પણ પ્રેમ ને શ્રદ્ધાએ એના મુખની સૌંદર્ય-રેખાઓ દોરી આપી છે. ને પ્રેમ એક અદ્‌ભુત ચિત્રકાર છે.

કન્યાએ વરને હજી જોયો નથી. હજી એની આંખમાં પોતાની આંખ પરોવી નથી; એના હાથમાં પોતાનો હાથ મૂક્યો નથી; એના પ્રેમપાશમાં પોતે સમાઈ ગઈ નથી. પણ એ મંગળ પ્રતીક્ષાની લાંબી રાત્રીઓમાં એની કલ્પનાએ એ હૃદય-નાથની પ્રેરણામૂર્તિ એકએક અંગ કરીને, એક-એક વિગત પૂરીને ઊભી કરી છે. અને સંકોચ-થી પણ કુશળતાથી પૂછી પૂછીને એના વિષે કેટલી બધી માહિતી ભેગી કરી છે! પછી એ પ્રત્યક્ષ મળશે ત્યારે પહેલેથી જ પરિચિત લાગશે અને દિલની સગાઈ લાગશે. પ્રેમની કલા છે. ભક્તિની આતુરતા છે.

માનવીએ પણ પોતાના ભગવાનને જોયો નથી. પણ સૃષ્ટિને પૂછીપૂછીને, અંતર તપાસી તપાસીને જીવનની લાંબી પ્રતીક્ષામાં એની મંગળ મૂર્તિ ઊભી કરી છે, એના ગુણ શોધ્યા, એનાં સહસ્રનામ જોડયાં. પછી એ પ્રત્યક્ષ મળ-શે ત્યારે પહેલી મુલાકાત નહિ, પુનર્મિલન હશે, નવી ઓળખાણ નહિ ચિરંતન સંબંધ હશે.

એનાં પગલાં સંભળાય છે.

એનાં પાદચિહ્ન ઠેરઠેર દેખાય છે.

ને એ જોઈને માનવીનું દિલ હરખાય છે, કારણ કે એમાં એને એ પ્રિયતમનો સંદેશો મળે છે. તે પાસે છે. તે જલદી આવે છે.

રૉબિન્સન ક્રૂઝો ઘણા સમય સુધી એક નિર્જન ટાપુમાં એકલો એકલો રહ્યો હતો. પ્રાણીઓ ને પક્ષીઓ સિવાય એની સાથે ત્યાં બીજું કોઈ નહોતું. પરંતુ એક દિવસ દરિયા-કિનારે રેતીના પટ ઉપર એણે એક માણસનાં પગલાં જોયાં. પોતાનાં પગલાંની સાથે સર-ખાવ્યાં, તો જુદાં જણાયાં. ત્યારે એણે જાણ્યું કે એ ટાપુમાં પોતે એકલો ન હતો.

માનવી પણ બ્રહ્માંડના પટ ઉપર બીજાનાં પગલાં જુએ છે. (પોતાનાં તો એ નથી ને! ક્યાં પોતાના એ નાનકડા પગ અને ક્યાં એ વિશાળ, નિઃસીમ પગલાં!) અને અત્યારે એ જાણે છે કે પોતે એકલો નથી. બીજું કોઈ છે. પાસે છે. અંદર છે. અને એ હકીકતમાં માન-વીની ધન્યતા છે..

કેવાં પગલાં છે? પ્રકાશનાં પગલાં, શક્તિ-નાં પગલાં, અદ્‌ભુત સૌંદર્ય ને નિયમિતતાનાં પગલાં. આકાશના તારાઓ એનાં પગલાં છે. તે એની યાદ દેવડાવે છે; એની સાક્ષી પૂરે છે; એની વિશાળતા ને ગહનતાનો ભાસ કરાવે છે.

બ્રહ્માંડનું ગણિત તો ઘરગથ્થુ ગણિત કરતાં કંઈક ન્યારું છે. પ્રકાશ તો સેકંડે ૧,૮૬,૦૦૦ માઈલની ઝડપથી દોડે છે; એટલે કે એક સેકં-ડમાં જ તે વિષુવવૃત્તની આસપાસ આઠ આંટા મારી આવે છે. ચંદ્રના પ્રકાશને પૃથ્વી સુધી પહોંચતાં સવા સેકંડ લાગે છે, અને સૂર્યના પ્રકાશને આઠ મિનિટ. પરંતુ પૃથ્વીના પ્રકાશને ધ્રુવ તારા સુધી પહોંચતાં ૬૫ વર્ષ લાગે છે! આજે આકાશ તરફ જોતાં ધ્રુવતારક-નું જે ચળકતું પ્રતિબિંબ આપણી આંખમાં પડે છે તેનાં કિરણો ૬૫ વર્ષ થયાં, એટલે કે આપણે જન્મ્યા પણ નહોતા ત્યારે ધ્રુવતારક-થી વિદાય થઈને પ્રવાસે ઊપડયાં હતાં! અને ધ્રુવતારકમાં જો કોઈ નિરીક્ષક બેઠો હોય અને આપણી તરફ દૂરબીન માંડીને જોતો હોય તો પૃથ્વીમાંથી એને આજે જે તાજો લાગતો પ્રકાશ મળશે તેને ખરેખર આપણે ત્યાંથી નીકળ્યે ૬૫ વર્ષ થયાં હશે. જો ત્યાં પૃથ્વીના બનાવોનો અહેવાલ આપનાર કોઈ વર્તમાન-હોય તો એના છેલ્લી ઘડીના સમાચાર પણ હકીકતમાં ૬૫ વર્ષના વાસી સમાચાર હશે!

ને પછી આર્દ્રા તારાનું પૃથ્વીથી અંતર બસો પ્રકાશવર્ષ છે પારિજાતનું ત્રણસો. હંસનું છસો. અને આપણા તારાવિશ્વના પડોશમાં આવેલા એન્ડ્રોમેડા નિહારિકાના કેટલાક તારાનું પૃથ્વી-થી અંતર તો કરોડો પ્રકાશવર્ષથી જ મપાય છે!

અને કદની ને વજનની વાત?

વરુણ પૃથ્વી કરતાં ૧૭ ગણો ભારે છે. શનિ ૯૩ ગણો. ગુરુ ૧૨૭૯ ગણો. પણ સૂર્ય તો દસ લાખ ગણો! એ પોલો હોત તો પૃથ્વી અને તેની આસપાસ હમેશાનું અંતર રાખીને ફરતો ચંદ્ર સુખેથી એની અંદર ગોઠવાઈ શકત! બીજી કલ્પના કરીએ તો સૂર્યના વ્યાસ પર લગભગ ૧૦૯ પૃથ્વીઓ હારબંધ ગોઠવી શકાય; અને સૂર્યમંડળના બધા ગ્રહોને ઊંચકીને સૂર્યની અંદર નાખી દઈએ તોય હજી ઘણી જગ્યા વધે!

પણ કદ ને અંતર કરતાં યે વધુ હેરત પમાડે છે એ જંગી વિશ્વોની નિયમિતતા. ઊગવું ને આથમવું. ચડવું અને ઊતરવું. ઋતુઓનું ચક્ર. આકાશની પ્રદક્ષિણા. ભરતી ને ઓટ. નિયમ, ક્રમ, ઋત. એક અદ્‌ભુત વ્યવસ્થાની, એક અલૌકિક પ્રજ્ઞાની એ પ્રતીતિ કરાવે છે. એક નાનું સરખું યાન ચંદ્ર સુધી મોકલવા માણ-સને કેટલી બધી ગણતરી, તૈયારી, ખર્ચ ને કરામત કરવાં પડે છે! અને એમાં સહેજ કોઈ ગણતરીમાં સૂક્ષ્મ ભૂલ આવી કે આખો પ્રયોગ નિષ્ફળ! તો, એકાદ નાનું યાન કે કૃત્રિમ ઉપગ્રહ નહિ પણ અગણિત ગ્રહો ને તારાઓ ને નિહા-રિકાઓનો એ અનંત રાસ નિર્વિઘ્ને ચલાવવા કેવો તાલ, કેવી કલા, કેવી બુદ્ધિ જોઈશે?

બ્રહ્માંડની એ નિયમિતતા ને ચોકસાઈ બ-તાવનાર એક અસાધારણ પ્રસંગ વરુણ ગ્ર-હની શોધમાં બન્યો હતો. ફ્રેંચ ખગોળશાસ્ત્રી લેવરિયેએ હર્ષલ ગ્રહની ભ્રમણકક્ષાનો વિગત-વાર અભ્યાસ કર્યો હતો. પરંતુ એણે ગણી કાઢેલી કક્ષા અને સીધા નિરીક્ષણ દ્વારા નક્કી થએલી કક્ષાની વચ્ચે મેળ બેસતો નહોતો. ઘણા પ્રયત્નો કર્યા, ઘણી ગણતરીઓ ચલાવી, પણ હમેશ કોઈ ને કોઈ ફેર રહે. એ મૂંઝાયો: પોતાની ગણતરી ખોટી કે ગ્રહ ખોટો? છેવટે એને વિચાર સૂઝયો કે જો હર્ષલની કક્ષાની પેલી પાર બીજો કોઈ ગ્રહ હોય તો એની ગુરુત્વાકર્ષણશક્તિ હર્ષલની અનિયમિતતા માટે જવાબદાર હોઈ શકે. એ ધારણાને આધારે એણે એ નવા કલ્પેલા ગ્રહના સ્થાન, વજન ને કક્ષાની ગણતરી કરી જોઈ. ગણતરી તો કરી, પણ હજી ખરી કસોટી બાકી હતી કે આકાશમાં એવો ગ્રહ ખરેખર છે કે કેમ. એ તપાસવા માટે એની પાસે પૂરતું શક્તિશાળી દૂરબીન ન હતું. એટલે તા. ૨૩-૯-૧૮૪૬ના રોજ બર્લિનની વેધશાળાના સંચાલક પર એણે પત્ર લખ્યો કે 'મારી ગણતરી પ્રમાણે અમુક

(અનુસંધાન પૃ. ૨૬૪ ઉપર)

દુનિયાભરના દક્ષ
વ્યવહારપુરુષો વચ્ચે
પુરુષ સમોવડી
થઈને ઝળકનાર
એક ગુજરાતી
સન્નારી

સુમતિ મોરારજી

લેખિકા
સૌ. કૈલાસબેન તનુભાઈ દેસાઈ



સુમતિબહેન એમના દફતરમાં

Sumati Morarjee

દુનિયાભરમાં વહાણવટાના વહીવટદારોમાં એકલાં જ સ્ત્રી—એટલું જ નહિ, પણ એ ક્ષેત્રમાં વજનવાળો ને અધિકૃત અભિપ્રાય ધરાવનાર શ્રીમતી સુમતિબહેન મોરારજીનું નામ આજના ભારતીય વહાણવટાનો ઇતિહાસ લખાશે ત્યારે તેનાં સંખ્યાબંધ પૃષ્ઠો પર જોવા મળશે. એશિયાની મોટામાં મોટી જહાજપેઢીઓમાં ગણના પામતી ભારતની 'સિંધિયા સ્ટીમ નૅવિગેશન કં. લિ.'નાં એક મુખ્ય અધિકારિણી તરીકે તેમની પ્રતિષ્ઠા છે.

મુંબાઈના વિખ્યાત મિલમાલિક ભાટિયા શેઠ મથુરાદાસ ગોકુળદાસને ત્યાં ઇ. ૧૯૦૯ની ૧૩મી માર્ચે એમનો જન્મ થયો. લક્ષ્મીની છોળ વચ્ચે ઊછરતી એ બાળા ૭ ભાઈઓની સાથે સાતમા પુત્રની પેઠે જ લાલનપાલન પામતી હતી. ભાઈઓની સાથે એ પણ ક્રિકેટ, હૉકી વગેરે રમતી, ઘોડેસવારી કરતી કે તરવા જતી. ભાઈઓને ઘેર ભણાવવા આવતી પારસી શિક્ષિકા મિસિસ વીમા દલાલ પાસે બેસીને માત્ર સાંભળીને પણ એણે ઘણું જ્ઞાન મેળવવા માંડેલું. ગ્રહણશક્તિ અતિ તીવ્ર, એટલે લખતાં-વાંચતાં આવડયું કે તુરત ઘરનો વિશાળ ગ્રંથસંગ્રહ ઉથલાવવા માંડયો અને દસેક વર્ષની ઉમર થતાંમાં તો 'સરસ્વતીચંદ્ર' અને 'ચંદ્રકાંત' જેવાં પુસ્તકો વાંચી નાખ્યાં. ગુજરાતી ઉપરાંત વ્રજભાષા, હિંદી, મરાઠી અને અંગ્રેજી ભાષા શીખ્યાં, સંસ્કૃતનું પણ સમજવા પૂરતું જ્ઞાન મેળવી લીધું, અને પોતાના રસના વિષયોનું વૈવિધ્ય ઘણું વિસ્તૃત હોઈ વાચનભૂખ સંતોષવા 'રૉયલ એશિયાટિક સોસાએટી'ની અને યુનિવર્સિટીની લાયબ્રેરીઓનો પણ લાભ લીધો.

એ સમયના સામાજિક ખયાલો પ્રમાણે કોઈ કન્યાને આટલી છૂટથી ઉછેર મળે એ અસંભવિત નહિ તો મુશ્કેલ તો હતું. પરંતુ શેઠ મથુરાદાસના વિચારો એવા સંકુચિત ન હતા. એમને ઘોડદોડનો શૉખ હતો. એમના ઘણા ઘોડા મહાલક્ષ્મી રેઇસકોર્સ પર દોડતા એટલું જ નહિ, લંડનમાં પણ એમના ઘોડા પ્રશંસા પામતા હતા. એ ઉત્સાહી પિતા ઘોડદોડમાં પુત્રીને પણ સાથે રાખતા અને પરિણામે સુમતિબહેનનું ઘોડાઓના ઉછેર વિષેનું જ્ઞાન પણ એટલું જ પરિપૂર્ણ છે; ને એવી જ રીતે ઘેર ગૌશાળા હતી એની ગાયોની સેવાશુશ્રૂષા પણ એમણે કરી છે. ધંધાકીય વાર્તાલાપો ને ચર્ચાઓમાં પણ પિતા આ મેધાવી પુત્રીને ભેળવતા, જેને પરિણામે બહુ નાનપણથી એનામાં વ્યાવસાયિક સૂઝ પણ વિકાસ પામી. બીજી બાજુ માતાએ આ એકની એક પુત્રીને ઘરકામનો પલોટ આપવા સાથે એનામાં સુંદરતા ને કલાનો રસ પણ જાગ્રત કર્યો. ટૂંકમાં એ યુગની રીત મુજબ ઘર અને ચૂલામાં જ અટવાઈ રહેતી દીકરીઓ કરતાં અનોખી—સર્વતોમુખી વિકાસની કેળવણીની તકો એમને પૂરી પાડવામાં આવી અને એમની સ્વતંત્ર વિચારશક્તિ ખીલે એ મુજબની બધી તાલીમ એમને મળી.

પરંતુ એક પરંપરાનો અપવાદ રહ્યો: તેર વર્ષની નાની વયે સુમતિબહેનનાં લગ્ન થઈ ગયાં,—મુંબાઈના એ સમયના વિખ્યાત ઉદ્યોગપતિ શેઠ નરોત્તમ મોરારજીના એકના એક પુત્ર શાંતિકુમાર સાથે. પણ પ્રગતિકારક વિચારો ધરાવતા નરોત્તમ શેઠે ઘેર આવેલી પુત્રવધૂની





←પહોળી કિનારની સ્વદેશી સાડી સુમતિબહેનનો ખાસ શૉખ છે.
ઉપર: સુમતિબહેન પોતાના સંગ્રહ સાથે; નીચે: માતા પ્રેમાબાઈ સાથે.

શક્તિ બરાબર પિછાની લીધી અને એમણે પણ એને વધુ વિકસાવવાની બધી જ સગવડો પૂરી પાડી. સાથેસાથે ધંધાકીય તાલીમ પણ આપવા માંડી. સભા સંમેલનોમાં એમણે સુમતિબહેનને ભેળવવા માંડયાં; વેપાર ઉદ્યોગની ચર્ચાઓમાં એમને હાજર રાખવા માંડયાં; ઘેર આવતા ઉદ્યોગપતિઓ ને રાજવી મહેમાનોના આતિથ્યનો ભાર પણ એમના પર મૂકવા માંડ્યો; અને આમ, વીસ વર્ષની ઉંમરે પહોંચતાં પહોંચતાંમાં તો સુમતિબહેનને 'સિંધિયા'ની મૅનેજિંગ એજન્સીમાં એક સીનિયર ભાગીદાર બનાવી દીધાં.

શોલાપુરમાં ચાલતી મિલ વગેરેનો ધીરેધીરે સંકેલો કરી નરોત્તમ શેઠે સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપની દ્વારા હિંદી વહાણવટાના વિકાસ પર જ લક્ષ કેન્દ્રિત કરવા માંડેલું. એટલે જ તો આજના હિંદી વહાણવટાના તેઓ પુરોધા ગણાય છે. અને એમની જ તાલીમ પામીને સુમતિબેને, એમણે આરંભેલા કાર્યનો બોજ ઉપાડી લઈ એનો વધુ ને વધુ વિકાસ સાધી બતાવ્યો છે. ઈ ૧૯૨૯માં નરોત્તમ શેઠનું અવસાન થયું ત્યારે કંપનીમાંની પોતાની ભાગીદારીનો બધો હિસ્સો એમણે સુમતિબહેનને આપ્યો હોઈને અને કંપનીનાં એમનાં બધાં કામોથી સુમતિબહેન જાણકાર હોઇને, ઈ. ૧૯૩૨માં એમને 'બોર્ડ ઑવ ડિરેક્ટર્સ'માં ચૂંટવામાં આવ્યાં.

'સિંધિયા'કંપનીએ હજની સફર માટે જ્યારે પોતાનું પહેલું જહાજ



ચાલુ કર્યું ત્યારે પરદાનશીન સ્ત્રીપ્રવાસીઓની સવલતની બધી વ્યવસ્થા સુમતિબહેનને સોંપવામાં આવેલી. ૧૯૪૬માં જ્યારે એમના પતિ અમેરિકા ગયા ત્યારે એમની ગેરહાજરીમાં કંપનીનો રોજિંદો વહીવટ પણ એમણે જ સંભાળી લીધેલો. અને આવી કામગીરીમાં એમણે પોતાની દક્ષતાનો જે પરિચય આપ્યો એથી પ્રેરાઈને થોડા જ વખતમાં એમને કંપનીનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર બનાવવામાં આવ્યાં. વાટાઘાટો ને ચર્ચાવિચારણામાં પણ તેઓ કાબેલ હોઈ 'વેલ્થ ટૅક્સ બિલ' અને 'મર્ચન્ટ શિપિંગ બિલ' અંગે ૧૯૫૭માં સરકાર સાથેની વાટાઘાટો માટે એમને જ પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવેલાં, અને એમણે પોતાની કાબેલિયતથી જહાજ-ઉદ્યોગને વેલ્થટૅક્સમાંથી બાકાત રખાવવામાં સફળતા મેળવી ઉદ્યોગની એમની આવી સેવાઓની કદરમાં ઈ. ૧૯૫૭–'૫૯ અને ૧૯૬૪–૬૫માં તેઓ 'ધી ઇન્ડિયન નૅશનલ સ્ટીમશિપ ઓનર્સ એસોસીએશન'નાં પ્રમુખ નીમાએલાં; અને હજી યે તેઓ અનેક વહીવટી પદો પર અગ્રસ્થાને નિમાતાં રહ્યાં છે.

આજે ૬૦ વર્ષની વયે પણ તેઓ વહેલી સવારે ઊઠી, પૂજા-પ્રાર્થનાથી પોતાના દિવસનો આરંભ કરે છે. પિતાને ત્યાં વૈષ્ણવ ધર્મનું ચુસ્ત પાલન થતું, એટલે છેક બચપણથી એમણે નિયમિત દેવસેવા કરવા માંડેલી અને આજે યે પૂજા પાઠનો એમનો નિયમ અસ્ખલિત ચાલુ રહ્યો છે. લંડનની કડકડતી ટાઢમાં પણ પરોઢમાં વહેલાં ઊઠી જઈ એમને દેવસેવામાં બેઠેલાં જોનાર અચંબામાં પડી જતાં. દેવસેવા બાદ તેઓ રસોઈઘર તથા ઘરની વ્યવસ્થા અંગે ધ્યાન આપે, અને આઠેક વાગ્યાથી બેત્રણ કલાક કંપનીના તે દિવસનાં કામકાજને લગતી આગોતરી સૂચના-વ્યવસ્થામાં પડે અગિયારેક વાગતાં તો તે મુંબાઈના જાણીતા 'સિંધિયા હાઉસ'માં બીજે માળે આવેલા પોતાના દફતરમાં પહોંચી જાય છે, જ્યાં તેઓ છેક સાંજ સુધી નાનાંમોટાં વહીવટી કામોની ગૂંચો અને મુલાકાતો વગેરેમાં સતત રત રહે છે. તેમાંથી સાંજે સાત વાગ્યા પછી ઘેર આવી, નાહીધોઈને પૂજા કરી ભોજન કરે છે. બસ, આખા દિવસમાં આમ તેઓ એક જ વાર જમે છે.





જુહુ કિનારે ગાંધીજી સાથે પ્રાર્થનામાં જતાં.

← સુમતિબહેનનો સમૃદ્ધ કલાસંગ્રહ.

જ્યારે વહાણોની વાત આવે ત્યારે તો એમની આંખોની ચમક જ બદલાઈ જાય. એમને મન પોતાની સ્ટીમરો વિવિધ લાક્ષણિકતાવાળી દીકરીઓ જેવી જ છે. સમય મળે ત્યારે એમાં દૂરદૂરને દેશ જઈ ત્યાંના લોકો સાથે જાણપહેચાન કરવાનું એમને ગમે છે. ભારતનાં અને દુનિયાનાં લગભગ બધાં અગત્યનાં બંદરો એમણે જોયાં છે.


પિયરમાં–અને પછી નરોત્તમ શેઠને ત્યાં તેઓ ગાંધીજીના ઘણા નજીકના પરિચયમાં આવ્યાં છે. ગાંધીજી મુંબાઈમાં ઘણી વાર એમને ત્યાં જ રહેતા અને સુમતિબહેન એમની સાથે ઘણી વાર ચર્ચાઓ કરતાં. ગાંધીજી પ્રત્યે એમને પૂરતું માન હોવા છતાં એમના પ્રત્યે એમણે આંધળી ભક્તિ કદી દાખવી નથી. હરિજનસેવાના લાભાર્થે શોલાપુરમાં ગાંધીજીએ એમને ખાદી વાપરવા સમજાવ્યાં ત્યારે સારાં વસ્ત્રાલંકારો પ્રત્યેના સ્ત્રીસુલભ આકર્ષણથી પ્રેરાઈ એમણે કહેલું કે 'જો જાડી ખરબચડી ખાદીના બદલે ઝીણી સરસ ખાદી મળી શકે તો હું એ વાપરું, પણ એ માટે ખોટું વચન આપું નહિ.' અને પોતાના એ વિચારમાં તે મક્કમ રહ્યાં, પણ બાપુને ખુશ કરવા ખોટી બાંહેધરી ન જ આપી. આજે વણકરોને સીધો લાભ મળે એ દૃષ્ટિથી તેઓ હાથવણાટનાં કે પાવરલૂમનાં જ વસ્ત્રો વાપરે છે. એમના ઘરની સજાવટમાં પણ મિલના કે પરદેશી બનાવટના કાપડનો ઉપયોગ તેઓ નથી કરતાં.

લગભગ બધો જ સમય પુરુષોના ક્ષેત્રમાં રહેવા છતાં પોતાની સ્ત્રીસહજ સ્વાભાવિકતા એમણે જાળવી રાખી છે. હમેશાં ગુજરાતી ઢબે જ પહેરાતી, તેજસ્વી રંગોવાળી પહોળી કિનારની એમની સાડીઓ અને કપાળમાંનો લાલ ચટક ચાંદલો એમના વ્યક્તિત્વને આગવું આકર્ષણ આપે છે. ઇંગ્લૅંડમાં યોજાએલી વહાણવટાને લગતી એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેવા જ્યારે તેઓ પહેલીવાર ગયાં ત્યારે ભારત જેવા દેશની આ એકમાત્ર મહિલા પ્રતિનિધિને જોઈ સૌકોઈને નવાઈ લાગેલી. અને એ પરિષદમાં એમણે પોતાની ચતુરાઈ, વ્યવહારદક્ષતા તથા વહાણવટા અંગેની ઊંડી સમજની જે પ્રતીતિ કરાવી એનાથી તો સૌ આશ્ચર્યચકિત બની ગએલા.

વહાણવટામાં એમને માત્ર આર્થિક—વ્યાવસાયિક રસ જ નથી. આ વિષયનો એમણે અનેક બાજુથી ઊંડો અભ્યાસ કર્યો છે. ભારતીય વહાણવટા વિષે એમણે 'ઇંડિયન શિપિંગ થ્રૂ એઇજિઝ' મથાળા નીચે એક અભ્યસનીય આધારભૂત પ્રબંધ લખ્યો છે, અને અવારનવાર નાનામોટા લેખો તથા રેડિયો વાર્તાલાપ આપતાં રહે છે. છતાં એ વિષેનું એમનું વાચન-સંશોધન તો સતત ચાલતું જ રહે છે. વહાણવટા અને વહાણ બાંધવાની કળા અંગે એમણે દિલ્હીમાં બે ઘણાં પ્રેક્ષણીય અને અભ્યસનીય પ્રદર્શનો પણ રજૂ કર્યાં હતાં, જેમાં એમણે ભારતીય વહાણવટાના ૫૦૦૦ વર્ષના ઇતિહાસ ને વિકાસ પ્રદર્શિત કરેલા. વહાણો અને એને અનુષંગી બધી જ જહાજી બાબતો અંગેનો એક સંપૂર્ણ માહિતીપ્રદ ગ્રંથસંગ્રહ ઊભો કરવાની એમની એક લાંબા સમયથી કામના હતી, અને આજે મુંબાઈના સિંધિયા હાઉસના છઠ્ઠે માળે ચિત્રો, આલેખો, મોડેલ અને સંખ્યાબંધ સંદર્ભગ્રંથો સાથેનો વહાણવટા વિષેનો એક ઉમદા સંગ્રહ તેમણે એકત્રિત કર્યો છે.

પરદેશની કોઇ વિશાળ સંસ્થાઓના મોટા ઉદ્યોગપતિઓ જેવી કારકિર્દી અને માન-અકરામ પામ્યાં છતાં એમનામાં નિખાલસ નમ્રતા છે. થોડાં વર્ષો પર ન્યૂ યૉર્કના 'લેડીઝ હોમ જર્નલ' નામના પીઢ સામયિકે કરેલી મોજણીમાં સુમતિબેનને દુનિયાની પ્રથમ દસ શ્રીમંત સ્ત્રીઓમાંનાં એક ગણાવ્યાં હતાં; પણ એ હકીકત માની ન શકાય એટલી બધી સાદગી તેમનાં વાણી-વર્તનમાં જોવા મળે છે. 'હું તો ગાંધીજીના કહેવા પ્રમાણે કંપનીની માત્ર એક ટ્રસ્ટી જ છું. મારી અંગત પેઢી તરીકે નહિ પણ એક સંસ્થા તરીકે હું મારા ધંધાને ચાલતો જોવા ઇચ્છું છું. એમાં મને કોઈ વળતરની અપેક્ષા નથી.' ને એમના આ શબ્દો મુજબનો જ એમનો વ્યવહાર છે. કંપનીના અમલદારો, સંચાલકો કે અન્ય કાર્યકરો વચ્ચે વાડાબંધી એમને પસંદ નથી. દફતરનો નાનો કે મોટો કોઈ પણ માણસ એમને સહેલાઈથી મળી શકે છે.

દેશ પ્રત્યેની એમની ભાવના પણ એવી જ ઉત્કટ છે. ઈ. ૧૯૪૨ની ચળવળમાં એમનો પણ ઘણો હિસ્સો હતો. જુહુ પરના એમના આવાસના ભોંયરામાં ત્યારે છાપખાનું ચાલતું. જયપ્રકાશ નારાયણ, ડૉ. લોહિયા ને અરુણા આસફઅલી જેવાં કાર્યકરો ત્યાં જ આવી છુપાતાં.





નેહરુ પિતા-પુત્રી સાથે સુમતિબહેન. ઉપર ડાબી બાજુ: ઈ. ૧૯૪૮માં સિંધિયાના પ્રથમ જહાજ 'જલઉષા'ને પં. નેહરુએ તરતું મૂક્યું એ પ્રસંગે; જમણી બાજુ ઇંદિરા ગાંધી વડાંપ્રધાન બન્યાં ત્યારે દિલ્હીમાં એમને અભિનંદતાં. નીચે: મુંબાઈમાં શિપિંગ ઍન્ડ શિપબિલ્ડિંગ કૉન્ફરન્સમાં વક્તવ્ય રજૂ કરતાં

અને ગાંધીજી તો મુંબાઇમાં એમને ત્યાં જ રહેતા. તેઓ જે ખંડ વાપરતા એને આજે યે સુમતિબહેને એમ ને એમ જ જાળવી રાખ્યો છે. ચંપલ, ગીતા, પેલા જાણીતા ત્રણ વાંદરા વગેરે જેવી પોતાની કેટલીક અંગત ચીજો ગાંધીજીએ સુમતિબહેનને આપી હતી, જે એમણે જતનથી સંઘરી રાખી છે. ગાંધીજીના અનેકવિધ ફોટોગ્રાફોનો એમની પાસે મોટો સંગ્રહ છે; અને આઠ ભાગમાં વિસ્તૃત એવા ગાંધીજીના જીવનચરિત્રના પુસ્તકમાં સુમતિબહેનના સંગ્રહમાંના ઘણા ફોટોગ્રાફોનો ઉપયોગ થયો છે. આ જ રીતે વિવિધ રત્નો, કાષ્ઠકોતરણીના ઉમદા નમૂનાઓ, સંખ્યાબંધ ધાતુપ્રતિમાઓ, વિવિધ ઘાટરૂપનાં વાસણો, શિલ્પો-ચિત્રો, ભરતકામ, જરીકામ અને વણાટના નાનાવિધ નમૂનાઓ વગેરેનો મોટો કલાસંગ્રહ એમણે એકઠો કર્યો છે. એમાં દોઢસો જેટલી તો માત્ર પ્રકારપ્રકારની સૂડીઓ જં છે. અને આ બધું માત્ર સંઘરવા ખાતર એમણે એકઠું કર્યું નથી, એ બધાંનો એમને અભ્યાસ પણ છે. સંખ્યાબંધ અપ્રાપ્ય કલાગ્રંથો પણ એમની પાસે છે.

મુંબાઈમાં નાળિયેળીથી આચ્છાદિત જુહુ કિનારે 'ગાંધીગ્રામ' નામની જાગીરમાં ૭૨ વર્ષના જૂના એક સમૃદ્ધ આવાસ 'પ્રામવન'માં તેઓ રહે છે. પણ આટલાં સુખસાહ્યબી હોવા છતાં તેઓ નર્યું નિર્દંભ જીવન જીવે છે. વ્યવસાયમાં વ્યસ્ત રહેવાને કારણે તેઓ જાતે રસોઈ કરતાં નથી, પણ ઇચ્છે ત્યારે બધી જાતની મીઠાઈ, ફરસાણ કે સ્વાદિષ્ટ ભોજન બનાવી શકે છે અને કેટલીક વાર ભાગ્યવંત મહેમાનો એમના હાથથી રસોઈ પામે છે રસોઈની રોજિંદી વાનગીઓ તેઓ પોતે જ નક્કી કરે છે અને એ સુઘડતાથી પીરસવાની બબતમાં તો તેઓ બહુ જ ચીવટ રાખે છે. સૂવા માટેની એમની પથારી પણ પોચી-સુંવાળી નહિ પરંતુ સખત હોય છે.

એમને પોતાને કંઈ સંતાન ન હોઈ એમણે બે બાળકો—કિશોરી અને વ્રજરાજને દત્તક લીધાં છે. જીવદયામાં માનવા ઉપરાંત સામાજિક કાર્યો અને શિક્ષણમાં પણ એમને ઊંડો રસ છે. જુહુમાં એમણે એક શાળા પણ સ્થાપી છે, જ્યાં હવે એસ.એસ.સી સુધીનું ભણતર અપાય છે. અલબત્ત, આ શાળામાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે, છતાં ત્યાં વિદ્યાર્થીને આરંભથી જ ભારતીય સંસ્કૃતિનો પૂરતો પરિચય આપવામાં આવે છે. એ શાળાના મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે તેઓ બાળકોમાં ભારતીય સંસ્કાર ઉતારવાનાં ખાસ આગ્રહી રહે છે.

આમ, દેશની નારીશક્તિને પ્રેરણારૂપ એમની કારકિર્દી દેશને યે ગૌરવ અપાવે એવી તો છે જ, પણ નવેસરથી વિકસતા જતા ભારતીય વહાણવટાના ઈતિહાસ સાથે તો એમનું નામ અચૂક સતત સંકળાએલું રહેશે. એ વહાણવટું હજી વધુ કેમ વિકસે એ તેઓ સતત વિચારતાં રહે છે. સ્વતંત્રતા પછી, પંચવર્ષીય યોજનાઓ બાદ, રાષ્ટ્રની માલિકીનો એક જહાજવાડો ઊભો કરીને બીજા કે ત્રીજા વાડાની વાતો કરવા છતાં, અને સામુદ્રી તાલીમની મહાશાળા સ્થાપ્યા પછી તથા દેશના ધ્વજને દૂરદૂરના સાગરોમાં લહેરાવતાં થયા છતાં યે સંપૂર્ણતઃ દેશનાં જ જહાજોમાં આપણે મહાસાગરો ખેડવા જેટલા તૈયાર નથી થઈ શક્યાં એનો એમને રંજ છે. એવો દિવસ જલ્દી આવે એવું એમનું સ્વપ્ન છે. અને એ સ્વપ્ન સિદ્ધ કરવા તેઓ ચિરાયુ પામો એમ આપણે ઇચ્છીએ.



હરખજી માસ્તર



જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક-૮૭ રવિશંકર મ. રાવળ

૪૨૯ ઝંડુ-મિત્રો સાથે સમુદ્રસ્નાન

આ ઉનાળે મારે હવે રજા જેવું હતું નહિ ને કામધંધો જ કરવાનો હતો. સાન્ટાક્રુઝમાં મને ખૂબ ગોઠી ગયું હતું. પશ્ચિમની એક જ બારીમાંથી પણ દરિયા તરફનો પૂરતો ઠંડો પવન આખો દિવસ મળતો. બે દિવસ મુલાકાતો ને ખરીદી માટે બપોર પછી કે સાંજને સમયે ઠંડા મિજાજથી મુંબાઈનું ચક્કર મારતો મૈત્રીઓનો લહાવો લેતો.


જૂનના 'વીસમી સદી'ના અંકમાં હાજીએ ભારતની પ્રાચીન કળા વિષેનો મારો લેખ અગ્રભાગે મૂક્યો. તેનાં ચિત્રોમાં પ્રજ્ઞાપારમિતાનું શિલ્પ આર્ટ પ્લેટ પર છાપ્યું. લેખ સાથે અશોકસ્તંભ છાપ્યો. પ્રાચીન ભારતીય કળાને મારો એ પ્રથમ અર્ઘ્ય હતો. મહારાષ્ટ્રના સંસ્કાર-પરાયણ અને પ્રમુખ ગણાતા સામયિક 'મનોરંજન'માં તેનો અનુવાદ છપાયો અને તેની રૉયલ્ટી પણ મને મળી. ઝંડુ ફાર્મસીના સંચાલક મિત્રમંડળમાં દુર્ગાશંકરભાઈ શાસ્ત્રીને એ લેખ બહુ ગમ્યો, કેમ કે તેઓ પણ ભારતની પ્રાચીન ભવ્યતાના સ્તોત્રકાર હતા. તેમણે મને સહધર્મી માન્યો. ઝંડુ ફાર્મસીના એ મિત્રમંડળે મારો મોભો વધારી દીધો.

એક તહેવારની બપોરે ઝંડુ ફાર્મસીનું એ મિત્રપંચ મારી મહૂલી પર ઊતરી આવ્યું. ભગવાનલાલભાઈના હાથમાં 'કેસરી જીવન'ની એક બાટલી હતી. મને તે આપતાં કહ્યું: 'આ અમારી આયુર્વેદની પ્રસાદી હવે બજારમાં મુકાય છે. તમે જરા એનું શુકન કરો.' આવી અનન્ય સરળતાથી મુરબ્બી મિત્રો મારે ત્યાં મુલાકાતે આવ્યા તેથી મારા આનંદનો પાર નહોતો. એમના સ્વાગતની તૈયારી માટે પત્નીને સૂચના આપતો હતો ત્યાં જુગતરામભાઈએ કહ્યું: 'એ બધું પછી રાખો. અત્યારે સમુદ્રમાં ભરતી છે. એટલે અમે નક્કી કર્યું છે કે હમણાં સમુદ્રસ્નાન માટે જવું. જે કંઈ પંચિયાં-ટુવાલ ફાજલ પાડી શકો તે સાથે લઈ લો.'

મુંબાઈના પહેરેલા કોટ ઘર પર રાખી અમે ખેતરોની કેડીઓ પરથી પશ્ચિમમાં દેખાતાં તાડનાં ઝુંડમાં થઈ જુહુના સપાટ બીચ (સાગર-તીર) પર પહોંચ્યા ત્યારે સમુદ્રમાંથી લશ્કરની હરોળો પેઠે ચડતી ભરતીનાં મોજાંએ સૌનાં મનમાં બાળક જેવી આનંદોર્મિઓ છલકાવી દીધી. કપડાં બદલતાં જેને જે ફાવ્યું તે ટુવાલ કે પંચિયું પહેરી લીધું, અને સામે આવતાં માથોડા ઉપરનાં મોજાંઓને બાથ ભરતાં કૂદકા અને ડૂબકીઓની મજા હેલે ચડી. ભરતીની સાથે કોઈ કંપનીની બાટલી-ઓ પરનાં પરાળનાં રક્ષણાત્મક પૅકિંગ તણાઈ આવ્યાં. ભગવાનલાલ-ભાઇએ તેને નીચેથી પહોળું કરી ટોપીની જેમ માથે પહેરી લીધું. એનો ચેપ બીજાઓને લાગતાં વાર ન લાગી. જુગતરામભાઈ અને ધીરગંભીર શાસ્ત્રીજી, મોહનભાઇ ને મથુરભાઈ, ને હું પણ ખરો—સૌ પરાળનાં પૅકિંગની ટોપીઓ પહેરી, એકબીજાના હાથ પકડી, સમુદ્રજળમાં આ-ફ્રિકાના ઝુલુઓ જેવાં કુંડાળાં ફર્યા. દૃશ્ય વિરલ અને ઉન્માદભર્યું હતું. કલાક જેટલા સમય સુધી એ આનંદમસ્તી માણી, કપડાં બદલી અમે ઘર તરફ વળ્યા ત્યારે સ્મશાનેથી વળતા ડાઘુઓ જેવા લાગ્યા હોઈશું. મહૂલી પર શ્રીમતીએ સુખડી અને ચાની તૈયારી રાખી હતી. એ દિવસ અને એ મિત્રો આજ સુધી હૈયે વસી રહ્યા છે.

૪૩૦ રાષ્ટ્રીય શિક્ષણમાં કળાની ઉપેક્ષાની પ્રથમ ઝાંખી

અત્યાર સુધી હું ચિત્રકામને ભીંતોના શણગાર અને પુસ્તકોને સચિત્ર કરવા પૂરતું મહત્ત્વ આપતો હતો. પરંતુ મારા પાડોશી અને ગાઢ મિત્ર હરખજી માસ્તર શિક્ષક તરીકે ખૂબ અનુભવ પામ્યા હતા. શાળાઓ પરીક્ષાના વિષયો શીખવવા પૂરતું જ વિદ્યાર્થી પર ધ્યાન આપે છે અને સંસારવિજ્ઞાન કે પ્રકૃતિ કે કૌશલ્યોના વિષયમાં જરા પણ ગૌરવ કે સન્માનભાવ તેમનામાં ઉપજાવી શકી નથી એ વાતની ખટક તેમની વાતોમાં હમેશાં જણાતી. તે પોતે અંગ્રેજી ભણી શક્યા ન હતા, ન તો તેમને કુટુંબમાં કોઈ દોરવણી આપનાર મળેલું. તેમના બે ભાઈ-ઓએ સુરત નજીક હાંસોટ ગામમાં મીઠાઈની દુકાન કરેલી, તે આ-બાદીમાં હતા. હરખજી માસ્તર શિક્ષક થયા એટલે નસીબ મુંબાઈમાં ખેંચી લાવ્યું. સ્વભાવે ઘણા સત્યપ્રેમી, સ્વમાની અને અભ્યાસી જીવ હતા. તેમણે કોઈ મિત્રની સહાયથી બંગાળી ભાષાનું જ્ઞાન મેળવી લીધું હતું અને પોતાના આનંદ ખાતર બંગીય વિદ્વાન રાખાલદાસ બૅનર્જીની 'શશાંક' નામની પ્રાચીન ભારત પરની નવલકથા વાંચતા અને તેનો અનુવાદ મને કહેતા. તેમાંનાં આર્ય સંસ્કૃતિ અને સંસ્કારો ભર્યાં ઊર્મિ-સભર પાત્રોનાં શબ્દચિત્રો મને મુગ્ધ કરતાં. એમને હું એકવાર હાજી-મહમ્મદ પાસે લઈ ગયો. તેમનો અભ્યાસ અને ઉમંગ જોઈ હાજીએ



ઝંડુ મિત્રો સાથે સમુદ્રસ્નાન

જઈને બેઠા જેના પર કાલ બેઠા હતા. પ્લેટફૉર્મ પર લોકોની અવર-જવર હજી શરૂ નહોતી થઈ. ધીરેધીરે લોકો આવતા હતા.

થોડી વાર સુધી સરદારજી કંઈ બોલ્યા નહિ. રેલના પાટા ભણી જોતા રહ્યા. પછી એમણે કહ્યું: 'ભૂપીન્દર ફ્રન્ટ પર ગયો ત્યારે એની ટ્રેઈન આ પાટા પરથી જ ગઈ હતી. કેટલાક જવાન હતા ટ્રેઈનમાં. કોને ખબર એમાંથી કેટલા ઘેર પાછા ફર્યા...'

તો ભૂપીન્દર યુદ્ધના મેદાન પર ખપી ગયો હતો!

મને એ દિવસો યાદ આવ્યા જ્યારે લડાઈ ચાલતી હતી. એક કેવી ગરમી હતી, કેવું જોશ હતું રગોમાં. રોજ સવારે ઊઠીને હું આખા ઘરને છાપામાં આવેલા તાજા સમાચાર વાંચી સંભળાવતો. અમારું કોઈ સગું તો ફોજમાં નહોતું. અમારે ઘેરથી કદી કોઈ યુદ્ધમાં ગયું નથી. પણ છતાં મરી ગએલા જવાનોનું દરેક લિસ્ટ વાંચી જતો. મારી પત્નીએ પણ, ત્યારે મને પૂછવાની પણ જરૂરત જોયા વિના, રાષ્ટ્રીય ફંડમાં એની પાસે હતી એ બે સોનાની બંગડીઓ આપી દીધેલી. એક રાતે મેં એને કહ્યું કે જો કૉન્સ્ક્રિપ્શન આવે તો હું ફોજમાં ભરતી થઈ જઈશ. એ શહીદની વિધવા કહેવાશે. એણે એમ ન કહ્યું કે એવી અશુભ વાત ન કરો. આજે જો હું એને કહું છું કે મોટા શહેરમાં ક્યારે મોત આવી જાય કોને ખબર—ગાડીની અડફેટમાં આવી જવાય કે ટ્રેઈનને અકસ્માત...તો એ તરત મારા મોં આડો હાથ ધરી દે છે.

'ઘેર જઈને મેં મારી પત્નીને વાત કરી હતી. એ કોઇના ય મૃત્યુ-ની વાત સાંભળીને નર્વસ થઈ જાય છે.' મેં કહ્યું.

'સ્ત્રીઓ જલદી નર્વસ થાય છે.'

'મારી પણ આદત છે કે જીવનમરણના પ્રશ્નો પર ગંભીરતાપૂર્વક વિચાર કરવા લાગું છું-મને પોતાને લઈને પ્રશ્નો ઉઠાવું છું. પત્ની કહે છે, અશુભ વાતો મનમાં ન લાવવી. એ તો ચિંતિત થઈ ઊઠે છે-'

'ગોઝારી પળો જીવનમાં આવે જ છે—ન ઇચ્છવા છતાંય. તું તો જુવાન છો. મારો ભૂપીન્દર પણ તારી ઉંમરનો હતો.'

'હું પત્નીને કહું છું મૃત્યુની વાત ન કરવાથી મૃત્યુ ટળી નથી જતું.'

'હું પણ એ જ કહું છું...' હું સરદારજી સામે જોઈ રહ્યો. એમની વૃદ્ધ દાઢીના સફેદ વાળ ફરફરતા હતા. હોઠ બીડેલા હતા. નાક સીધું હતું. આંખો સીધી મારી આંખોમાં જોતી હતી. મૃત્યુ જેના ઘરમાં આવ્યું હોય છે એ તો મૃત્યુને ન છંછેડવા જેવું કંઈક ગણીને જાણે એનો ઉલ્લેખ જ ટાળવા માગે છે; જ્યારે આ માણસ વાત કરવા માગતો હતો!

મેં કહ્યું: 'તમે લોકો બીજા મહોલ્લામાં જતા રહ્યા પછી તો ભૂપી-ન્દરને મારે મળવાનું બન્યું જ નહિ. મને એના વિષે જાણવાની ખૂબ ઇચ્છા છે. એ યુદ્ધમાં ક્યારે ગયો, ક્યાં ક્યાં લડ્યો, એનું મૃત્યુ શી રીતે થયું...મને એના વિષે બધું કહો, પ્લીઝ.'

અને એકાએક સરદારજી બોલવા લાગ્યા–પોતાના પુત્ર વિષે. ઘર આજાર પત્ની આગળ પુત્રનો ઉલ્લેખ ભાગ્યે જ થતો હતો. ગળે ડૂમો બાઝી આવતો. બે ચાર દર્દભર્યા શબ્દોથી વાત આગળ નહોતી વધી શકતી. એકબીજાને દિલાસાના બે અક્ષર કહીને જબાન થંભી જતી હતી. મારી આગળ જબાન એક સ્રોતની જેમ વહી નીકળી.

હું હથેળી પર દાઢી ટેકવીને, સરદારજી સામે અપલક નજરો માંડી સાંભળી રહ્યો. પાંચ-ત્રેપન હવે નહિ પકડું, સાત દશમાં જઈશ. પત્ની ચીડાશે. એની સાથે બહાર જવાનો પ્રોગ્રામ કર્યો છે, એટલે એને સર-દારજીની વાત કહીશ તો એ સામી ગરજશે કે આખી દુનિયા સાથે દિલસોજી છે, એક હું જ નજરમાં નથી.

ભૂપીન્દરનો પહેલો પત્ર દિલ્હીથી આવ્યો હતો. બીજો અમૃતસર-થી. અને છેલ્લો ફ્રન્ટ પરથી. છેલ્લામાં એણે લખ્યું હતું કે પહેલી સ-વારે અમારી ટુકડી હુમલો કરશે. એ પછી ભૂપીન્દરની લાશ આવી હતી જેને લેવા સરદારજી દિલ્હી ગયા હતા. પુત્ર મરી ગયો એ દિવસ-થી પત્નીને લકવો પથારીવશ કરી ગયો. સરદારની હજી બિછાનામાં જ હતી. એ દિવસોમાં લોકો એમની પાસે આવતા હતા. હવે સૌ પોતપોતાને કામે લાગી ગયા છે.

એમણે અંદરના ખિસ્સામાંથી સાવચેતીપૂર્વક ગડી કરેલો પુરાણો કાગળ કાઢ્યો. ભૂપીન્દરના કમાન્ડિંગ અફસરનો પત્ર હતો. પુત્રની બહાદુરીની સરાહના હતી. એ એક ટૅન્ક ઉડાડતાં માર્યો ગએલો. ભૂપીન્દરે લખ્યા હતા એ પત્ર પણ કાઢ્યા. વાંચતા ગયા. એકએક લીટી વાંચીને મારી સામે એ રીતે જોતા, જાણે કહેતા હોય: જોયું, મારો બેટો કેવી બહાદુરીભરી વાતો લખતો હતો. પત્ર પૂરા થયા એટલે સરદારજી અટક્યા. ગળે થૂક ઉતાર્યું. પત્રને ગડી કરીને કોઈ કીમતી દસ્તાવેજ હોય એમ અંદરના ખિસ્સામાં પાછા મૂકી દીધા.

મેં કહ્યું: 'તમે કહો. મને ભૂપીન્દર વિષે વધુ—બધું કહો.'

એ કહેતા ગયા. ઘણી વાતો હતી: ભૂપીન્દરના બાળપણની, યુવા-વસ્થાની, એના મૃત્યુના ખબર આવ્યા એ દિવસની. એ દિવસે સર-દારજી અને સરદારની એમના એક વ્યાપારી સંબંધીને ત્યાં પાર્ટીમાં જવાની તૈયારી કરી રહ્યાં હતાં. સવારે સરદારજીની આંખ ફરકી હતી. મન બેચેન હતું. આમ તો એ દિવસોમાં આશંકા હર પળે બની રહેતી. કોને ખબર ક્યારે અશુભ સમાચાર આવી પહોંચે! મન પરનો બોજ થોડો હલકો પડશે એમ માની પાર્ટીમાં જવાનું ઠરાવ્યું હતું. સરદાર-નીએ આસમાની કમીજ સુરવાલ પહેરવા કાઢેલાં. ભૂપિને બહુ ગમતાં. એ હમેશાં કહેતો: મા, આ આસમાની રંગ તારા પર ખૂબ ઓપે છે! ઘંટડી વાગી. બારણું ખોલ્યુ. તારવાળાને જોતાં જ દિલ બેસી ગયું.

આ બધું કહેતી વખતે સરદારનો સ્વર ભાવુક નહોતો. કોઈ અતિ મહત્ત્વની વાત કહેતા હોય એવો ગંભીર હતો—પોતાના જ માણસને કહેવાય એવી વાત. અમારી વચ્ચે ભૂતકાળના પડોસી હોવાનો એક-માત્ર નાતો હતો. પણ ત્યારે ન તો એમણે મને કદી બોલાવ્યો હતો, ન મેં કોઈ વાતચીત કરી હતી. વચ્ચે દશ વર્ષની ખાલી જગ્યા ગઈ હતી જેમાં અમારી મુલાકાત થઈ જ નહોતી. ઉંમરને જરિયે સરદારજી મારા પિતાની ઉંમરના હતા એટલે અમારા બેઉ વચ્ચે મિત્રતાનો કોઈ સવાલ ઊઠતો નહોતો. અને છતાં જાણે અમે અત્યારે એકબીજાની ખૂબ નજદીક આવી ગયા હતા. આ એક કઈ જાતનો સંબંધ એકાએક બંધાઈ ગયો હતો? એને બાંધનારો તાંતણો કયો હતો? ભૂપીન્દર? મારા મનમાં પણ મૃત્યુની વાતો ઊઠતી હતી...

હું કહું છું: 'હઠાત આવી પહોંચતા મૃત્યુ પાછળ ઘણી વખત આશ્ચર્ય પમાડે એવી સૂચક ઘટનાઓ પણ હોય છે. નિંદરમાં જ મૃત્યુ પામતો માણસ આગલી રાતે સૂતાં પહેલાં ઘરમાં નાનાં-મોટાં બધાંને જુહાર કહેતો જાય છે. પતંગ ચગાવતાં છાપરા પરથી પડ્યો એ છોકરાનો એ જ તો જન્મદિવસ પણ હતો...જે ભૂપીન્દરને બહુ પસંદ હતાં એ કમીજ-સલવાર જ સરદારનીએ પણ પહેરવા કાઢેલાં!'

સરદારજી કહે છે: 'હા, એ જ કાઢ્યાં હતાં! કોણ જાણે ક્યાંથી એને એ દિવસે એ જ કાઢવાનું મન થયું!'

વાતો થતી જ રહી. કોઈ પણ પ્રકારની રોકટોક નહોતી. બેઉ એકાકી હતા. મૃત્યુ અમારા માટે અશુભ વિષય નહોતો. હું પણ ખૂલીને મૃત્યુ પર બોલી રહ્યો હતો. સરદારજીનો એકનો એક જુવાનજોધ દીકરો માર્યો ગયો હતો એ જાણે વિસ્મરણ થઈ ગયું. અલબત્ત, અમારા વાર્તાલાપનો

★ બંદૂકનું બગડ્યું ચૉકલેટથી સુધરે :

સરદારજી

★ લેખક
લલિતકુમાર બક્ષી

પાંચ-ત્રેપનવાળી લોકલ હજી આવી નહોતી. રોજિંદી ટેવ પ્રમાણે એની રાહ જોતો હું પ્લૅટફૉર્મ પર આંટા મારી રહ્યો હતો. આસપાસ લોકોની પરિચિત ભીડ હતી. રોજ જોતો એ ચહેરા મારી આગળથી પસાર થતા હતા. કલાર્કો, ઑફિસ-ગર્લ્સ, ભિખારીઓ... હું બેધ્યાન ટહેલતો રહ્યો. એકાએક મારી નજર સરદારજી પર પડી. એ એક બેન્ચ પર બેઠા હતા.

અમારા મહોલ્લામાં સરદારજી બેએક વર્ષ રહ્યા હતા. સવારે નોકરીએ જતા અને સાંજે ઘેર પાછા ફરતા ત્યારે અમારા આંગણા આગળથી પસાર થતા. કોઈકોઈ વખત બપોરે સરદારજીની પત્ની મારી મા પાસે બેસવા આવતી. સરદાર સાથે વાત કરવાનો ભાગ્યે જ કોઈ પ્રસંગ પડ્યો હશે. એ મારા પિતાજીની ઉમરના હતા. એમનો એક દીકરો હતો: ભૂપીન્દર. મહોલ્લામાં અમારી એક ક્રિકેટ-ટીમ હતી તેમાં ભૂપીન્દર રમવા આવતો. પછી તો એ લોકો કોઈ બીજા મહોલ્લામાં રહેવા જતાં રહ્યાં અને એમને અમે ભૂલી પણ ગયાં.

નજર પડતાં જ મેં સરદારજીને આટલાં વર્ષે પણ તરત ઓળખી લીધા. પહેલાં તો સરદારજીનું શરીર હૃષ્ટપુષ્ટ હતું. ચહેરો સુર્ખ હતો. મોટી મોટી આંખો. કાળી દાઢી. દાઢીને નેટમાં બહુ ચીવટપૂર્વક બાંધતા. આજે જોયા તો ચહેરો સાવ સુકાઈ ગએલો લાગ્યો. દાઢીના બધા વાળ સફેદ થઈ ગયા હતા. પાતળા વાળ હવાની હલકી લહેરોમાં કંપી ઊઠતા હતા.

હું આંટા મારતો અટકીને ધ્યાનપૂર્વક એમને જોઈ રહ્યો. એમની નજર મારી તરફ નહોતી. બેન્ચની પીઠ પર એક હાથ લટકતો હતો. બીજો પણ એવો જ ઢીલો, બેન્ચના હાથા પર હતો. ગરદન જમણી તરફ જરા ઝૂકેલી હતી. ધ્યાનથી ન જુએ તો માણસ ઝોકું ખાઈ રહ્યો છે એમ લાગે. એમની આંખો, સામે દોડી જતા રેલના પાટા પર મંડાઈ હતી. એમની નજર મને ખોયીખોયી લાગી. થયું, જૂની ઓળખાણ તાજી કરું.

'એક્સક્યુઝ મી સર... આપ હી તો સરદાર શાર્દુલસીંગ હૈ ન? મેરા મતલબ કી આઠ દશ સાલ પહલે આપ મહોલ્લા દરીબામેં...'

એક પળ મને લાગ્યું કે હું ભૂલ કરી બેઠો છું. ભળતા ચહેરા પણ હોય છે. સરદારના કપાળ પર વક્ર રેખાઓ ઊપસી આવી ને પછી એ અદૃશ્ય થઈ ગઈ. જૂની, પરિચિત મુસ્કાન હોઠો પર આવી સરદારે મને હાથ પકડીને પોતાની બાજુમાં બેસાડી દીધો. 'અરે તુમ, મોહન?'

સરદારજી જ હતા. મેં ભૂલ નહોતી કરી. એમણે પણ મને ઓળખી લીધો હતો. એમણે પૂછ્યું, 'અહીં ક્યાંથી?'

મેં કહ્યું 'આજકાલ અહીં શહેરમાં નોકરી કરું છું. રોજ સાંજે અહીંથી પાંચ-ત્રેપન પકડું છું.'

'અચ્છા—પહેલાં તો કદી જોયો નહિ.'

'સાંજે પ્લૅટફૉર્મ પર બહુ ભીડ રહે છે. આટલા બધા લોકોમાં–'

'હા, હા... ઘેર બધાં મજામાં છે? પિતાજી, માતાજી, ભાઈઓ અને બહેનો? તમે હજી એ મહોલ્લામાં જ રહો છો?'

'જી, હા. વર્ષો વીતી ગયાં એ જ મહોલ્લામાં. માત્ર મારે રોજ શહેરમાં આવ-જા કરવી પડે છે, નોકરી અહીં રહી એટલે. આપને ત્યાં સૌ મજામાં ને? આપ હાલ ક્યાં રહો છો?'

'અહીં જ. અહીં સ્ટેશન પાસે એક મકાન મળ્યું છે. રોજ સાંજે પ્લૅટફૉર્મ પર આવું છું. એકાદ કલાક બેન્ચ પર બેસું છું.'

લોકોની ભીડ હવે વધી હતી. પાંચ-ત્રેપન હવે આવતી જ હશે. હું ઊભો થયો. 'લોકલ આવતી લાગે છે.' મેં કહ્યું: 'અચ્છા, હવે રજા લઉં. ભૂપીન્દરને મારી યાદ આપજો.' સરદારજીનો સ્વર લથડ્યો: 'ભૂપીન્દર તો... ઉપરવાળાને પ્યારો થઈ ગયો!'

'ચ્ચ... આઈ એમ સૉરી. મને માફ કરજો. મને ખબર નહોતી.'

લોકલ બે મિનિટ જ ઊભી રહે છે. લોકોનો રોજિંદો ધસારો થયો. મારે પણ દોડ્યા વિના ચાલે એમ નહોતું. મને ઇચ્છા થઈ કે પૂછું ભૂપીન્દરને શું થયું હતું. પણ વધુ વાતચીત થઈ ન શકી. સરદારજીએ મારી સામે જોયું. મારો હાથ પકડીને મને વિદાય આપી: 'ફરી જરૂર મળજે. જૂના મિત્રો મળી જાય છે તો દિલને કેટલો આનંદ થાય છે: ભાગ્યે જ તો કોઈથી મુલાકાત થતી હોય છે...'

'જરૂર મળીશ, સરદારજી... ને મને માફ કરશો. મને ભૂપીન્દર બાબત ખબર નહોતી...' હું દોડીને લોકલમાં ચઢી ગયો. સીટી મારી ટ્રેઇન ચાલવા માંડી. મેં સરદારજીને ઊભા થતાં જોયા. ધીમે પગલે એ પ્લૅટફૉર્મના દરવાજા ભણી વળી ગયા.

ટ્રેઇનમાં પણ મને સરદારજીના વિચાર આવ્યા. બીચારાનો એકનો એક દીકરો આ ઉમરે જતો રહ્યો. એનું જ દુઃખ એના ચહેરા પર હતું. ઘેર પહોંચીને કોટ ઉતારતાં મેં પત્નીને કહ્યું: 'આજે તો અચાનક આપણા એક જૂના પાડોશીથી મુલાકાત થઈ ગઈ. દશ વર્ષ પહેલાં આ મહોલ્લામાં એક સરદારજી રહેતા હતા. સ્ટેશન પર મળી ગયા. મેં જોતાં જ ઓળખી લીધા. દશકામાં તો સાવ જઈફ થઈ ગયા છે...'

અને જમતાં જમતાં મેં પત્નીને કહ્યું: 'સરદારજીનો એકનો એક દીકરો ભૂપીન્દર મરી ગયો. શી રીતે મરી ગયો એ પૂછવાનો વખત ન રહ્યો. ટ્રેઇન આવી પહોંચી હતી.'

એણે પૂછ્યું: 'દાળ વધુ લેશો?'

હું વિસ્મિત નજરે એની સામે જોઈ રહ્યો. એક માણસનો જુવાનજોધ પુત્ર મરી ગયાની વાત કરું છું. એના વૃદ્ધત્વનો સહારો લૂંટાઈ ગયો, અને આ સ્ત્રીના મોંમાંથી સહાનુભૂતિનો એક સ્વર પણ નીકળતો નથી. એ પૂછે છે કે હું વધુ દાળ લઈશ યા નહિ!

અમારે પણ એક પુત્ર છે. બે વર્ષનો. ઘરમાં બીજું બાળક નથી એટલે આખા ઘરનો પ્યાર એના પર ઊલટ્યો છે. હું કહું છું: 'આપણા દૂનૂને કંઈ થઈ જાય તો—' પત્ની એકદમ ગુસ્સે થઈ જાય છે: 'આ શી આદત પડી છે? જ્યારે ત્યારે આવી જ વાતો?!'

હું ફરી એવી વાત નથી બોલતો. પત્નીને એથી દુઃખ પહોંચે છે. પણ દૂનૂનો ઉલ્લેખમાત્ર કરવાથી ચિંતિત થઈ જતો એનો ચહેરો જોઈને સરદારજીનો મુરઝાએલો ચહેરો ફરી યાદ આવી જાય છે.

બીજે દિવસે પાંચ-ત્રેપન માટે સ્ટેશન પહોંચ્યો એવી જ નજર સરદારજી પર પડી. એ રોજિંદી બેન્ચ પર નહોતા. પણ મારે દાખલ થવાના ગેઈટ પાસે ઊભા હતા. મને લાગ્યું કે મારા આવવાનો ઇંતેજાર કરી રહ્યા હતા. પાંચ-ત્રેપન પછી બીજી ટ્રેઇન સાત દશે છે. ઘેર પહોંચતાં કલાક ઉપર લાગે છે. પત્નીએ રાત્રે એક મિત્રને ત્યાં જવાનો પ્રોગ્રામ બનાવ્યો હતો. સરદારજીએ મારા ખભા પર હાથ મૂકીને કહ્યું: 'તુમ સે બાતેં કરની હૈ... તુમ્હેં દેર તો નહીં હોગી.?'

મેં કહ્યું—કહેવાઈ ગયું: 'કોઈ હરજ નહિ.' અમે એ જ બેન્ચ પર

જઈને બેઠા જેના પર કાલ બેઠા હતા. પ્લેટફૉર્મ પર લોકોની અવર-જવર હજી શરૂ નહોતી થઈ. ધીરેધીરે લોકો આવતા હતા.

થોડી વાર સુધી સરદારજી કંઈ બોલ્યા નહિ. રેલના પાટા ભણી જોતા રહ્યા. પછી એમણે કહ્યું : 'ભૂપીન્દર ફ્રન્ટ પર ગયો ત્યારે એની ટ્રેઈન આ પાટા પરથી જ ગઈ હતી. કેટલાક જવાન હતા ટ્રેઈનમાં. કોને ખબર એમાંથી કેટલા ઘેર પાછા ફર્યા...'

તો ભૂપીન્દર યુદ્ધના મેદાન પર ખપી ગયો હતો!

મને એ દિવસો યાદ આવ્યા જ્યારે લડાઈ ચાલતી હતી. એક કેવી ગરમી હતી, કેવું જોશ હતું રગોમાં. રોજ સવારે ઊઠીને હું આખા ઘરને છાપામાં આવેલા તાજા સમાચાર વાંચી સંભળાવતો. અમારું કોઈ સગું તો ફોજમાં નહોતું. અમારે ઘેરથી કદી કોઇ યુદ્ધમાં ગયું નથી. પણ છતાં મરી ગએલા જવાનોનું દરેક લિસ્ટ વાંચી જતો. મારી પત્નીએ પણ, ત્યારે મને પૂછવાની પણ જરૂરત જોયા વિના, રાષ્ટ્રીય ફંડમાં એની પાસે હતી એ બે સોનાની બંગડીઓ આપી દીધેલી. એક રાતે મેં એને કહ્યું કે જો કૉન્સ્ક્રિપ્શન આવે તો હું ફોજમાં ભરતી થઈ જઈશ. એ શહીદની વિધવા કહેવાશે. એણે એમ ન કહ્યું કે એવી અશુભ વાત ન કરો. આજે જો હું એને કહું છું કે મોટા શહેરમાં ક્યારે મોત આવી જાય કોને ખબર—ગાડીની અડફેટમાં આવી જવાય કે ટ્રેઈનને. અકસ્માત...તો એ તરત મારા મોં આડો હાથ ધરી દે છે.

'ઘેર જઈને મેં મારી પત્નીને વાત કરી હતી. એ કોઇના ય મૃત્યુની વાત સાંભળીને નર્વસ થઈ જાય છે.' મેં કહ્યું.

'સ્ત્રીઓ જલદી નર્વસ થાય છે.'

'મારી પણ આદત છે કે જીવનમરણના પ્રશ્નો પર ગંભીરતાપૂર્વક વિચાર કરવા લાગું છું-મને પોતાને લઈને પ્રશ્નો ઉઠાવું છું. પત્ની કહે છે, અશુભ વાતો મનમાં ન લાવવી. એ તો ચિંતિત થઈ ઊઠે છે-'

'ગોઝારી પળો જીવનમાં આવે જ છે—ન ઇચ્છવા છતાંય. તું તો જુવાન છો. મારો ભૂપીન્દર પણ તારી ઉંમરનો હતો.'

'હું પત્નીને કહું છું મૃત્યુની વાત ન કરવાથી મૃત્યુ ટળી નથી જતું.'

'હું પણ એ જ કહું છું...' હું સરદારજી સામે જોઈ રહ્યો. એમની વૃદ્ધ દાઢીના સફેદ વાળ ફરફરતા હતા. હોઠ બીડેલા હતા. નાક સીધું હતું. આંખો સીધી મારી આંખોમાં જોતી હતી. મૃત્યુ જેના ઘરમાં આવ્યું હોય છે એ તો મૃત્યુને ન છંછેડવા જેવું કંઈક ગણીને જાણે એનો ઉલ્લેખ જ ટાળવા માગે છે; જ્યારે આ માણસ વાત કરવા માગતો હતો!

મેં કહ્યું : 'તમે લોકો બીજા મહોલ્લામાં જતા રહ્યા પછી તો ભૂપીન્દરને મારે મળવાનું બન્યું જ નહિ. મને એના વિષે જાણવાની ખૂબ ઇચ્છા છે. એ યુદ્ધમાં ક્યારે ગયો, ક્યાં ક્યાં લડયો, એનું મૃત્યુ શી રીતે થયું...મને એના વિષે બધું કહો, પ્લીઝ.'

અને એકાએક સરદારજી બોલવા લાગ્યા-પોતાના પુત્ર વિષે. ઘેર બીમાર પત્ની આગળ પુત્રનો ઉલ્લેખ ભાગ્યે જ થતો હતો. ગળે ડૂમો બાઝી આવતો. બે ચાર દર્દભર્યા શબ્દોથી વાત આગળ નહોતી વધી શકતી. એકબીજાને દિલાસાના બે અક્ષર કહીને જબાન થંભી જતી હતી. મારી આગળ જબાન એક સ્રોતની જેમ વહી નીકળી.

હું હથેળી પર દાઢી ટેકવીને, સરદારજી સામે અપલક નજરો માંડી સાંભળી રહ્યો. પાંચ-ત્રેપન હવે નહિ પકડું, સાત દશમાં જઈશ. પત્ની ચીડાશે. એની સાથે બહાર જવાનો પ્રોગ્રામ કર્યો છે, એટલે એને સરદારજીની વાત કહીશ તો એ સામી ગરજશે કે આખી દુનિયા સાથે દિલસોજી છે, એક હું જ નજરમાં નથી.

ભૂપીન્દરનો પહેલો પત્ર દિલ્હીથી આવ્યો હતો. બીજો અમૃતસરથી. અને છેલ્લો ફ્રન્ટ પરથી. છેલ્લામાં એણે લખ્યું હતું કે વહેલી સવારે અમારી ટુકડી હુમલો કરશે. એ પછી ભૂપીન્દરની લાશ આવી હતી જેને લેવા સરદારજી દિલ્હી ગયા હતા. પુત્ર મરી ગયો એ દિવસથી પત્નીને લકવો પથારીવશ કરી ગયો. સરદારની હજી બિછાનામાં જ હતી. એ દિવસોમાં લોકો એમની પાસે આવતા હતા. હવે સૌ પોતપોતાને કામે લાગી ગયા છે.

એમણે અંદરના ખિસ્સામાંથી સાવચેતીપૂર્વક ગડી કરેલો પુરાણો કાગળ કાઢયો. ભૂપીન્દરના કમાન્ડિંગ અફસરનો પત્ર હતો. પુત્રની બહાદુરીની સરાહના હતી. એ એક ટૅન્ક ઉડાડતાં માર્યો ગએલો. ભૂપીન્દરે લખ્યા હતા એ પત્ર પણ કાઢયા. વાંચતા ગયા. એકએક લીટી વાંચીને મારી સામે એ રીતે જોતા, જાણે કહેતા હોય : જોયું, મારો બેટો કેવી બહાદુરીભરી વાતો લખતો હતો. પત્ર પૂરા થયા એટલે સરદારજી અટકયા. ગળે થૂક ઉતાર્યું. પત્રને ગડી કરીને કોઈ કીમતી દસ્તાવેજ હોય એમ અંદરના ખિસ્સામાં પાછા મૂકી દીધા.

મેં કહ્યું : 'તમે કહો. મને ભૂપીન્દર વિષે વધુ—બધું કહો.'

એ કહેતા ગયા. ઘણી વાતો હતી : ભૂપીન્દરના બાળપણની, યુવાવસ્થાની, એના મૃત્યુના ખબર આવ્યા એ દિવસની. એ દિવસે સરદારજી અને સરદારની એમના એક વ્યાપારી સંબંધીને ત્યાં પાર્ટીમાં જવાની તૈયારી કરી રહ્યાં હતાં. સવારે સરદારજીની આંખ ફરકી હતી. મન બેચેન હતું. આમ તો એ દિવસોમાં આશંકા હર પળે બની રહેતી. કોને ખબર ક્યારે અશુભ સમાચાર આવી પહોંચે! મન પરનો બોજ થોડો હલકો પડશે એમ માની પાર્ટીમાં જવાનું ઠરાવ્યું હતું. સરદારનીએ આસમાની કમીજ સુરવાલ પહેરવા કાઢેલાં. ભૂપિને બહુ ગમતાં. એ હમેશાં કહેતો : મા, આ આસમાની રંગ તારા પર ખૂબ ઓપે છે! ઘંટડી વાગી. બારણું ખોલ્યું. તારવાળાને જોતાં જ દિલ બેસી ગયું.

આ બધું કહેતી વખતે સરદારનો સ્વર ભાવુક નહોતો. કોઈ અતિ મહત્ત્વની વાત કહેતા હોય એવો ગંભીર હતો—પોતાના જ માણસને કહેવાય એવી વાત. અમારી વચ્ચે ભૂતકાળના પડોસી હોવાનો એકમાત્ર નાતો હતો. પણ ત્યારે ન તો એમણે મને કદી બોલાવ્યો હતો, ન મેં કોઈ વાતચીત કરી હતી. વચ્ચે દશ વર્ષની ખાલી જગ્યા ગઈ હતી જેમાં અમારી મુલાકાત થઈ જ નહોતી. ઉંમરને જરિયે સરદારજી મારા પિતાની ઉંમરના હતા એટલે અમારા બેઉ વચ્ચે મિત્રતાનો કોઈ સવાલ ઊઠતો નહોતો. અને છતાં જાણે અમે અત્યારે એકબીજાની ખૂબ નજદીક આવી ગયા હતા. આ એક કઈ જાતનો સંબંધ એકાએક બંધાઈ ગયો હતો? એને બાંધનારો તાંતણો કયો હતો? ભૂપીન્દર? મારા મનમાં પણ મૃત્યુની વાતો ઊઠતી હતી...

હું કહું છું : 'હઠાત આવી પહોંચતા મૃત્યુ પાછળ ઘણી વખત આશ્ચર્ય પમાડે એવી સૂચક ઘટનાઓ પણ હોય છે. નિંદરમાં જ મૃત્યુ પામતો માણસ આગલી રાતે સૂતાં પહેલાં ઘરમાં નાનાં-મોટાં બધાંને જુહાર કહેતો જાય છે. પતંગ ચગાવતાં છાપરા પરથી પડયો એ છોકરાનો એ જ તો જન્મદિવસ પણ હતો...જે ભૂપીન્દરને બહુ પસંદ હતાં એ કમીજ-સલવાર જ સરદારનીએ પણ પહેરવા કાઢેલાં!'

સરદારજી કહે છે : 'હા, એ જ કાઢયાં હતાં! કોણ જાણે કયાંથી એને એ દિવસે એ જ કાઢવાનું મન થયું!'

વાતો થતી જ રહી. કોઈ પણ પ્રકારની રોકટોક નહોતી. બેઉ એકાકી હતા. મૃત્યુ અમારા માટે અશુભ વિષય નહોતો. હું પણ ખૂલીને મૃત્યુ પર બોલી રહ્યો હતો. સરદારજીનો એકનો એક જુવાનજોધ દીકરો માર્યો ગયો હતો એ જાણે વિસ્મરણ થઈ ગયું. અલબત્ત, અમારા વાર્તાલાપનો

આરંભ ભૂપીન્દરથી થયો હતો. સરદારજીનું પોતાનું દુઃખ ભૂપીન્દરના મૃત્યુ સાથે સંકળાએલું હતું. પણ એ ભય હવે જાણે ગૌણ બની ગયો હતો. મન પર વર્ષોના મેલ ચડયો હતો. મેલ ઊતરતાં માણસ જેવો હલકો ફૂલ મહસૂસ કરે એવા અમે વાતો કરીને હલકા હલકા થતા જતા હતા.

પાંચ ત્રેપન તો કયારની જતી રહી હતી. સાત-દશ પ્લૅટફૉર્મમાં દાખલ થઈ. એની સીટીએ અને ફુત્કારે અમને જગાડ્યા. સરદારજીએ ચમકીને મારા હાથ પર હાથ મૂકયો અને કહ્યુ: 'બહુ મોડું થઈ ગયું. તારી પત્ની રાહ જોતી હશે. ચિંતા કરતી હશે...'

ઘેર પહોંચ્યો તો ટ્નૂ બારણામાં જ ઊભો હતો. મને જોતાં જ હસતો-દોડતો બહાર આવ્યો. મારા પગ પકડીને વળગી પડયો. એની કાલીકાલી ભાષામાં કશું કહી રહ્યો હતો. પાછળ પત્ની ઊભી હતી મોડો આવ્યો હતો માટે એની આંખોમાં ઠપકો હતો. પણ ઘેર આવી પહોંચ્યો હતો એટલે હવે ચિંતા નહોતી. મારા જીવનમાં શું કમી છે? પત્ની છે. બાળક છે. હજી કોઈ ધક્કો લાગ્યો નથી. કોઈ ખૂણો ખાલી નથી પડયો. પણ મજલનો કાફી લાંબો હિસ્સો કાપવો બાકી છે. કોણ કહી શકે-?

ભૂપીન્દરની જેમ મારું મૃત્યુ પણ આવી પહોંચે તો? વીજળીના ઝબકારાની જેમ વિચાર મનને કોચી ગયો. અશુભ કલ્પના! સામે પત્ની ઊભી હતી. મેં એ તરફથી મનને વાળી લીધું. હું પત્ની સામે જોઇને હસ્યો અને મેં ટ્નૂને ઉપાડી લીધો.

પ્લૅટફૉર્મ પર આવું છું ત્યારે બેન્ચ પર નજર પડી જ જાય છે. સવારે ખાલી પડી હોય છે. છતાં નજર બેન્ચ પર ફર્યા વિના રહેતી નથી. પ્લૅટફૉર્મ જ 'મીટિંગ પ્લેઈસ' છે. એથી આગળ મળવાની કોશિશ અમારા બેમાંથી કોઈ નથી કરતું. કરવાની જરૂરત નથી. જિંદગી એની રફતારે બઢી રહી છે. અમે પણ જિંદગીના પ્રવાહમાં વહી રહ્યા છીએ.

'કાલે રજા છે. પત્નીને, ટ્નૂને લઇને મૅટિની શોમાં જવાનો પ્રોગ્રામ બનાવ્યો છે.' સરદારજી કહે: 'સરસ, સરસ.'

પરામાં સિનેમા નથી. શહેરમાં આવવું પડે છે. બપોરે અઢીના બળતા તડકામાં પત્નીને, ટ્નૂને લઈને પ્લૅટફૉર્મ પર ઊતરું છું. આદત પ્રમાણે બેન્ચ પર નજર પડી જ જાય છે. સ્તબ્ધ ઊભો રહી જાઉં છું. બળતી ધૂપમાં સરદારજી ઊભા છે. એમની આંખો અમને જ શોધી રહી છે. ટૉફીનો ડબ્બો, પ્લાસ્ટિકનો રંગબેરંગી બૉલ. નાનાં મોટાં બીજાં રમકડાં પણ લાવ્યા છે. ટ્નૂ હજી અજાણ્યાને જોઈને ડરતાં શીખ્યો નથી. એ ધોળી દાઢીના વાળ ખેંચવા લાગે છે. સરદારજી ખી ખી કરતા હસી પડે છે. મારી પત્ની એમને વિચિત્ર નજરે જોઈ રહે છે.

'તેં કહ્યું કે મૅટિનીમાં જવાનો પ્રોગ્રામ બનાવ્યો છે, એટલે—'

'પણ આટલા તડકામાં—?'

'વૃદ્ધાવસ્થાને કારણે કરડો તડકો સહન નથી કરી શકતો. ડૉક્ટરે પણ મના કરી છે. પણ એથી શું-? અહીં આવ્યા વિના રહી ન શકયો. તારા કુટુંબને જેવું હતું. તારા નાના બાળક સાથે રમીને રાજી થવું હતું. તારો ઘરસંસાર સુખી છે—તારું બાળક હસે છે—એના ગાલમાં ખાડા પડે છે—એ દેખીને મારું મન કેટલું પ્રફુલ્લિત થાય છે!'

એમણે ટ્નૂને લેવા હાથ લંબાવ્યા.

હું કૌતુકભરી નજરે એમની સામે જોઈ રહું છું. મને કંઇક સમજાય છે. પરિસ્થિતિ સાથેનું એમનું આ સમાધાન છે. જે પોતાને નથી મળ્યું-મળવાનું પણ નથી-એની થોડી પળો મારી પાસેથી માગી લે છે. સરદારજીએ પ્લૅટફૉર્મ પર જ ટ્નૂ સાથે રમવું શરૂ કરી દીધું છે. ટ્નૂને એમના હાથમાં મૂકી દઈને હું મૃત્યુની કુરૂપતા વિસરી જાઉં છું. માનો જાણે ભૂપીન્દર મરી નથી ગયો. એની શાદી થઈ ગઈ છે. એનું એક બાળક છે. બાળકનું નામ ટ્નૂ છે. સરદારજી ટ્નૂ સાથે રમી રહ્યા છે.

'આઓ મેરે બેટે! આઓ, આઓ, આઓ...'


તડકાથી બચવા અમે શેડમાં આવી ગયાં છીએ. પ્લૅટફૉર્મ લગભગ ખાલી જ પડ્યું છે. બે ખુમચાવાળા એક તરફ ઝોકાં ખાઈ રહ્યા છે. પ્લૅટફૉર્મનો જે ભાગ તડકા નીચે છે એ ચાંદીની જેમ ચળકે છે.

પત્ની કંઈક કહેવા જાય છે. હું એને આંખથી વારું છું. હું એને સાનમાં સમજાવું છું: સિનેમા પહોંચતાં થોડું મોડું થશે એટલું જ ને?

અશોક યથાદર્શન

અંગ્રેજીમાં જેને 'પર્સ્પેક્ટિવ'નું શાસ્ત્ર કહે છે તેનો ગુજરાતી પારિભાષિક 'યથાદર્શન' શબ્દ પ્રચાલત કરવા તથા તેના પ્રયોગ ગુજરાતીમાં સમજાવવા એકાદ સારા પુસ્તકની જરૂર હતી તે પૂરી પાડવા 'અશોક યથાદર્શન' નામક પ્રકાશન તૈયાર થયું છે.

'પર્સ્પેક્ટિવ' શાસ્ત્રનું નિર્માણ યુરોપમાં ૧૫મા સૈકામાં થયું ત્યારથી ઈટલીના ચિત્રકારોએ પોતાનાં ચિત્રોમાં તેનો છૂટથી ઉપયોગ કર્યો છે અને ચિત્રકારના શિક્ષણમાં તે ઉપયોગી ઠર્યું છે. હાલ રાજ્યના ચિત્રશિક્ષકોને તેમના ચિત્રકળાના ઉચ્ચ શિક્ષણવર્ગોના અભ્યાસક્રમમાં તે જરૂરી વિષય હોવાથી અંગ્રેજી પુસ્તકનો ઉપયોગ કરવો પડતો.



ખરી રીતે આ વિષય બાંધકામના નકશા કરનારને સવિશેષ ઉપયોગી છે. પર્સ્પેક્ટિવનો શબ્દ Per=through અને cio=I See—એમ લૅટિન વ્યુત્પત્તિમાંથી આવેલો છે. માણસ એક જ બિંદુમાંથી પદાર્થ કે દૃશ્યને જુએ ત્યારે બધી લીટીઓ આંખની રચના પ્રમાણે આંખની સામેના મધ્યબિંદુમાં કેન્દ્રિત થાય છે તેથી નજીકની વસ્તુ કે આકૃતિ દૂર જાય તેમ નાની થતી જાય છે. આગગાડીના પાટા, રસ્તો, થાંભલાની હાર, મકાનોની ઓળ વગેરે જોતાં કોઈને પણ આ નિયમનું ભાન થશે. સમાન ચીજો પણ દૂર જાય તો યથાદર્શનના નિયમ પ્રમાણે નાની બની જતી લાગે, તેમ જ દૂરથી નાની લાગતી વસ્તુ નજીક આવતાં મોટી દેખાય, એ યથાદર્શન થયું. લેખકે સ્વચ્છ આકૃતિઓ અને સરસ છપાઈનો આગ્રહ સેવ્યો છે. તેમણે અંગ્રેજી શબ્દોને બદલે પારિભાષિક શબ્દો બનાવીને મૂકયા તો છે; પણ કોઈ અભ્યાસી ભાષાશાસ્ત્રીની સલાહ લઈ વિશેષ પરિચિત અને સરળ શબ્દો મેળવી શકયા હોત. આકૃતિઓના પાનાને 'ચાર્ટ' કહ્યા છે, Plane શબ્દ માટે 'ફલક' શબ્દ યોજ્યો છે, એ ઉચિત પ્રયોગો નથી. હવે ચિત્રાભ્યાસમાંથી અંગ્રેજી શબ્દોનો અર્થહીન પ્રયોગ સત્વર જવો જોઈએ પુસ્તકને અંતે તમામ અંગ્રેજી શબ્દો આપી સામે પારિભાષિક શબ્દો આપવાથી બંનેનો સાર્થ ઉપયોગ સૂઝશે. (રચનાર: એમ. ડી. શેલત, બી. એ., બી ટી., જી. ડી. એ. પ્રકાશક: અશોક બુક ડીપો, અમદાવાદ ૧. કિંમત રૂ. ૫)

ચોરસ



લુનો મુનારીના એક લેખના આધારે

લેખક

મનુ દેસાઈ

દુનિયાની ઘણી સંસ્કૃતિમાં પ્રાચીન કાળથી ચોરસ એક એકમ યા સંજ્ઞા તરીકે વપરાતો રહ્યો છે. પ્રાચીન લેખો ને શિલાલેખોમાં ચોરસ આકૃતિ સીમિત સ્થાન, ઘર કે વસવાટનો નિર્દેશ કરે છે. વર્તુળ અને ત્રિકોણ સાથે ચોરસ પણ એક સરળતમ ભૌમિતિક આકાર છે. એક રીતે જોતાં એ સરખે ભાગે વહેંચાએલા બે ત્રિકોણ આકારનું જ સંયોજન છે. એની ચારે સરખી બાજુઓ અને સરખા કોણમાં અનેક અવનવી આકૃતિઓ, અનેક નાનામોટા ચોરસ-લંબ-ચોરસ આકારો, 'ગોલ્ડન સેકશન' વગેરેનો સમાવેશ થઈ શકે છે.

પ્રાચીન ભારતમાં પણ આ ચતુષ્કોણ આકાર સુપરિચિત હતો અને સંભવ છે કે પ્રાચીન ઋષિઓની એ શોધ હોય. 'યજ્ઞવેદી' કે 'હોમકુંડ'ની રચનામાંથી કદાચ એનો વિકાસ થયો હોય. આજે યે હોમકુંડની પ્રણાલિગત અને શુદ્ધ રચના કરતી વેળા એકબીજીને કાટ-ખૂણે વચ્ચેથી કાપતી બે સરખા કદની તિરકસ રેખાઓ દોરી (આ. ૧) એના ચારે છેડા જોડીને ચોરસ (આ. ૨) બનાવાય છે. આ ચોરસની ચાર બાજુ ને તિરકસ રેખાના ચાર છેડા મળી આઠ દિશા તથા તેમાં મથાળાની ને તળની એમ બે દિશા ઉમેરતાં દસ દિશાનું સૂચન મળે છે. દેવતાઓ જે દસ દિશામાં વસે છે એનું આ દ્યોતક છે. (આ. ૩) આ દસ દિશાઓ સાથે દશાવતારનો તથા દસ અંકોનો પણ સંબંધ જોડી શકાય.

સમગ્ર સાંસ્કૃતિક તવારીખમાં અને બધી સ્થાપત્યશૈલીમાં ચોરસ આકાર કલાકારો ને સ્થપતિઓનો એક પ્રિય આકાર રહ્યો છે. આ સ્વાભાવિક જ છે, કેમ કે ચોરસ આકારમાં બાંધણીની સંખ્યાબંધ શક્યતાઓ મળી રહે છે, અને જેના પર કલામય રચના કે સંયોજના થઈ શકે એવો એ એક પાયાનો સંવાદિત આકાર છે. (આ. ૪)


મોહેં-જો-ડેરોની સિંધુ તટની સંસ્કૃતિ અને પ્રાચીન મિસરની સંસ્કૃતિમાં કલાની માંડણી ભૂમિતિ પર થએલી છે અને એથી એમાં




કલાના અમુક ચોકસ નિયમોનું ચુસ્તપણે પાલન થએલું છે. આમાં પણ બુનિયાદ તો ચોરસ આકાર પર જ મંડાએલી છે. બાજુ-માં મોહેં-જો-ડેરોનું એક સીલ આપ્યું છે ←એનો આકાર ચોરસ જ છે.

સકારાની એક કબરમાંથી મળી આવેલા પ્રાચીન મિસરના એક સ્તંભ પરની શોભન-આકૃતિ (આ. ૫) અને અજંટા, ઈલોરા ને નાગાર્જુન કોંડાની શોભન-આકૃતિ (આ. ૬) સર-ખાવો : બંનેની માંડણી ચોરસ પર થએલી છે. મિસરવાસીઓનાં પ્રેતગૃહો અને અજંટા-ઇલોરાની ગુફાઓની તળરચના (આ. ૭) પણ ચોરસ આકાર પર જ મંડાએલી છે. મેક્સિકોનાં મય-સ્થાપત્યો પણ ચોરસ આકાર પર જ રચાયાં છે.

જાપાનની તાતામી (આ. ૮)નો આકાર બરાબર બે સમચોરસ જેવો જ જોવા મળે છે. તાતામી એ એક પ્રકારની જાડી ચટાઈઓ છે. જાપાની ઘરની બાંધણીમાં ખંડનું માપ એમાં કેટલી તાતામી જોઇશે એ રીતે મપાય છે. લગભગ હજાર વર્ષ પહેલાંથી એનો ઉપયોગ થતો રહ્યો છે. ખંડમાં એને અનેકવિધ રીતે પાથરીને શોભનાત્મક આચ્છા-



આ. ૧



આ. ૨ અને ૩→



આકૃતિ ૪




આ. ૫




આ. ૬



આ. ૭




આ. ૮




આ. ૯


ઉપર (આ. ૮) જાપાની ચટાઇ તાતામી અને (આ. ૯) ખંડમાં એને પાથરવાની એક રીત. બાર ચોરસ (છ તાતામી)ને હારબંધ ગોઠવી ન દેતાં જરા જુદી રીતે ગોઠવીને એક ભાત ઉપજાવી છે.



આ. ૧૦



આ. ૧૧




આ. ૧૨




આ. ૧૩

(આ. ૧૦) બ્રાહ્મી લિપિનો એક અક્ષર, ઉચ્ચાર 'બ'; (આ. ૧૧) કેરીઅન અક્ષર, ઉચ્ચાર 'બીએમ.' (આ. ૧૨ ને ૧૩) ઈજિપ્શીઅન હાઇરોગ્લિફ, ઉચ્ચાર 'બેટ'. આમાં બ્રાહ્મી અને ઇજિપ્શીઅન લિપિના અક્ષરોનું આકાર અને ઉચ્ચારસામ્ય ધ્યાન ખેંચે છે.




આ.૧૪




આ.૧૫




આ.૧૬



આ.૧૭




આ. ૨૬




આ.૨૭




આ.૧૮



આ.૧૯




આ. ૨૦



આ.૨૧

ક્યુનિક મૂળાક્ષરો. (આ. ૨૬)ના અક્ષરોનો ઉચ્ચાર 'ઓઓ', 'આએ' કે 'ઓ' જેવો થાય છે. ચોરસ આકાર (આ. ૨૭)ના અક્ષરનો ઉચ્ચાર 'ક' જેવો છે.




આ.૨૨




આ.૨૩




આ.૨૪




આ.૨૫



આ.૨૮



આ.૨૯



આ.30

આ. ૧૪ ચીની આઇડિયોગ્રામ, અર્થ 'મોં'; આ. ૧૫ સુમેરીઅન આઇડિયોગ્રામ, અર્થ 'ઘર'; આ. ૧૬ જાપાની આઇડિયોગ્રામ, અર્થ 'દેશ'. આ. ૧૭ થી ૨૧ ઈ. ૧૪૦૦ની કાશ્મીરી બાલ્ટી લિપિના અક્ષરો: ડ, ત્સ, બ, હ, અને ક. આ. ૨૨થી ૨૫ લીબિયન મૂળાક્ષરો.

(આ. ૨૮) સીરિયામાં હામા મુકામેથી મળી આવેલો હાયરોગ્લિફ મૂળાક્ષર, ઉચ્ચાર 'ફ્રુગ' જેવો. (આ. ૨૯) એક આદિ ભારતીય સંજ્ઞા. (આ. ૩૦) મધ્ય અમેરિકામાં વિકસેલી મય સંસ્કૃતિની લિપિનો એક અક્ષર. ઉચ્ચાર 'ચો'.

દન કરવામાં જાપાનીઓ ઘણી ચતુરાઇ દાખવે છે. (આ. ૯)

લગભગ બધી ભાષાના મૂળાક્ષરોમાં પણ મૂળભૂત આકાર ચોરસ જ જોવા મળે છે. ચીની કે જાપાની અક્ષરો તો ચોરસ આકાર પર જ મંડાએલા છે. બ્રાહ્મી લિપિ, મિસરની હાયરોગ્લિફિક્સ, સુમેરના આઇડિયોગ્રાફ, મય, હિટાઈટ, લીબિયન અને કુનિક અક્ષરો તેમજ કાશ્મીરની બાલ્ટી લિપિના અક્ષરો જોતાં આ ખયાલ સ્પષ્ટ થાય છે.

ઈ. ૩૧૬ થી ૪૨૦ના ગાળામાં પૂર્વ ચીની વંશમાં થઈ ગએલો વૅાગ-હસી ચિહ ચીની લેખનકળાનો જનક ગણાય છે. એણે 'લી સુ' મૂળાક્ષરોને ચોરસ આકારમાં સુંદર મરોડમાં સર્જ્યા છે. (એ તથા બીજા મૂળાક્ષરો માટે જુઓ આકૃતિ ૧૪ થી ૩૩)

શતરંજની રમતમાં પણ ચોરસ આકાર પર માંડણી છે. એની આઠ આઠ ખાનાંની આઠ હારનાં ૬૪ ચોરસ પર અનેક અવનવી બુદ્ધિકસ રમત માંડી શકાય છે. દા. ત. બંને પક્ષના ચાર ચાર વજીર એવી રીતે ગોઠવો કે એકે વજીર સામા પક્ષના વજીરને મારી શકે તેમ ન હોય. ઈ. ૧૮૫૦માં નૌક નામના એક માણસે આ કોયડો રચેલો.

અને એણે તથા એના પછી બીજા કેટલાકે આ પ્રશ્નના ઉત્તરમાં લગભગ ૯૨ રચના ખોળી કાઢેલી. એમાંથી બે રચના (આ. ૩૮)માં આપી છે.

ગણિતમાં પણ 'જાદુઈ ચોરસ' જાણીતા છે. પ્રાચીન ભારતીય ગણિતજ્ઞો તો એમાં નિષ્ણાત હતા. ભારતમાંથી એ જ્ઞાન યુરોપમાં ગયું. મધ્યયુગમાં એમાં કોઇ દેવતાઈ શક્તિ હોવાની માન્યતા ફેલાઈ અને અશુભ દૃષ્ટિ કે રોગચાળા સામે રક્ષણાર્થે એ પહેરાવા લાગ્યા.

આમાં અમુક ચોરસ ઐક્ય અને અનંતતાના, કોઈ હવા પાણી માટી ને અગ્નિ એ ચાર મૂળતત્ત્વોની અધૂરપના, તો અમુક ચોરસ એ કાળે જાણીતા સાત ગ્રહોના દ્યોતક ગણાતા હતા. થોડાં ઉદાહરણ જોઇએ:

૪	૩	૮	૨	૯	૪	૬	૭	૨	૮	૧	૬
૯	૫	૧	૭	૫	૩	૧	૫	૯	૩	૫	૭
૨	૭	૬	૬	૧	૮	૮	૩	૪	૪	૯	૨


૨	૭	૬	૮	૩	૪	૪	૯	૨	૬	૧	૮
૯	૫	૧	૧	૫	૯	૩	૫	૭	૭	૫	૩
૪	૩	૮	૬	૭	૨	૮	૧	૬	૨	૯	૪



આ.૩૧




આ. ૩૨




આ. ૩૩

આકૃતિ ૩૧ ૩૨-૩૩ મૂળભૂત ચોરસ આકારમાં ગોઠવાએલા દેવનગારી, ચીની અને રોમન લિપિના મૂળાક્ષરો (આ. ૩૪-૩૫) ચોરસ આકારમાં જ રચાએલી રોમન કમાન; અને ગૅાથિક દેવળની તળરચના.




આ.૩૪



આ.૩૫









આકૃતિ ૩૬. ડાબી બાજુ છેડે શિલ્પ પ્રકાશ-માં વર્ણવેલી બે પ્રતિમા 'પદ્મગર્ભ' અને 'કામગર્ભ'નાં રેખાંકનો છે. એમાં થએલો ચોરસનો ઉપયોગ જુઓ. એ પછીની આકૃતિ (૩૭)માં અજંતાની છઠ્ઠી ગુફાના નીચલા માળની તળ-રચના છે. એ પણ ચોરસ પર જ આધારિત છે.

આ દરેકમાં ઊભી, આડી કે ત્રાંસી બાજુથી ગણતાં સરખો જ (૧૫) સરવાળો આવશે. આ જ રીતે વધુ ખાનાંવાળા ચોરસ પણ બને છે.

કલાક્ષેત્રમાં 'ગોલ્ડન સેક્શન' કે 'ગોલ્ડન પ્રોપોર્શન' બહુ જાણીતું છે. એ એક બહુ જ ચોક્સ માપ છે. 'ગોલ્ડન સેક્શન' એ રેખાનો તે ભાગ છે, જેમાં એ રેખાનો નાનો ભાગ મોટા ભાગના એ જ પ્રમાણમાં હોય, જેટલો મોટો ભાગ સમગ્ર રેખાના પ્રમાણમાં. અહીં આકૃતિમાં B ઉપર 'ગોલ્ડન સેક્શન' આવે છે કેમ કે $\frac{BC}{AB} : \frac{AB}{AC}$






બીજું ઉદાહરણ: अब રેખાને લંબાવીને એના પર ગોલ્ડન પ્રોપોર્શન નક્કી કરવું હોય તો સાથેની આકૃતિ પ્રમાણે अब રેખાના ब બિંદુ પર अबના માપનો જ એક बक લંબ દોરો. પછી કંપાસની મદદથી अबની બરાબર મધ્યમાંથી क સુધી પહોંચે એટલી ત્રિજ્યા લઈ લંબાવેલી अब ને ड બિંદુમાં છેદો. હવે अड પર ब એ ગોલ્ડન પ્રોપોર્શન છે. ગ્રીક દેવળોના સ્થાપત્યમાં આ પ્રમાણનો ઘણો ઉપયોગ થએલો છે. માનવશરીરના માપ પર આધારિત લા કાર્બુઝિયેની મૉડ્યુલર પદ્ધતિ પણ આ ગોલ્ડન પ્રોપોર્શનમાં આવી જાય છે. આમાં ચોરસ આકારનો પ્રભાવ જોયો?


કાગળના જુદાજુદા આકારના સાત ટુકડા જોડીને એમાંથી વિવિધ આકૃતિઓ ઉપજાવવાની 'તેનગ્રામ' નામની એક ચીની રમત અને એ જ રીતે વિવિધ આકારના ટુકડા જોડીને અવનવી આકૃતિ બનાવવાની 'ટ્રાઇગોન' નામની સ્વિસ રમતમાં એ બધા ટુકડા ચોરસમાંથી જ કાપેલા હોય છે. (આ. ૩૯) આકારની કરકસર કરી એમાંથી વધુમાં વધુ લાભ કેમ લેવો તે શીખવાની સાથેસાથે આથી ભૌમિતિક ને પ્રાકૃતિક આકારોમાં સામ્ય શોધવાની નિરીક્ષણશક્તિ પણ કેળવાય છે.

વર્તુળની પેઠે ચોરસ પણ એક શુદ્ધતમ આકાર છે. સ્વયંપૂર્ણ એવી એની કલ્પના છે. 'મિથ્સ ઍન્ડ સીમ્બૉલ્સ ઈન ઇન્ડિયન આર્ટ ઍન્ડ સિવિલિઝેશન'માં હેન્રિક ઝીમર લખે છે કે 'ભારતીય કલ્પના મુજબ પૂર્ણ કે પૂર્ણતાનો વિચાર ૪ના અંક સાથે સંકળાએલો છે. ચાર ચતુષ્કોણ એ પૂર્ણતાના—ચાર કે ચારે બાજુથી પૂર્ણ હોવાના દ્યોતક છે.'


જ્યોતિષીઓની કુંડળીમાં પણ ચોરસની અંદર કોણ પર ઊભેલા ચોરસનો જ આકાર છે ને? અને એમાંની બે તિરકસ રેખાઓવડે રચાતાં બાર 'ઘર'માં પણ ચોરસ, ને ત્રિકોણ રૂપે અર્ધ-ચોરસ આકારો જ છે.


આમ, ચોરસ એ એક શુદ્ધ, સરળ, સ્થિર ને ગતિમય આકાર છે એમ ટૂંકમાં આપણે તારવી શકીએ. આ પાયાના ભૌમિતિક આકારની શુદ્ધતા જ એને ચારુ ને કારુ કલાના ક્ષેત્રમાં મહત્ત્વને સ્થાને મૂકે છે.






આકૃતિ ૩૮ શતરંજના ઘર ઉપર બંને પક્ષના ચાર ચાર વજીર એવી રીતે ગોઠવવા કે બે કે વજીર સામા વજીરને મારી શકે તેવી સ્થિતિમાં ન હોય. આવી લગભગ ૯૨ જેટલી રચના થઈ શકે. એમાંની આ બે છે.





આ ૩૯ ચોરસમાંથી વિવિધ આકારના ટુકડા કાપીને પછી એ ટુકડાને જોડીને અવનવા આકારો ઉપજાવવા માટેની ચીની 'તેનગ્રામ' અને સ્વિસ 'ટ્રાઈગોન' રમતના કાપ દર્શાવતી આકૃતિઓ.

ભારતીય વહાણવટાની ગૌરવગાથા




ભારતીય સાગરખેડુઓએ અગ્નિ એશિયામાં જઈને સુવર્ણદ્વીપ (સુમાત્રા) અને યવદ્વીપ (જાવા) વસાવ્યાં તે કાળના બખ્તાવર જહાજનું બોરોબુદુરનું શિલ્પ.


સત્તાવન સો કિલોમીટર લાંબી સાગરકંઠાર, સંખ્યાબંધ મોટી નદીઓ અને કીમતી લાકડાં આપે એવાં વિશાળ વનોવાળા દેશમાં વહાણવટાનો વિકાસ સ્વાભાવિક જ ગણાય; ને એટલે જ ભારતનું વહાણવટું છેક સંસ્કૃતિના આદિ કાળથી જાણીતું છે. મોહેં જો-ડેરો ને લોથલના અવશેષો, સુમેર, એલમ, મીસર ને ઍસિરિયા સાથે ભારતના સંબંધોના પુરાવા, જાવા-સુમાત્રા તરફનાં શિલ્પોમાં કંડારાએલી ભારતીય નૌકાઓ, ને છેક દક્ષિણ અમેરિકા જેટલે દૂરથી મળી આવેલી સાબિતીઓ આપણા ગૌરવાન્વિત વહાણવટાનો વિસ્તાર સૂચવે છે. માર્કો પોલો, ઇત્સિંગ, ફાહિયાન વગેરે પ્રવાસીઓની નોંધો, જ્ઞાત ઇતિહાસકાળની મળી આવેલી અનેક સાબિતીઓ તથા છેલ્લે ઈસ્ટ ઇંડિયા કંપનીનાં દફતરે નોંધાએલી વિગતો પણ આ દેશના વહાણવટાને અને વહાણ બાંધવાની કળાને ગૌરવ આપે છે. પરદેશીઓનો પગપેસારો થવા માંડ્યો ત્યારે યે ઈસ્ટ ઇંડિયા કંપનીના પહેલા કાફલાનું ૬૦૦ ટનનું મુખ્ય વહાણ, કે ફિરંગીઓએ આણેલું ૧૫૦૦ ટનનું વહાણ, અહીંના ઘોઘાબંદરના જહાજ 'રહીમી' પાસે બચુકડાં હતાં. ભારતમાં બનતાં વહાણોનું મૂલ્ય સમજીને તો ઈસ્ટ ઇંડિયા કંપનીએ પોતાનાં ૩૫૫ જેટલાં વહાણો અહીં બનાવેલાં. નેપોલિયન સામેના અંગ્રેજોના નૌકાયુદ્ધમાં હિંદી બનાવટનાં વહાણો ખાસ વપરાયાં હતાં. ઈ. સ. ૧૭૫૦માં ઈસ્ટ ઇંડિયા કંપની માટે ભાવનગરમાં બંધાએલું 'દરિયા દોલત' ૮૭ વર્ષે પણ પૂરું ખમતીધર ગણાતું હતું,—જ્યારે બ્રિટિશ વહાણો બાર વર્ષે તો ખખડી જતાં! મુંબાઈમાં બંધાએલાં પંદર પંદર વર્ષ જૂનાં થઈ ગએલાં અહીંનાં વહાણો બ્રિટિશ નૌકાદળે કામ લાગે એવાં ગણીને ખરીદ્યાં હતાં.


આવું હજારો વર્ષજૂનું વહાણવટું અને વહાણ બાંધવાની કળા માત્ર પાછલા થોડા દાયકાઓમાં જ ભૂંસાઈ ગયાં એમાં ભારતનું કમનસીબ અને બ્રિટિશ અર્થતંત્રના સામ્રાજ્યવાદની જીત છે. હિંદી વહાણવટું એમ ને એમ નહોતું મર્યું,—એ જાણીબૂઝીને ખલાસ કરાયું હતું. ગાંધીજીએ કહ્યા મુજબ આ દેશના રૂની બનાવટોના રાષ્ટ્રીય ઉદ્યોગની અવગતિ સાથે જ હિંદી વહાણવટાની પડતીનો ઇતિહાસ સંકળાયો છે. ભારતના એ એક મુખ્ય ઉદ્યોગની અવનતિ પર જ ઊભા થતા લૅંકેશાયરની ઉન્નતિ માટે હિંદી વહાણવટાની અધોગતિ જરૂરી હતી.

જોકે આ દેશના સાહસિક વેપારીઓએ એને આ યુગમાં ઉદ્ધારવા હિંમત તો કરી. પોતાના દેશના હિત સાથે સંકળાએલા શાસકોએ ઊભી કરેલી બધી આડખીલીઓ સામે યે એણે લંગર ઉપાડ્યું. છતાં ૧૮૬૦




ઈસ્વીસન પૂર્વે અઢી હજાર વર્ષ પહેલાંની મોહેં-જો-ડેરોમાંથી મળેલી મુદ્રાઓ પર જહાજની પહેલવહેલી આકૃતિનું દર્શન થાય છે તે ડાબી બાજુના પ્રથમ ચિત્રમાં છે. એ પછીની આકૃતિઓ આંધ્રમાં ઇસ્વી સનની બીજી સદીના મળી આવેલા સિક્કાઓ પરનાં વહાણોની છે. નીચે ડાબી બાજુ પહેલું પ્રાચીન જહાજ દરિયાઇ સફર માટેનું જણાય છે. તેમાં ત્રણ કૂવાસ્થંભ અને ચોરસ સઢ પણ આલેખાયા છે. એ પછી દર્શાવેલું વહાણ સંભવતઃ નદીમાં સફર કરવા માટેનું લાગે છે. તેના બંને અણિયાળા છેડામાં આંખો ચીતરેલી છે ને વચ્ચે મંડપ નીચે કોઈ રાજવી દંપતી બેઠેલાં જણાય છે. વહાણમાં જમણી બાજુ સુકાની ઊભો લાગે છે. પ્રાચીન ભારતીય દરિયાખેડની આવી તો સંખ્યાબંધ સાબિતીઓ દેશવિદેશમાંથી મળી આવી છે.










ભારતના સમૃદ્ધ પુરાતન વહાણવટાના પાયારૂપ ખડિયેરા સમાં અને 'કન્ટ્રી ક્રાફ્ટ' (ગામઠી વહાણો) નામે ઓળખાએલાં વહાણો. ઉપર ડાબી બાજુથી કોટિયો : બે કે ત્રણ ખુવા અને ત્રિકોણિયા મોટા સઢવાળું કચ્છી વહાણ; બતેલો : મોટા ત્રિકોણ સઢવાળું એક દેશી વહાણ; બગલો : કોટિયા જેવું પણ વધુ ઊંચું-પહોળું દેશી વહાણ. જમણી બાજુ- દંગી : બંને બાજુ તીખું, સપાટ તળિયાવાળું નાનું વહાણ. છેડે કોંકણી ફત્તેમાર : આ 'ફત્તે-માર' નામ તમીળ ભાષામાંથી જ આવેલું છે. મૂળ 'પીટ્ટમરત', તેમાંથી 'પત્તમાર' અને છેલ્લે ફત્તેમાર.






થી ૧૯૨૫ દરમિયાન નોંધાએલી લગભગ ૧૦૨ જેટલી પેઢીઓમાંથી અનેક પેઢીઓ ભાંગી પડી ને ૧૦ કરોડથી યે વધુ રૂપિયા વેડફાઈ ગયા.

પણ ગાંધીજીની 'સ્વદેશી'ની ભાવનાએ અનેક ક્ષેત્રમાં એક નવી ખુમારી પ્રકટાવી હતી. શેઠ નરોત્તમ મોરારજી, શેઠ વાલચંદ હીરાચંદ, સર લલ્લુભાઈ સામળદાસ ને શેઠ કીલાચંદ દેવચંદે વહાણવટામાં એ 'સ્વદેશી'પણું આણવા કમર કસીને ૧૯૧૯ની ૨૭મી માર્ચે 'સિંધિયા સ્ટીમ નૅવિગેશન કં. લિ.ની સ્થાપના કરી. ગાંધીજી એ સમયે રૉલેટ ઍક્ટ સામે સત્યાગ્રહ આરંભવાની તૈયારીમાં રોકાયા હતા. એમાંથી વખત કાઢીને યે એમણે શેઠ નરોત્તમને મળી આ સાહસને ટેકો અને આશિષ આપ્યાં, અને ભારતની સ્વાતંત્ર્ય-ચળવળના આરંભ સાથે 'સિંધિયા'નું પ્રથમ જહાજ 'લૉયલ્ટી' મુંબાઈથી ઇંગ્લંડ જવા ઊપડ્યું.

અનેક પરિબળો સામે ચાલતી ભારતની રાષ્ટ્રીય ચળવળોની સાથેસાથ હિંદના કોઈ પણ ઉદ્યોગો કરતાં વહાણવટાએ કદાચ વધુ સમાંતર કદમો ભર્યા છે. દેશના આર્થિક વિકાસમાં એનું મહત્ત્વ સમજી રાષ્ટ્રીય માગણીના પોતાના અગિયાર મુદ્દાઓમાં હિંદી વહાણવટાનો પણ ગાંધીજીએ સમાવેશ કરીને એના વિકાસની વાત મૂકેલી.





ઉપર : ઈ. ૧૯૪૧માં સિંધિયાના સાહસને વધાવતા ગાંધીજીના પત્રનો અંતનો અંશ. જમણી બાજુ : 'સિંધિયા હાઉસ', સિંધિયા સ્ટીમ નૅવિ-ગેશન કં. લિ નું મુખ્ય દફતર. ઈ. ૧૯૩૬ની ૫ નવેમ્બરે સ્વ. ભૂલાભાઈ દેસાઈએ તેનો પાયો નાખેલો.





'ધી સિંધિયા સ્ટીમ નૅવિગેશન કં. લિ.'ના આરંભના સાહસિક સ્થાપકો—ડાબી બાજુથી અનુક્રમે : (૧) સ્વ. શેઠ નરોત્તમ મોરારજી, કંપનીના મૂળ સ્થાપક અને ઈ. ૧૯૧૯થી ૧૯૨૯ સુધી તેના ચેરમૅન (૨) સ્વ. શેઠ વાલચંદ હીરાચંદ, એમણે શેઠ નરોત્તમ પછી ૧૯૨૯થી ૧૯૫૦ સુધી કંપનીનો બોજ ઉઠાવ્યો અને કંપનીની વધુ પ્રગતિ સાધી. (૩) સ્વ. શેઠ કીલાચંદ દેવચંદ અને (૪) સ્વ. લલ્લુભાઈ સામળદાસ, સી.આઈ.ઈ —ગ્વાલિયરના મહારાજા સિંધિયા પાસેથી કંપનીનું પ્રથમ જહાજ 'લૉયલ્ટી' ખરીદનાર સીન્ડિકેટના સભ્યો. (૫) શેઠ ધરમશી મૂલરાજ ખટાઉ ઈ. ૧૯૫૦થી ૧૯૬૮ સુધીના ચેરમૅન. એમના સમયમાં કંપનીએ ભારતીય જહાજોએ નહિ ખેડેલા ઘણા નવા જલમાર્ગો પર પોતાનાં જહાજો વહેતાં કર્યાં. જમણી બાજુ : કંપનીના જનરલ મૅનેજર શ્રી મનસુખલાલ માસ્તર. એમની સેવાઓને તો ભારત સરકારે 'પદ્મભૂષણ'પદથી નવાજી છે. સિંધિયાનાં બધાં સાહસોનો યશ એમને પણ ઘટે છે. ઈ. સ. ૧૯૪૯માં તેઓ નિવૃત્ત થયા. નીચે : સિંધિયા શિપિંગ ઍન્ડ શિપબિલ્ડિંગ લાયબ્રેરીનાં બે દશ્યો. શ્રીમતી સુમતિબેનની જહેમત અને માર્ગદર્શન તળે અહીં જહાજાતને માટે પુષ્કળ અભ્યસનીય પુસ્તકો અને નમૂનાઓ સંઘરાએલાં છે.

ગ્વાલિયરના મહારાજા સિંધિયા પાસેથી 'લૉયલ્ટી' ખરીદીને સાડા ચાર કરોડના મૂડીરોકાણ સાથે આરંભાએલી એ કંપનીના લાલ સ્વસ્તિકવાળા સંજ્ઞાધ્વજ અને કાળા ભૂંગળા પરના સોનેરી પીળા પટ્ટ ને એ પછી દુનિયાભરનો સાગર ખેડવામાં ઓછી મુસીબતો નથી નડી. છતાં પહેલા બે વર્ષમાં જ એક લાખ ટન માલની હેરફેર એણે કરી. ૧૯૨૦-'૨૧માં 'લિવરપુલ કંપની' ખરીદી લઈ એનાં છ વહાણો હિંદુસ્તાન, બર્મા અને સીલોનની કંઠારે વહેતાં કર્યાં. ૧૯૨૧માં રંગૂન મુકામે 'જલપાલક' જહાજ પણ બનાવવા માંડયું. ઊભી થતી ને સ્થિરતા પામતી જતી આ પેઢીને તોડી પાડવા પરદેશી હિતવાળી કંપનીઓએ ભાવ કાપવા માંડયા, છતાં હિંમત રાખી સિંધિયા કંપનીએ છેક જાવાથી કાઠિયાવાડ સુધીની ખેપો કરવા માંડી તેની પૂરક ચાલ તરીકે લૉર્ડ ઇંચકેપે આ આખી પેઢી જ મોં માગ્યો ભાવ આપી ખરીદી



લેવા માગણી મૂકી; પણ સ્વદેશી પેઢીનું વહાણવટું ઊભું કરવાની ખુમારીવાળા આ કંપનીના ભાગીદારોએ, ભાવકાપમાં ઘણી મૂડી સાફ થઈ ગઈ હોવા છતાં, તે નકારી. અંતે અનેક પરિબળોની અસરમાં વાટાઘાટો ચલાવી માત્ર ૭૫ ૦૦૦ ગ્રૉસ ટનની જ હેરફેર—અને તે પણ માત્ર હિંદી બંદરોમાં જ—કરવાની શરતવાળો દસ વર્ષનો કરાર થયો. આવી મર્યાદા મુકાઈ જવા છતાં કંપનીએ સીલોનથી કરાચી સુધીની ખેપ માટે બે નવાં જહાજો ખરીદ્યાં અને ચાર ભાડે રાખ્યાં!

પણ નરોત્તમ શેઠનો ઉદ્દેશ માત્ર દેશી વેપારી પેઢી વિકસાવવાનો જ નહોતો. એમને તો સંપૂર્ણતઃ ભારતીય વહાણવટું વિકસાવવું હતું; દેશમાં જહાજો બનાવવાં હતાં. હિંદમાંની બ્રિટિશ સરકાર તો આ અંગે મંજૂરી કેમ આપે? એટલે શેઠે આડકતરો માર્ગ લઈ અનેક પ્રયત્નોને અંતે હિંદીઓને વાયરલેસની તાલીમ મળતી કરી દીધી; અને મુંબાઈના તાલીમી જહાજ 'ડફરિન'માં તૈયાર થતાં માણસોને કામમાં લઇ લેવાની માગણી પણ એમણે મૂકી. બીજી બાજુ કંપનીએ ઇંગ્લંડમાં છ નવાં જહાજો બનાવવાનો ઑર્ડર મૂકયો અને મરીન એન્જિનીયરિંગની તાલીમ માટે છ માણસને ઇંગ્લંડ મોકલ્યા. વડોદરા રાજ્યને આગ્રહ અને સહાય કરી ઓખા બંદર તૈયાર કરાવ્યું ને કંપનીનું ૭૦૦૦ ટનનું મોટું જહાજ 'જલ જ્યોતિ' પહેલું ત્યાં નાંગર્યું. બીજી બાજુ વ્યાવહારિક સવલતો ખાતર સીલોનમાં 'નરોત્તમ ઍન્ડ પરેરા લિ.'ની ને લંડનમાં 'સિંધિયા સ્ટીમશિપ લિ.'ની સ્થાપના કરી. એવામાં આ દેશહિતચિંતક સાહસિક શેઠ નરોત્તમનું ૧૯૨૯ની પાંચમી નવેમ્બરે અવસાન થયું અને એમને સ્થાને શેઠ વાલચંદે વહીવટ સંભાળ્યો.

ઈ ૧૯૩૩-'૩૪માં કોરોમંડલથી રંગૂન વચ્ચે 'જલ-દુર્ગા' દ્વારા કંપનીની એક પ્રવાસી ખેપ ચાલુ થઈ પણ આ વ્યવસાય સરળ નહોતો. બીજી પણ અનેક નાની દેશી પેઢીઓ જે ઓછુંવત્તું વહાણવટું ખેડતી હતી, એને તોડી પાડવા પરદેશી પેઢીઓ અનેક કાવાદાવા




ઈ. ૧૯૪૮ની ૨૦ નવેમ્બરે છેક દિલ્હીથી વાયરલેસ દ્વારા સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલે સિંધિયાએ બાંધેલા બીજા જહાજ 'જલપ્રભા'ને સાગરમાં તરતું મૂકેલું.


કરતી રહેતી, ને અંગ્રેજ સરકાર કંઈક અંશે એને આડકતરું પીઠબળ પણ આપતી. આની સામે પણ 'સિંધિયા'ના વહીવટદારો લડતા રહેતા. આવી એક લડતમાં 'ભાર ઍવોર્ડ' લાવીને, 'સિંધિયા'એ દસ લાખની આવક જતી કરીને પણ નાનીનાની પેઢીઓને ઉગારી લીધી.

ઈ. ૧૯૩૬ની ૫મી નવેમ્બરે મુંબાઈમાં આજના જાણીતા 'સિંધિયા હાઉસ'નો સ્વ. ભૂલાભાઈ દેસાઈને હાથે પાયો નંખાયો. કંપનીએ 'ઇંગ્લિશસ્તાન' અને બે નવાં જહાજો 'અલ મદીના' તથા 'અલ હિંદ' હજના યાત્રીઓ માટે ચાલુ કર્યાં. વેગ, સગવડો અને સરસ્સરાથી એ ઘણી લોકપ્રિયતા પામ્યાં. આની સામે પણ ભાત્રફેરની હરીફાઈ મંડાઈ અને પરદેશી પેઢીઓએ માથાદીઠ ૧૭૨ રૂ.નો ભાવ રૂ. ૨૦ સુધી નીચો ઉતારી દીધો! પણ સરદાર વલ્લભભાઈની સલાહ અનુસાર 'સિંધિયા'એ મક્કમતા રાખી. આખરે સરકારને માથાદીઠ ૧૦૦નો ભાવ બાંધી આપવો પડ્યો ને ભાવકાપમાં ભાંગી પડતી બીજી નાની દેશી પેઢીઓ બચી ગઈ. ઈ. ૧૯૩૮ની ૨૩મી ડિસેમ્બરે કંપનીના મુખ્ય દફ્તર 'સિંધિયા હાઉસ'નું મુંબાઈમાં સરદાર પટેલે ઉદ્ઘાટન કર્યું.


ઈ. ૧૯૪૧માં કંપનીએ સરકારના અસહકાર છતાં વિશાખાપટ્ટમમાં જહાજો બનાવવા વાડો નાખ્યો. મોટાં શક્તિશાળી આઠ જહાજો એકીસાથે બાંધી શકાય એવો એ વિશાળ છે. ↓




બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ને સરકારે કંપનીનાં ૧૬ જહાજોને યુદ્ધકાલીન કામગીરી માટે રોકી લીધાં. આવા કાળે વહાણો દેશમાં જ બની શકે તો વધુ સારું એમ જણાવી કલકત્તા ને મુંબાઈમાં વાડા નાખવાના સિંધિયાના સાહસમાં સરકારે બિલકુલ અસહકાર દાખવ્યો. છતાં ૧૯૪૧ની ૨૧ જૂને કંપનીએ વિશાખાપટ્ટમમાં હિંમત કરીને ૫૫૦ ફૂટ લાંબા અને ૧૪,૦૦૦ ડેડવેઈટ ટનની શક્તિવાળાં આઠ જહાજો તૈયાર થઈ શકે એવો વિશાળ વાડો-શિપયાર્ડ તૈયાર કર્યો. પણ ત્યાં જ જાપાની હુમલો આવતાં સરકારે તે બંધ કરાવ્યો. છતાં હિંમત રાખી યંત્રસામગ્રી ને માણસોની ફેરવણી કરીને તેણે ત્રણ જ માસમાં મુંબાઈમાં વાડો ઊભો કરી દીધો ને યુદ્ધોપયોગી વહાણ બનાવવા માંડ્યાં. બર્મા પરના જાપાની હુમલા પછી ત્યાંના હિંદીઓને સ્થળાંતર



ગ્વાલિયરના મહારાજા સિંધિયા પાસેથી આ જહાજ 'લૉયલ્ટી' ખરીદ કરીને સિંધિયા કંપનીએ પોતાનો આરંભ કરેલો. મુંબાઈથી ઇંગ્લંડની એની પહેલી ખેપમાં અનેક નામી વ્યક્તિઓએ સફર કરેલી.



કંપનીનું એક જહાજ 'સાબરમતી': બેલફાસ્ટમાં એ તૈયાર થએલું. ઈ. ૧૯૬૧ની ૧૭ નવેમ્બરે એના પર પોર્ટુગીઝોએ તોપમારો કરેલો. નીચે: કંપનીનું છેલ્લું માલવાહક જહાજ 'એસ. એસ. નરોત્તમ મોરારજી'. ભારતના દફતરે નોંધાએલું એ આ પ્રકારનું મોટામાં મોટું 'બલ્કકૅરીઅર' જહાજ છે. આવું જ બીજું એક જહાજ પણ કંપની મેળવવાની છે.



સ્વરાજ પછીના વારાફેરા

સ્વતંત્રતા પછી ભારત સરકારે દેશના અર્થતંત્રમાં ભારતીય વહાણવટાનું મહત્ત્વ સમજી તેની સરતાજ સમ સિંધિયા કંપનીનો સહકાર ચાલુ કર્યો. 'જલ જવાહર' અને 'જલ આઝાદ' જહાજ યુનાઇટેડ કિંગડમ સુધી પ્રવાસીઓને લઈ જવા માંડયાં, અને અમેરિકા-કૅનેડા સુધી પણ સિંધિયાની સ્ટીમરો જતી થઈ.

વિશાખાપટ્ટમના જહાજવાડામાં 'જલઉષા' (૧૪ માર્ચ ૧૯૪૮) અને 'જલપ્રભા' (નવેમ્બર '૪૮) તૈયાર થયાં. એવામાં નબળી તબિયતને કારણે શેઠ વાલચંદ હીરાચંદ અધ્યક્ષસ્થાનેથી નિવૃત્ત થયા અને તેમને સ્થાને ધરમશી ખટાઉ આવ્યા.

યુદ્ધકાળમાં નુકસાન પામેલાં જહાજોની મરામત, માણસોની અને પૈસાની ખેંચમાં ત્રણેક વર્ષ બહુ કપરાં વીત્યાં; છતાં વિશાખાપટ્ટમમાં 'જલ પ્રકાશ' અને 'જલ પંખી' તરતાં મૂક્યાં. ભારત સરકારે બોલાવેલા ફ્રેંચ નિષ્ણાતોએ વિશાખાપટ્ટમ યાર્ડને બધી રીતે વિકાસયોગ્ય હોવાની ભલામણ કરી.

ભારત સરકારે પોતાના મુખ્ય મૂડી રોકાણથી 'ઈસ્ટર્ન શિપિંગ કૉર્પોરેશન' સ્થાપીને તે સિંધિયાને ચલાવવા સોંપ્યું.

ઇંગ્લંડ-ભારત સફર માટે સિંધિયાએ 'જલરાજેન્દ્ર' ને 'જલ વલ્લભ', ઑસ્ટ્રેલિયા-ભારત માટે મૂક્યાં. ઈસ્ટર્ન કૉર્પોરેશન સ્થાપીને 'સ્ટેઈટ ઑવ સૌરાષ્ટ્ર' અને 'સ્ટેઈટ ઑવ વેસ્ટ બેંગાલ' તૈયાર કર્યાં. અને મદ્રાસ સિંગાપોર સફર માટે 'જલગોપાલ' તૈયાર થયું.

વિશાખાપટ્ટમ-યાર્ડનું મહત્ત્વ સમજી સરકારે તેના વિકાસની બધી જવાબદારી પોતે ઉપાડી ને સિંધિયાના સહકારમાં 'હિંદુસ્તાન શિપયાર્ડ' સ્થાપ્યું. દરમિયાન સિંધિયાએ બીજાં આઠ માલવાહક જહાજ બનાવ્યાં.

૮ એપ્રિલ ૧૯૫૩: શેઠ વાલચંદ હીરાચંદનું અવસાન થયું અને ઉત્તરોત્તર પલટાતી જતી પરિસ્થિતિઓમાં જરૂરિયાત પ્રમાણે ઊભી કરેલી સ્વદેશી વહાણવટાની નાની નાની કંપનીઓ સંકેલી લીધી. ૧૯૫૬નો કંપની-ધારો આવતાં 'ઇસ્ટર્ન કૉર્પોરેશન'નો પણ વહીવટ છોડી દીધો. બીજી બાજુ આફ્રિકાના પશ્ચિમ કાંઠા તથા રશિયાની ખેપ શરૂ કરી અને ૧૯ જાન્યુ. ૧૯૫૭થી 'નરોત્તમ મોરારજી ઍન્ડ કં.' મૅનેજિંગ એજન્સીને બદલે શેઠ ધરમશી ખટાઉ, શેઠ શાંતિકુમાર નરોત્તમ મોરારજી તથા શ્રીમતી સુમતિ મોરારજીના વહીવટવાળી કમિટી ઑવ ડિરેક્ટર્સ ઊભી કરી.

ઈ. ૧૯૫૫થી '૬૦માં કંપનીએ ૨૫ કરોડના ખર્ચે ૨૪ જહાજો ખરીદ્યાં. બે જહાજ જાપાનમાં બંધાવ્યાં. ભાવનગરના નવા બનેલા લૉકગેઈટમાં પ્રથમ જહાજ 'જલતાપી'નો પ્રવેશ.

એપ્રિલ ૧૯૬૧: 'સિંધિયા હાઉસ'ના છઠ્ઠા માળે જહાજાત અને વહાણ બાંધવાની કળાને લગતી લાયબ્રેરીનું ઉદ્ઘાટન. જહાજાતને સ્પર્શતા બધા જ વિષયોનો ત્યાં મોટો ગ્રંથસંગ્રહ છે. સાથેસાથ એક સંશોધનકેન્દ્ર પણ છે.

ઈ. ૧૯૬૧માં ગોવાની સ્વાતંત્ર્ય લડત દરમ્યાન સિંધિયાના જહાજ 'સાબરમતી' પર પોર્ટુગીઝોનો તોપમારો. ગોવાની આઝાદી પછી કંપનીએ માર્માગોઆ અને પંજિમની સર્વિસ પણ ચાલુ કરી અને વધુ આઠ જહાજો પણ પોતાના કાફલામાં ઉમેર્યાં.

ઈ. ૧૯૬૫માં પાકિસ્તાને 'જલ રાજેન્દ્ર' અને 'સરસ્વતી'ને કરાચી બંદરમાં કેદ કર્યાં. ૨૩ ઑક્ટો. ૧૯૬૬માં આ બંને જહાજો મુંબાઈ પાછાં આવ્યાં.

ઈ. સ. ૧૯૬૯, ૨૭ માર્ચ. કંપનીની સુવર્ણજયંતી ઉજવાઈ.

કરાવવા ઓછે ભાવે, ને જરૂર પડયે મફત સેવા 'સિંધિયા'એ આપી. બીજી બાજુ કંપનીનાં ૧૯માંથી ૧૪ જહાજો જપ્ત થયાં અને ત્રણ લાંબા વખત માટે સરકારે લઈ લીધાં. પાછળ રહેલાં બે જ જહાજ દ્વારા કંપનીએ નિભાવવાનું રહ્યું, અને તેમાં યે ફેરફાર અને માલ પર પણ પ્રતિબંધ મુકાયા હતા! અધૂરામાં પૂરું મુંબાઈમાં થએલા દારૂગોળાના ધડાકામાં તેનાં ચાર વહાણો અને બીજી મિલકતને મોટું નુકસાન થયું. આ દરમિયાન જહાજોની મરામત માટે વિશાખાપટ્ટમના યાર્ડનું મહત્ત્વ સમજાતાં કંપનીએ ત્યાં સ્થળાંતર કર્યું.

લડાઈમાં કંપનીનાં આઠ જહાજો ગુમ થયાં. કંપની પાસે હવે બે સફરી અને તેર માલવાહક જહાજો જ રહ્યાં. સરકારે પાછાં આપેલાં વહાણો પણ યુદ્ધકાલીન પ્રવૃત્તિમાં ભંગાર જેવાં થઈ ગએલાં, જેની મોંઘી દાટ મરામત પણ કંપનીને માથે આવી પડી. પણ આ બધી મુશ્કેલીઓમાં યે સિંધિયા'એ હિંમતથી આગેકૂચ જારી રાખી. ત્યાં તો સ્વરાજ આવી ગયું અને ગાંધીજીના 'સ્વદેશી'ના સિદ્ધાંત પર રચાએલી આ પેઢીએ સ્વરાજની હૂંફમાં ધીમો પણ સ્થિર વિકાસ સાધ્યો. ત્યારથી આજ સુધીના એના વારાફેરાની નોંધ ઉપર ચોકઠામાં જોવા મળશે.

સિંધિયાના વિકાસના મૂળમાં રહેલાં સ્થાપકોનાં આ બધાં સાહસ, વ્યવહારકુશળતા ને દીર્ઘ દૃષ્ટિની સાથોસાથ યશભાગી રહેલી એના જનરલ મૅનેજર શ્રી મનસુખલાલ માસ્તરની કુનેહભરી કાર્યદક્ષતા અહીં ખાસ ઉલ્લેખ માગે છે. ૧૯૪૯માં એમણે નિવૃત્તિ લીધેલી. એમની એ સેવાઓને ૧૯૬૮માં ભારત સરકારે 'પદ્મભૂષણ' પદથી નવાજી છે.

અત્યાર સુધીનાં એનાં કુલ ૧૧૪ જેટલાં જહાજોમાંથી હાલ 'સિંધિયા' ૪૮ જહાજો ધરાવે છે. પાંચ જહાજો યુદ્ધસમયમાં ગુમ થઈ ગયાં છે; બે મુંબાઇના ધડાકામાં ખલાસ થઈ ગયાં અને બે અકસ્માતમાં. બાકીનાં જહાજો એની કામગીરીની નિયમાનુસારની સેવા પૂરી થતાં રદ કર્યાં કે વેચી નાખ્યાં છે. આજે કંપની પાસેનાં જહાજોમાં 'નરોત્તમ મોરારજી' નામે જે એક વિશાળ માલવાહક—બલ્ક કૅરીઅર જહાજ છે એ ભારતમાં એ પ્રકારનું મોટામાં મોટું છે, અને આવું જ બીજું જહાજ 'વાલચંદ હીરાચંદ' ટૂંક સમયમાં કંપની મેળવવાની છે.

આમ, આ સદીમાં માત્ર છેલ્લાં પચાસ વર્ષમાં દેશના જલવ્યાપાર ને વહાણવટાને પુનર્જીવિત કરી, વિકસાવીને 'સિંધિયા'એ ભારતીય વહાણવટાની પ્રાચીન ગૌરવગાથાને સજીવન કરી દેશનું મોં ઊજળું કર્યું છે. આ માર્ચ માસમાં જ એણે પોતાની સુવર્ણ-જયંતી ઊજવી. એ પ્રસંગે પ્રકટ થએલા સચિત્ર અંગ્રેજી પુસ્તક 'સાગા ઑવ સિંધિયા'માં એ સંસ્થાના વિકાસનો જે વિગતવાર ઇતિહાસ આપ્યો છે એ કોઈ પણ સાહસિક ભારતવાસીને શેર લોહી ચડાવે એવો છે.

શિષ્ટવાચન પરીક્ષા

તા. ૫ ઑક્ટોબર '૬૯ના રોજ લેવાનારી વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફની ૧૯મી શિષ્ટવાચન પરીક્ષા માટે (આ વર્ષ ગાંધી શતાબ્દીનું હોઈ) નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદે પરીક્ષા માટે જ ખાસ પ્રસિદ્ધ કરેલું 'ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા' પુસ્તક રાખ્યું છે.

જે ગામેથી નિદાન દસ ઉમેદવારો ઊભા થશે ત્યાં આ પરીક્ષાનું કેન્દ્ર અપાશે. પરીક્ષાર્થી દીઠ પ્રવેશ ફી ફક્ત ૩૦ પૈસા છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઈનામ આપવાની પણ યોજના છે. વિશેષ હકીકત જાણવા તા. ૨૫-૮-૬૯ સુધીમાં મંત્રીશ્રી વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા, એ સરનામે લખવું.

સાહિત્યસંપર્ક

'ગમતાં ગીતો'

જાણીતી શિક્ષણસંસ્થા શ્રેયસનાં સંચાલિકા શ્રી લીનાબેન મંગળદાસ તરફથી ૧૯૬૪ થી '૬૮ સુધીમાં પ્રસિદ્ધ થએલાં 'ગમતાં ગીતો'ના ચાર ભાગનો આ સમુચ્ચય ભલે 'શ્રેયસનાં બાળકોને નાટકો ભજવતાં, ઉત્સવો ઊજવતાં, પ્રવાસો ખેડતાં, રમતાં-ભણતાં, ઊઠતાં-સૂતાં ખપ લાગે' એ હેતુથી થયો હોય, પરંતુ વિશાળતયા તો આવી જરૂરિયાત બધાં જ બાળકોની હોય છે, એટલે આ સંપાદન છૂટાં-છવાયાં પડેલાં એ પ્રકારનાં બાળકિશોરોપયોગી ગીતો આપણને એકસાથે સુલભ કરી આપે છે એ દૃષ્ટિએ એનું મહત્ત્વ છે.

એમણે સંગ્રહિત કરેલા વિષયોમાં કુદરત-સમય-ઋતુ-વનસ્પતિ ગીતો (ભાગ-૧); જંતુ-પક્ષી-પશુ-ક્રીડા-ઊર્મિ-અભિલાષ સંબંધી ગીતો (ભાગ-૨); પદાર્થ-વ્યવસાય-ગમ્મત-પ્રવાસ-રાષ્ટ્ર-કથાગીતો (ભાગ-૩); કૃષ્ણ ગીતો અને લોકગીતો તેમજ ધૂન અને પૂર્તિ (ભાગ-૪) એવું વિશાળ વૈવિધ્ય છે. ગીતોમાં આવતા અઘરા શબ્દોના અર્થ પણ જે તે પૃષ્ઠ પર જ આપ્યા છે એ બાળકોને એ ગીતનો રસાસ્વાદ કરવામાં ખૂબ ઉપયોગી થઈ પડે તેવા છે. છતાં ભાગ-૧માં 'વેકરામાં' (પૃ. ૪૧), 'દાદુર' (પૃ ૭૮) જેવા વધારે શબ્દોના અર્થો આપવાની જરૂર હતી. બાલ-કિશોરોની વયને ધ્યાનમાં રાખી પસંદ કરેલું પુસ્તકોનું નાનકડું કદ તેમજ પ્રત્યેક ભાગનાં વિભાગીય ગીતોની પૂર્વે પ્રતીકરૂપે મૂકવામાં આવેલ શોભનચિત્રો વગેરે નોંધપાત્ર છે. ચોથા ભાગને અંતે આપવામાં આવેલો કવિઓનો સંક્ષિપ્ત પરિચય તેમજ સંદર્ભસૂચિ સંગ્રહની વિશેષતામાં ઉમેરો કરે છે.

સામાન્ય રીતે બાલગીતો સરળ ભાષા-શૈલીમાં રચાયાં હોય અને બાલ-કિશોરોની કલ્પનાશક્તિને ઉત્તેજવાની સાથે જ્ઞાન-ગમ્મત આપે તેવાં હોય એ જરૂરી છે. એ દૃષ્ટિએ ત્રિભુવન વ્યાસ, સોમાભાઈ ભાવસાર, દેશળજી પરમાર, ગિજુભાઈ, જુગતરામ, મેઘાણી, સુન્દરમ્ અને શ્રીધરાણીની રચનાઓ ખાસ નોંધપાત્ર છે; જ્યારે ન્હાનાલાલ-નરસિંહરાવ જેવાની કેટલીક રચનાઓ આમુખમાં નિર્દેશ્યા પ્રમાણે દસ વર્ષ સુધીનાં બાલ-કિશોરોને માણવા માટે થોડી અઘરી પડે છે. અજાણ પ્રસિદ્ધ રચનાઓ રજૂ થઈ છે તેમાંની ઘણીખરી મહદંશે બાળગીતોના બરની જ છે.

રાષ્ટ્રગીતો અને કથાગીતોના વિભાગમાં હજુ થોડાં વિશેષ ગીતો સમાવી શકાય. રવીન્દ્રનાથની આપણા રાષ્ટ્રગીતની આખીય રચના અહીં મૂકી છે તે સાર્થ છે. 'રંગ રંગ વાદળિયાં' અને 'અડકો દડકો' જેવી પ્રસિદ્ધ રચનાઓ સંપાદિકાના ધ્યાન બહાર રહી ગઈ છે તે આશ્ચર્ય કહેવાય. કેટલાક જોડણીદોષો નિવારી શકાયા હોત. ભાગ ૪, પૃ. ૬૭ ઉપર 'ઊમટ્યાં'ની શુદ્ધ ને અશુદ્ધ જોડણી એકસાથે રજૂ થઈ છે તેવી ક્ષતિઓ નિવારી શકાઈ હોત. 'કથાગીતો'ના વિભાગમાં મૂકેલું 'મીરાં નાચી રે' ખરેખર 'ઊર્મિગીતો'ના વિભાગમાં ને 'ઋતુગીતો'ના વિભાગમાં મુકાએલું 'ડાંગરનાં ખેતર' 'વનસ્પતિ ગીતો'ના વિભાગમાં મુકાવાં જોઈતાં હતાં. 'સંબંધગીતો'ના વિભાગમાં પણ કેટલાંક ઊર્મિમય ભજનો આમેજ થઈ ગયાં છે તે પણ થોડી ચીવટથી યથાસ્થાને મૂકી શકાયાં હોત. છતાં આ સંગ્રહો ગુજરાતી બાલસાહિત્યમાં એક આવકાર્ય સંપાદનનો ઉમેરો અવશ્ય કરે છે.

—ધીરુ પરીખ

શબ્દકથા: 'પાડી' · 'પાડરુ'

ગુજરાત-સૌરાષ્ટ્રનું પશુપાલન અને ગોપજીવન ઇતિહાસ-પુરાણમાં પણ સુવિદિત છે. આભીરોનો સૌરાષ્ટ્ર સાથે સંબંધ, 'ગુર્જર'નો 'ગોવાળ' એવો અર્થ વગેરે જાણીતા છે. એટલે ઢોરઉછેરને લગતી શબ્દાવલિ (વહાણવટાની શબ્દાવલિની જેમ) પરંપરાથી જ ચાલુ વપરાશમાં હોય. ભેંશની અવસ્થા અને પ્રકાર અનુસાર જે કેટલાક જુદાજુદા શબ્દ ગુજરાતીમાં છે, તે આ શબ્દાવલિનો જ એક ભાગ છે.

ભેંશ, પાડી-પાડો, ખડાઇ, ઝોટડી અને પારેઠ એમાંથી ઓછા પરિચિતના અર્થ આ પ્રમાણે છે: **ખડાઇ**='પહેલી વાર ગાભણી બનેલી પાડી.' **ઝોટડી**='જુવાન ભેંશ.' **પારેઠ**='વિયાયા પછી દૂઝવાની મુદતનો લગભગ અર્ધ ભાગ વીત્યો હોય તેવી દૂઝણી ભેંશ.' આમાં સંસ્કૃતમાંથી ઊતરી આવેલો શબ્દ એક માત્ર 'ભેંશ.'

સં૦ મહિષી, પ્રા૦ મહિસી, ભઇસિ, ભેંશ. ભેંસાસુરમાં પણ સં. મહિષ છે. બાકીના કાં તો પરભાષામાંથી આવ્યા છે, અથવા તો તેમનું મૂળ અજ્ઞાત છે.

પ્રથમ પાડી લઈએ. તેને માટે પ્રાકૃતમાં આટલી સામગ્રી છે: પડ્ડય=પાડો, પડ્ડિયા=પાડી, પડ્ડુત્થી=દૂઝણી. ઉપરાંત હેમચંદ્રે પડ્ડી='પહેલવેતરી' દેશ્ય તરીકે નોંધ્યો છે.

તેરમી શતાબ્દીમાં રચેલ મેરુતુંગ કૃત 'પ્રબંધચિંતામણિ'માં મુંજરાજ-પ્રબંધમાં તૈલિપના બંદી તરીકે ભિક્ષા અર્થે આવેલા મુંજને શ્રીમંતાઈના મદવાળી એક ગૃહિણી પાડરુને છાશ પાતી પાતી ભિક્ષા આપવાની ના પાડે છે, ત્યારે મુંજ તેને કહે છે:

'ભોલી મુંધ મ ગવ્વુ કરિ, પિક્ખિવિ પડ્ડરૂયાઇં,
ચઉદ્દહ સઇં છહુત્તરઇં, મુંજહ ગયહ ગયાઇં.'

[ભોળી મુગ્ધા, પાડરુ જોઈને ગર્વ ન કર. મુંજને ત્યાં ચૌદ સો ને છોતેર ગજરાજ હતા તે ય ગયા]

આ અપભ્રંશ દુહામાં 'પડ્ડરૂય' શબ્દ વપરાયો છે. તેના ઉપરથી પ્રબંધકારે સંસ્કૃતમાં પણ 'પડ્ડકરૂપ' એવો શબ્દ ઘડી કાઢ્યો છે. અપભ્રંશ 'પડ્ડરૂય' પરથી ગુજરાતી 'પાડરુ' અને બિહારી 'પાડરૂ' થયા છે. પ્રાણીનામોને અંતે સંસ્કૃતમાં કેટલીક વાર '૦રૂપ' ઉમેરાતું; પ્રાકૃતમાં '૦રૂઅ' કે '૦રૂય'. પડ્ડ+રૂય='પડરૂય', પછી 'પાડરૂ', 'પાડરુ'. જોડણીકોશમાં 'પાડરું' (તેમજ અન્યત્ર 'એરું' વગેરે) એમ અંતે અનુનાસિકવાળી જોડણી આપી છે તે ખોટી સમજનું પરિણામ છે.

દસમી શતાબ્દીના 'બૃહત્કથા કોશ'ના જૈન સંસ્કૃતમાં 'પડ્ડક' શબ્દ મળે છે. આ પણ પ્રાકૃત 'પડ્ડય' ઉપરથી ઘડી કાઢેલો છે. અન્ય અર્વાચીન ભારતીય ભાષાઓમાંથી નીચેના શબ્દ મળે છે: બિહારી-'પાડા', 'પાડરુ'; હિંદી-'પાડા'; સિંધી-'પાડો'; મરાઠી-'પાડા'.

'પડ્ડ'ના મૂળરૂપ તરીકે લઈ શકાય તેવું પ્રાકૃતથી આગળ કશું નથી મળતું. હેમચંદ્રે પણ 'પડ્ડ'ને દેશ્ય શબ્દ તરીકે નોંધ્યો છે. પણ દ્રાવિડી ભાષાઓમાં 'પડ્ડ' સાથે દેખીતી જ સંકળાયેલી હોય તેવી શબ્દસામગ્રી મળે છે, તે નીચે મુજબ છે:

કન્નડ-'પડ્ડે'='પુખ્ત; દવરાવવાને યોગ્ય અવસ્થા.' તેલુગુ-'પડ્ડ'='પુખ્ત પાડી કે વાછડી'.
કોલામી-'પડ્ડેલુ'='વાછડી'. નાયકી-'પડ્ડ'=પુખ્ત વાછડી'.

કન્નડમાં 'પુખ્તપણું', 'દવરાવવાને યોગ્ય અવસ્થા' એવો સામાન્ય ભાવ ધરાવતો અર્થ છે, તે ધ્યાનમાં લેતાં 'પડ્ડ' મૂળે દ્રાવિડી હોવાની સંભાવના છે. વળી, આગળ જોઈશું તેમ, 'ખડાઇ' શબ્દની વ્યુત્પત્તિથી પણ આ વાતને સમર્થન મળે છે.

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

વિશ્વવંદ્ય કિરણાવલી: (કિરણ-૩). શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગના ઉત્સવો પ્રસંગે અપાએલાં શ્રીમાન વિશ્વવંદ્યનાં ૭ વ્યાખ્યાનો સાથે શ્રેયસ્સાધક, અધ્યાત્મ પોષક સહાયકારી વિચારબલ, શ્વસન વિદ્યાકલા, શ્રી નૃસિંહ લીલામૃત અને સુખનાં સરલ સાધનો, એ વિષયો પરના મનનીય લેખો. કર્તા: શ્રીમન્ન્ વિશ્વવંદ્ય. પ્રકાશક: શ્રીનૃસિંહ પ્રકાશન, ૨૩ ગોવાલિયા ટૅંક રોડ, મુંબાઈ-૨૬. પૃ. ૫૯૧, પાકું પૂઠું. રૂા. ૬-૫૦.

આંતરમન: માનવીના અંતરમાં રહેલા અમર્યાદ સામર્થ્યવાન 'કંઈક'ને વિષે મનનીય સમજ આપતી, જીવનઘડતરમાં મ.ગંદર્શક પુસ્તિકા. લેખક: શ્રીમાન 'વિશ્વવંદ્ય'; પ્રકાશક: શ્રીનૃસિંહ પ્રકાશન વતી જગન્નાથ પૂનલાલ ડૉક્ટર, ૨૨ ગોવાલિયા ટૅંક રોડ, મુંબાઈ-૨૬. પૃ. ૧૫૨, પાકું પૂઠું, રૂા. ૨-૫૦.

આપણો ધ્વજ: ભારતનો રાષ્ટ્ર-ધ્વજ નિશ્ચિત થયા પૂર્વેના આ દેશના સંજ્ઞાધ્વજનો સચિત્ર ઇતિહાસ, આપણા રાષ્ટ્રધ્વજનો પરિચય, અને રાષ્ટ્રપતિ રાજ્યપાલો તથા સૈન્યની ત્રણે પાંખોના ધ્વજની ઓળખ સાથે એના પ્રત્યેની આપણી ફરજ તેમજ એ ફરકાવવા અંગેના નિયમો વગેરેની સમજ આપતી પુસ્તિકા. પ્રત્યેક શિક્ષણસંસ્થાએ વસાવવા, ને પ્રત્યેક ભારતીય નાગરિકે વાંચી જવા યોગ્ય. પ્રકાશક: પબ્લિકેશન ડિવિઝન, મિનિસ્ટ્રી ઑવ ઈન્ફર્મેશન ઍન્ડ બ્રોડકાસ્ટિંગ, ઓલ્ડ સેક્રેટરીએટ, દિલ્હી-૬. પૃ. ૩૪, કાચું પૂઠું. રૂ ૧

જીવન-ઘડતર: આજની દિશાહીન પેઢીને ચારિત્ર્ય અને વ્યક્તિઘડતરનો ચિંતનપૂત માર્ગ દાખવતું, નવચેતનના તંત્રીશ્રી ચાંપશી વિ. ઉદ્દેશીનું પુસ્તક. પ્ર૦: નવચેતન'મુખ્ય વિક્રેતા: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ. પૃ. ૧૬૦. કાચું પૂઠું, રૂ. ૨

શકુંતલા, ગોરખ અને મચ્છિન્દ્ર: ગુજરાત સમાચારમાં દર શનિવારે પ્રસિદ્ધ થતી 'પાનસોપારી' કટારના રાજકીય વિષય પરના કટાક્ષલેખોનો સંગ્રહ લે. ચિનુભાઈ પટવા (ફિલસૂફ); પ્ર૦ લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી રોડ, પૂલ નીચે, અમદાવાદ-૧; પૃ. ૩૬૪, પાકું પૂઠું, રૂ. ૯-૫૦.

ચાલો સજોડે પ્રવાસ કરીએ: શ્રી 'ફિલસૂફ'નાં હાસ્યરસિક પ્રવાસવર્ણનો. પ્ર૦ ઉપર મુજબ, પૃ. ૧૭૬, પાકું પૂઠું, રૂ. ૫.

નટશૂન્ય પ્રહસનો: શ્રી દામુ સાંગાણીનાં હાસ્યરસિક એકાંકી. પ્ર. નવયુગ પુ. ભંડાર, રાજકોટ-૧, પૃ. ૨૦૦, પાકું પૂઠું, રૂ. ૫-૨૫.

સપનાંની વણઝાર: શ્રી ઉપેન ભટ્ટાચાર્યની નવલકથા. પ્ર. રૂપાલી પ્રકાશન; અમદાવાદ-૪, પૃ. ૨૮૦, પાકું પૂઠું. રૂ. ૮.

સહકાર વિષે ચિંતન અને મનન. ડૉ. ધીરજલાલ ધ. શાહે એ ક્ષેત્રે પ્રાપ્ત કરેલી દૃષ્ટિ અને સિદ્ધિનાં દ્યોતક લખાણો. પ્રકાશક: અમદાવાદ જિલ્લા સહકારી સંઘ. સરદાર વલ્લભભાઈ માર્ગ, અમદાવાદ-૧; પરિશિષ્ટ અને સૂચિ સાથે પૃ. ૨૬૧, પાકું પૂઠું, રૂ. ૫

ગયા અંકમાં આપેલા 'આસ્વાદ'ના લેખક હતા શ્રી મેઘનાદ ભટ્ટ. એમનું નામ રહી જવા માટે દિલગીર છીએ.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી રવિશંકર સંતોષરામ ભટ્ટ

જન્મ: ૧૩ ડિસે. ૧૯૦૯. ભાવનગર અને મુંબઈમાં અભ્યાસ કરી ૧૯૩૨માં બી. એ. (ઑનર્સ) અને 'લંડન સ્કૂલ ઑવ ઈકૉનૉમિક્સ ઍન્ડ પૉલિટિકલ સાયન્સ'માંથી ૧૯૩૬માંથી એમ.એ. ૧૯૩૬-'૪૦ ઈન્ડસ્ટ્રીઅલ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટના સેક્રેટરી. ૧૯૪૦ થી '૪૭ ભાવનગર દીવાનના સેક્રેટરી, ને પાછળથી નાયબ દીવાન. ૧૯૪૮ થી '૫૩ ઓરીએન્ટલ લાઇફ ઍસ્યોરન્સ કંપનીમાં ફાઈનૅન્શીઅલ ઑફિસર. ૧૯૫૩થી '૫૭ બૉમ્બે ફાઈનૅન્શીઅલ કૉર્પોરેશનના મૅનૅજિંગ ડિરેક્ટર, ૧૯૫૭-'૬૦ ટૅરિફ કમિશનના સભ્ય, અને હવે યુનિટ ટ્રસ્ટ ઑવ ઈંડિયાના અધ્યક્ષ. પણ આ બધાથી પાછળ ત્રીસીના એક સરસ કવિ અને સાહિત્યના જીવ છુપાયા છે, એ જાણો છો?

૧ રાષ્ટ્રનો આર્થિક વિકાસ સાધવા માટે શાં સાધનો જરૂરી છે?

ઉ. રાષ્ટ્રની ભૌતિક, માનવીય અને નાણાંકીય સંપત્તિનો આયોજિત અને કાર્યક્ષમ રીતે વિનિયોગ થાય તો આર્થિક વિકાસ સમતોલ અને સર્વાંગી બનાવી શકાય. રાષ્ટ્રીય આવકના લગભગ દસથી બાર ટકા જેટલું બચતનું પ્રમાણ હોય તો વિકાસની ગતિ ઉચ્ચ કક્ષાએ જળવાઈ રહે.

૨ ઔદ્યોગિક વિકાસ સાધવા માટે શું કરવું જોઈએ?

ઉ. હિંદ ખેતીપ્રધાન દેશ હોઈને ખેતીની આબાદી અને વિકાસ પર ઉદ્યોગોનો વિકાસ ઘણે અંશે અવલંબે છે અત્યાર સુધીમાં ઉદ્યોગોમાં થએલા વિકાસનો કાર્યક્ષમ ઉપયોગ કરીને આપણે આંતરિક માગને, અને પરદેશોમાં આપણા માલની નિકાસની જરૂરિયાતોને પહોંચી વળવા પ્રયત્ન કરીએ તો આપણે આપણા લોકોને વિશેષ રોજી પૂરી પાડી શકીશું અને દેશની સંપત્તિ વધારીશું.

૩ યુનિટ ટ્રસ્ટની યોજના પાછળ મુખ્ય હેતુ શો છે?

ઉ. નાની અને મધ્યમ આવકવાળા વર્ગોની બચત સંગ્રહિત કરવાનું અને સુરક્ષિત, સ્થિર આવકવાળું તથા નાણાંની જરૂર હોય ત્યારે વેચી શકાય તેવું, રોકાણનું સાધન પૂરું પાડવાનું છે. ટ્રસ્ટ પોતે આ નાણાંનું સંગીન અને કાર્યક્ષમ રીતે રોકાણ કરીને આ હેતુ સિદ્ધ કરે છે.

૪ યુનિટ ટ્રસ્ટને વધુ લાભદાયક બનાવવાની યોજનાઓ શી છે?

ઉ. અત્યાર સુધી યુનિટ ટ્રસ્ટે એક યોજનાનો અમલ કર્યો છે: આશરે ૨,૫૦,૦૦૦ ખાતાં દ્વારા રૂ ૫૫ કરોડથી વિશેષ મૂડી એકઠી કરી છે. 'મરજિયાત બચત યોજના' અને 'બચત સાથે વીમા'ની યોજનાઓ તૈયાર થાય છે.

૫ સાહિત્ય અને લલિતકળાઓમાં આપની પસંદગી કેવી છે?

ઉ. સાહિત્યમાં કવિતા, નાટ્ય અને હાસ્યરસિક લેખો; લલિતકળાઓમાં સંગીત અને ચિત્રકળામાં મને રસ છે.

૬ આપ જીવનમાં પ્રધાનપણું શાને આપો છો?

ઉ. આપણી ફરજ સંપૂર્ણ રીતે અદા કરીએ અને સારા યે જીવનમાં બીજા લોકોને યત્કિંચિતરૂપે ઉપયોગી અને મદદરૂપ થઈએ તો આત્મ-સંતોષ મળી શકે.

૭ આપનો અંગત શોખ શાનો છે?

ઉ. વાચન અને સવાર-સાંજ ખુલ્લી હવામાં ફરવાનો.

રવિશંકર સંતોષરામ ભટ્ટ



ખ્યાતનામ કલાકાર 'ચન્દ્ર'ની કલમમાંથી 'પગલીના પાડનાર' એ મથાળા નીચે નટખટ બાળકનાં તોફાનોની પજવણીનાં જે કાર્ટૂનો 'સ્ત્રી' સાપ્તાહિકમાં પ્રકટતાં રહી સદા આનંદ આપતાં રહ્યાં છે તેના ૧૫૨ ચિત્રોના નાના સુંદર સંગ્રહમાંથી ચૂંટેલી વાનગી. 'પગલીમાંથી ડગ માંડતો અને ડગમાંથી દોટ મૂકતો બાળક ઘરમાં જે ધમસાણ મચાવવા માંડે છે તેથી સૌ પરિચિત છે. બા સાથેના વિવાદ કે પપ્પાની યે બુદ્ધિ બહેર મારી જાય એવાં એ તોફાની બારકસનાં પરાક્રમોમાંની ચતુરાઇ, દોંગાઈ, નિર્દોષતા, મસ્તીનો મુક્ત આનંદ વગેરેની સાથે તેની પાછળ રહેલી વર્તમાન પરિબળોની અસર પણ એમાં કટાક્ષનું નિશાન બને છે. (સેતુ પ્રકાશન ૧૪ આદર્શ સોસાએટી, નવરંગપુરા, અમદાવાદ-૯; રૂ. ૨ા)

અમેરિકામાં નાટક

ચન્દ્રવદન મહેતાની

અંતરગઠરી · ૧૯

યુનાઇટેડ સ્ટેઇટ્સમાં લીબર્ટીનો વાવટો ફરક્યો ત્યારે ત્યાંના ને ગ્રેઇટ બ્રિટનના ગોરા સામસામા યુદ્ધના મોરચા માંડી બેઠા હતા. વર્જિનિયાના એક સામાન્ય ખેડૂત કર્નલ રૉબર્ટ મનફૉર્ડે ત્યારે 'દેશભક્તો' નામનું પહેલું નાટક—કૉમેડી—પ્રહસન લખ્યું. એમાં અમેરિકન પ્રજાની દેશદાઝ, અને સામે અંગ્રેજ અફસરોની તુમાખી, આછકલાઈ, તોર ને તુંડાઈ નિરૂપી હતી. આ નાટક વખણાયેલું અને તરત જ બૉસ્ટનમાં ૧૭૭૭માં 'બંકરહિલની લડાઈ' નામે બીજું નાટક રજૂ કરવામાં આવ્યું, એમાં લાલ ડગલીવાળા બ્રિટિશ સોલ્જરો સામે પોકારવામાં આવેલા બળવાનાં દશ્યો સાંકળવામાં આવ્યાં હતાં.

આ અંગ્રેજો, મારા વહાલા કંઈ ઓછા ઉધમાતિયા નહોતા. પોતાને ત્યાંથી નાસી છૂટેલા અંગ્રેજો પોતાની અજ્ઞાએદી હકુમત ચલાવે, તે એમનાથી જોયું ગયું નહિ અને લડાઇઓ ઉપર લડાઈઓ થઈ. પણ આપણે એ ઇતિહાસ સાથે કામ નથી. એ ઘર્ષણમાંથી 'અમેરિકન નાટક' ઊભું થયું. બળવાખોરોમાં ભરેલા એવા ન્યૂ યૉર્કના જ્હૉન ટાઈલરે 'કૉન્ટ્રાસ્ટ' નામનું નાટક લખ્યું, અને તે ૧૭૮૭માં ભજવાયું. એ જ વાત: એક બાજુ બ્રિટિશ ગોરો અને બીજી બાજુ સ્વતંત્ર થવા મથતો અમેરિકન ગોરો. આ પોતાનો વાવટો, તે ઊંચો રાખવાની ઝુંબેશ, જુલ્મગારની કપરી કડવી નીતિરીતિ, ટુકડા જમીન માટે જિંદગી ન્યોછાવર કરવાની તમન્ના, આવા આવા દરેક ઊગતી પ્રજાના સવાલોની છણાવટભર્યાં નાટકો લખાતાં-ભજવાતાં. એમાં ક્યાંક આંતરરાષ્ટ્રીય કોયડાઓ પણ ચમકી જતા. ૧૭૯૮માં રજૂ થએલું એક નાટક નામે 'આંદ્રે'; લેખક વિલિયમ ડનલાપ. એ નાટકમાં પણ અમેરિકન ફોજી હરોળમાં પકડાએલા એક બ્રિટિશ જાસૂસની વાત છે. એને પકડ્યો, એની ઉપર ફોજી અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું, અને એને ફાંસીને લાકડે ટંગાવ્યો. આમાં, એને ફાંસી આપતાં પહેલાં બેપાંચ જુદાજુદા દેશના અધિકારીઓએ એને બચાવવા દલીલબાજી કરી, પણ અંતે તો એને ટાંગ્યો જ. લેખકે આ નાટકમાં અપદ્યાગદ્યનો ઉપયોગ કર્યો છે, એ નવલી વાત, એ દિશામાં આ પહેલો પ્રયોગ.

હવે ધીમેધીમે પશ્ચિમના પ્રદેશમાં પણ સ્વતંત્રતાના પાઠ ભણાતા શરૂ થયા અને એ પ્રદેશનો સમગ્ર વિસ્તાર એકધારા દોરમાં વણાવા લાગ્યો તેમ ત્યાં પણ એ પ્રકારનાં નાટકો લખાવા માંડ્યાં. પછી ગુલામી પ્રથા વિરુદ્ધ જલ્લાદ વંટોળ જગાવનાર 'અંકલ ટૉમ્સ કૅબિન' નામની પ્રખ્યાત નવલકથા ઉપરથી નાટક લખાયું, અને ઇ. ૧૮૫૨માં ન્યૂ યૉર્કનાં છાપાંઓમાં સળવળાટ થતો જણાયો. (આ એ જ જમાનો કે જ્યારે હિન્દભરમાં નવી નાટકશાળાનાં પગરણ મંડાતાં હતાં; કલકત્તા, સાંગલી, પૂના, મુંબાઈ; થોડુંક રહીને સુરત, અમદાવાદ, હળવદ). રંગભેદનો સવાલ આમ શપરમાં રંગભૂમિ ઉપર ચળવળ્યો.

ઈ. ૧૮૫૨માં સળવળેલો સવાલ ૧૯૭૦માં પણ ઊકળી રહ્યો છે. અંગ્રેજ ગોરાના પોતાના દેશમાં હનો, એ ગોરો આફ્રિકામાં જઈ ડંડો જમાવી અડ્ડો માંડી બેઠો તો ત્યાં દક્ષિણ પ્રદેશમાં યે પોતાની તુમાખી છોડતો નથી. નહિ છોડે; મનુષ્યસ્વભાવ એવો છે. ગોરાઓની શી વાત કરવી? આપણી જ વાત કરોને! ગઈ કાલ સુધી, અને આજે પણ હજી કેટલાક છે તે, હિન્દી=એશિયાઇ ભાઇઓને નૈરોબી કંપાલામાં નિગ્રોને કાળિયો 'ળ' જ્યાં બરાબર નહિ બોલાતો હોય ત્યાં 'કારિયો હજી નથી આયો' એમ નોકરને માટે વિદ્વત્તા અને માનભર્યું સંબોધન કરતાં નથી સાંભળ્યા? અને આપણે તો ગોરામાં યે નથી. બહુબહુ તો ઘઉંવર્ણા. પણ નિગ્રોને કાળિયા કહેનારાઓનાં મોંની ચામડી જુઓ તો નિગ્રો જેટલી જ કાળી! (દિલ અને જીવની વાત આપણે બાજુએ મૂકીએ. તે ધોળા ગોરા તો નહિ જ.) આ અંકલ ટૉમના પાત્રે દક્ષિણ પ્રદેશમાં ખળભળાટ ઊભરાવ્યો, એમાંથી ટંટા બખેડા થયા, બળવા ફાટી નીકળ્યા, એ બધો તો જાણીતો ઇતિહાસ છે. એટલે એક બાજુ દોલત, સત્તા; બીજી બાજુ ગુલામી વેતરાં સેવા, એમાંથી 'માનવજાતના મૂળભૂત હક્કો, અને માનવજાતનું ગૌરવ' એવા સિદ્ધાંતો નિપજ્યા, જે સવાલોના માનવજાતે હજી પૂરેપૂરી રીતે નિકાલ કરવાના બાકી છે.

પછી તો સિવિલ વૉર, માંહોમાંહેની કાપાકાપી શરૂ થઈ. એનાં પાસાંપડખાં પણ રંગભૂમિ ઉપર રજૂ થયાં: ગુલામો નહિ જોઇએ, કોઈ ગોરો ગુલામી પ્રથા નાબૂદ કરવા જાય તો એના પ્રાંતના ગોરા પેલા ગોરાને જ મારે, અને એ નાસી શકે તો લશ્કર ભેગું કરી એ પોતાના પ્રાંતના ગોરાઓ સામે ઝઝૂમે. એકાદ સિદ્ધાંત, ક્યાંક અસંતોષ, ક્યાંક ભાગલાગના વાંધા, એમાંથી કજિયાકંકાસ, ઝપાઝપી, હલ્લાહુમલા. આ બધા ત્યાંના અંદર અંદરના ફફડાટો સામે આપણા બહારવટાથી માંડી રાજસ્થાનના રણમોરચા સરખાવો, તો એમાં પણ ક્યાંક રંગભેદ નહિ તો કુળભેદ, રાજ્યસત્તા નહિ તો ધનલોભ, ઍટઆબરુ નહિ તો કીર્તિલોભ, અને એ બધામાં શૂરાતન, અને એ શૂરાતનને નામે ભાઇએ ભાઇને, દીકરે સગા બાપને માર્યાના અને એ કુસંપનાં વવાએલાં બીના વંશવારસા સુધી વિસ્તરેલાં ફળો કોની જાણમાં નથી?

૧૮૭૪માં પ્રીતનાં પ્રકરણ ઝળક્યાં. સ્ટેઈટ્સના પ્રદેશો હજી પૂરા ઠર્યા નહોતા—અને હજી આજે પણ પૂર્વ અને પશ્ચિમ, એમ બે કિનારાઓના વસનારા પોતપોતાની જાતને અલગ અલગ લોહી કોઠાના તો માને જ છે. પણ સો વર્ષો પહેલાં મર્ડોકના 'ડેવી ક્રૉકેટ' નામના નાટકમાં પૂર્વપ્રદેશનો મૂરતિયો પશ્ચિમ પ્રદેશની રૂપસુન્દરીને લગ્નની ચૉરીમાં બેસાડવા ઉઠાવી જવા આવ્યો છે, એ સવાલ ઉપર ઝમાઝમ! આપણામાંથી ત્યારે કોણ એમને જઇને કહે કે, બંધુ! અમારા ભારતવર્ષમાં તો ચંદ્રગુપ્ત ગ્રીક કુંવરીને પરણેલો અને એ પહેલાં રાજા દશરથ મધ્ય એશિયામાંથી કૈકેયીને પરણી લાવ્યા હતા. તમે શું આ એક જ દેશમાં પૂર્વ-પશ્ચિમના ઝગડા માંડી બેઠા છો?'

પણ વિલિયમ વોન મૂડી સાહેબનો 'ગ્રેઈટ ડિવાઈડ' નામનો નાટક આપને ગમશે. આ બાજુની, એટલે કે ન્યૂ ઇંગ્લન્ડ-પૂર્વ તરફની નાયિકા રૂથ જૉર્ડન સંસ્કારી, ભણેલી અને કુળવાદી કિશોરી છે. એના વિવાહ પણ પૂર્વના પ્રદેશના જ એક કિશોર સાથે કરવામાં આવ્યા છે. ત્યાં પશ્ચિમના ત્રણ ગઠિયા એ એકલી બેઠી છે ત્યાં ત્રાટકી પડે છે, અને એની નીતિમર્યાદા તોડવા, બળાત્કાર કરવાની હદ સુધી સતામણી શરૂ થાય છે. પેલા ત્રણમાં જે ઓછામાં ઓછો કરપીણ કે કદરૂપો હોય એને પરણવા પેલી તૈયાર થાય છે, તો પેલા ત્રણમાં સ્ટીવન ઘેન્ટ પર-

જીવવા અને એનું રક્ષણ કરવા કમર કસે છે એટલે બાકીના બેમાંથી એકને પૈસાની લાલચે ખરીદી લઈ, ત્રીજા જોડે લડી-મથી એને મારી નાખી એ રૂથકુંવરીને પરણે છે. પછી કોઈ ખાણમાં ધંધો શરૂ કરે છે. ઘર માંડયું છે, એટલે એક છોકરો જન્મ્યો છે. પણ રૂથબાઈને હૈયામાં સતતની અકળામણ—'મેં મારી નીતિ વેચી; મારા કુળની કીર્તિને આંચ લગાડી. હું પાપી, હું પતિતા, હું અનીતિવાન–' એવા એવા રોજના વિચારસંતાપે પીડાતી, એક દિવસ ધણીનું ઘર છોડી પોતાના બાળક સાથે પોતાને પિયેર ન્યૂ ઇંગ્લન્ડ ભાગી જાય છે. આ સંતાપ એને સતાવે ત્યારે ભ્રમિત થએલી બુદ્ધિ થકી એ પોતાનો ધણી જે અનેક રીતે સુધર્યો છે, વફાદાર નીવડયો છે, કેળવાયો છે, સંસ્કારાયો છે, તે એ ન જોઇ શકી. ઘેન્ટ રૂથને શોધતો એને પિયર જઈ ચડે છે. ત્યાં એને છરી-કટારે કે પિસ્તોલ-તમંચે નહિ પણ ધીમેથી સમજાવે છે કે 'તારી કુળ-કુટુંબની ઍંટ બંનેને વિઘાતક છે–'આ જાતના ચોખલિયાવેડા, સંકુચિત માનસ, સુખને ઉચ્છેદ કરનારી વૃત્તિ હવે નિરર્થક છે. અને હું કંઈ હવે રખડતો ભટકતો ભામટો રહ્યો નથી, જવાબદાર ધણી અને પિતા છું.' વહુ માની ગઈ. સાર: હવે આ ગ્રેઈટ ડિવાઇડ. હવે આ પૂર્વ અને પશ્ચિમની ભેદરેખા આપણને જુદા પાડી શકે એમ નથી. પૂર્વ ને પશ્ચિમનું ઉત્તમોત્તમ ભેળવી આપણે ફરીથી નવી જિંદગીનાં પગરણ માંડીએ. અને ધણી ધણિયાણી, વ્હેલ્યુ જોડી, વાજતે ગાજતે મંગળ પગલે પોતાને વતન જવા નીકળ્યાં. ભલા! નામો બદલીને વાંચો. પૂર્વ અમેરિકા અને પશ્ચિમ અમેરિકાના વિશાળ પ્રદેશને સાંકડો બનાવી આઠ ગામ કે અઢાર ગામોમાં નાનકડી કુંડળિયા-કૂપમંડૂકિયા દશા વીશાની ન્યાતમાં રૂથ અને ઘેન્ટને નાખો, યા જૂના કાઠિયાવાડની નજીક-નજીકની રિયાસતોમાં કુંવર-કુંવરીમાં બીબાં ઢાળો, તો ક્યાંય ફરક ખરો?

બીજું એવું જ સીમા નિશાન જેવું નાટક, ૧૮૮૭માં લખાએલું બ્રૉન્સન હાવર્ડનું 'હેનરીએટા'. નાયક નિક, શેરબજારનો કીડો, પણ દાવ ખેલવામાં રાવણમસ્થો; સાથીદાર જય ગોલ્ડ, એને સટ્ટો એટલે એક દિલ ધડકાવનારી રમત; અને ત્રીજો એનો દીકરો નિકોલસ, એને મન સટ્ટો એટલે રોગ; તે એટલે સુધી કે પોતાના બાપને એમાં માર્યો અને પછી પોતે મર્યો! આ ત્રગડીમાં ચોથો ડૉ. મરે હિલ્ટન તે વળી ત્યાંના દેવળનો પાદરી. દર રવિવારે સટ્ટા-જુગારની વિરુદ્ધ, જડવાદ કે વાસ્તવવાદ કે નાણાંનેહ સામે ધર્મનાં પુસ્તકો ટાંકી ભાષણો ઝીંકે; પણ થવા દો સોમવારનું પ્રભાત, અને બંદા નિક નાયકના દફતરમાં લીધાદીધા કરવા હાજર જ છે! આ ચારેને હાથે, જીભે, સ્વભાવે સટ્ટો ખેલવાની ખજવાળ. વૉલ સ્ટ્રીટના શેરબજારને રમાડે, ઊંચકાવે અને બેસાડી પણ દે એવા એમના દિમાગ. પણ આખરે સારમાં શૂન્ય. હવે એ જ અરસામાં આપણે ત્યાં નર્મદ, કરસનદાસ મૂળજીથી માંડી શેરસટ્ટામાં પાયમાલ થએલી કંઈક વ્યક્તિઓ અને એમના જીવનમાંથી વીણી લખાએલી ભજવાએલી નાટકાવલીઓ જુઓ. અને આપણે વળી એકલા શેરમાં ઝુકાવનારા ઓછા જ હતા જો? ચાંદીના રાજાના નામે પંકાએલા ચૂનીલાલ સરૈયા, રૂ બજારને ચકરડે ચડાવનાર સકસેરિયા. અને વળી એ બધા જ નાટકોમાંનો સાર એ જ સરવાળે શૂન્ય. તો પણ શેઠ! આજે યે સટ્ટો તો અમર જ છે. શેરબજારની એક જાણીતી કહેવત છે: 'બજાર ઘરડો નથી થતો, સટ્ટો કરનાર ઘડીના છઠ્ઠા ભાગમાં ઘરડો થઈ જાય.' પણ કહેવતનો પાછલો ભાગ કોઈ ગંભીરતાથી ધ્યાનમાં લેતું જ નથી. આમ, રાષ્ટ્રપ્રેમ અને સંસારજીવનમાંના રંગરાગ તથા ધંધાધાપાનાં ઘર્ષણોમાંથી અમેરિકાની નાટકશાળા ઊભી થઈ. દેશ એક છે, પણ ઉત્તર દખ્ખણના, પુરવ-પચ્છમના, તેમજ રંગભેદ તથા ધંધા-ઇરખાના, ઉપરાંત ધરમકરમના કોયડા તો હજી એવા જ છે. રંગભૂમિ ઉપર ઊકળતા લાગે, પણ એમાંના કેટલાક કૅન્સરના દરદના કણાની માફક આડાઅવળા ક્યાંક પથારો પાથરી ઊભા થયા જ કરે.

કેટલાક રૉયલ ટાઈલરના 'કૉન્ટ્રાસ્ટ' નાટકને ખરા ધાટનું પહેલું અમેરિકન નાટક કહે છે. ૧૭૮૭માં ન્યૂ યૉર્કમાં ભજવાએલું, પણ ખરા અર્થમાં રંગભૂમિ ઉપર મહત્ત્વનો ફાળો આપનારા નાટકકારોમાં યૂજિન ઓ' નીલને જ ગણનામાં લેવો પડે. અલબત્ત એણે ગુલામીનો સવાલ તો છણ્યો જ છે. એનું પરિણામ પણ એણે આલેખ્યું છે. 'એમ્પરર જોન્સ' ને 'ઑલ ગોડ્સ ચિલન ગોટ વિંગ્સ' આ બે એની કૃતિઓ મશહૂર છે. યૂજિનની એક વાત કદાચ ઘણા નહિ જાણતા હોય. ૧૭૭૬-થી ૧૯૩૦ સુધી–એટલે કે બળવા બાદ અમેરિકન પ્રજાનાં કુટુંબોમાં કેવી સંવેદના જાગી, કેવાં ઘર્ષણો થયાં એને રંગભૂમિ ઉપર રજૂ કરવા એણે નવ નાટકોની હારમાળા વિચારી, એ માટે આખો નકશો ઘડી કાઢયો. પણ કેટલાક મહાનુભાવોને યમરાજના સંદેશાના ઈશારા આગળથી આવવા માંડે છે એમ; એની જાણ થતાં એ ફક્ત બે જ નાટક પૂરાં કરી શકયો; બાકીની યોજના ફાડી નાખવા પ્રયત્ન કર્યો. આ બે તે 'ટચ ઑફ પોએટ' અને 'મોર સ્ટેટ્લી મૅન્શન'. એમાં આદર્શવાદ અને જડવાદ, વ્યક્તિસ્વાતંત્ર્ય અને માનવ હક્કોનું સંરક્ષણ એવાએવા કેટલાક સુંદર પ્રશ્નોની સારી છણાવટ છે.

એની પછીનો બીજો તે આર્થર મિલર. એને તો આપણે મળીશું ત્યારે એના વ્યક્તિત્વની ચર્ચા કરીશું. હું ભૂલી જાઉં તો મને યાદ કરાવશો. 'ધ ક્રુસિબલ' અને 'ડેથ ઑવ એ સેલ્સમૅન' એ બે કૃતિઓથી એની કીર્તિ સારા પ્રમાણમાં જામી. 'સ્ટ્રીટકાર નેમ્ડ ડિઝાયર'નું નાટક લખી ટેનેસી વિલયમ્સે સાચું અમેરિકન નાટક આપ્યું. મરે શિશગલ અને વિલિયમ હેલીએ નવા, ઉઘરતા, આવતી કાલના લેખકો છે. આલ્બીએ પોતાનું નામ જમાવી દીધું છે. (ચાલુ)

અનુસંધાન] **પગલાં** [પૃ. ૨૪૨થી

દિવસે અમુક સમયે આકાશની અમુક જગ્યા પર એક નવો ગ્રહ દેખાવો જોઇએ. આપ જો કૃપા કરીને એ તરફ ત્યાંનું દૂરબીન માંડીને તપાસી જોશો તો આ વાતની ચકાસણી થઈ શકશે.' જર્મન ખગોળવેત્તા એ માહિતી પ્રમાણે દૂરબીન તાકીને આકાશના નવા આગંતુકની રાહ જોતો બેઠો અને મુકરર સ્થાને ને સમયે નવા ગ્રહે દર્શન દીધાં!

શક્તિ. વિશાળતા. ગહનતા.
સૌંદર્ય કલા. નિયમિતતા.
એ સૃષ્ટિનું શિક્ષણ છે. બ્રહ્માંડનો સંદેશ છે.

'બ્રહ્માંડ કહે છે કે બ્રહ્મ છે;
દુનિયા કહે છે કે દેવ છે.' (ન્હાનાલાલ)

વિશ્વની એ નિયમિતતા ને એ સૌંદર્ય જોઈને મનને નિરાંત વળે છે, હૃદયને સંતોષ થાય છે કે સૃષ્ટિની પાછળ એક મંગળ શક્તિ છે ને એની છાયામાં બધા સલામત છીએ.

સૂર્ય એની આગળ સાક્ષી પૂરે છે: 'મારી તરફ જુઓ. હું એની ખબર લઈને આવું છું. હું રોજ ઊગું છું, રોજ આવું છું. કારણ કે એ તમને રોજ યાદ કરે છે. મારાં કિરણોમાં એની હૂંફ છે, મારા પ્રકાશમાં એનું તેજ છે, મારા સ્પર્શમાં એનો આશીર્વાદ છે. માનવીઓ સૂરજની સાક્ષીએ વ્રતો લે છે, તો મારી સાક્ષી એની સાક્ષી છે, મારાં દર્શન એની ઝાંખી છે, મારું સામીપ્ય એનું સાંનિધ્ય છે.'

સૂર્યની સાક્ષી. તારાઓનો સત્સંગ સૃષ્ટિનું ભક્તિમંડળ.

'વિમલ રજત ભાસે, પૂર્ણ કરી નીલાકાશે,
ચંદ્રમા આરતી કરે.
સહસ્ર કિરણે તે સત્ય સનાતનને.
અમૃતનાં અધિકારી, અમે સહુ નરનારી.
અમે આરતી કરીએ, પ્રકૃતિની સાથે.'

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૨૧ • લુસર્ન અને ઝ્યૂરિક

સૌન્દર્ય ને સ્નેહભાવનાં મધુર સ્મરણો લઈ બીજે દિવસે સવારે લુસર્ન જવા ઊપડી ગયો. ત્યાં પહોંચી નિયત હોટેલે ગયો તો એ ચિક્કાર હતી. એટલે એના માલિકોએ મારી સગવડ બીજી હોટેલમાં કરાવી હતી. એ બીજી હોટેલ ફર્સ્ટક્લાસ હોટેલ હતી. મારી હતી તે સેકન્ડ ક્લાસ. પણ વધારાનું ભાડું મારી હોટેલવાળાઓએ જ ભરી દીધું હતું. કેટલી બધી ક્ષમાયાચના કરીને એ લોકોએ મને એ વધારે સારી જગ્યાએ મોકલ્યો! કરેલો કૉન્ટ્રૅક્ટ પાળવો જોઈએ, નહિતર એની કિંમત ચૂકવવી જોઈએ એવી એ લોકોની ભાવના હતી.

એ બીજી હોટેલ પણ ભરેલી હતી. ત્યાંના પોર્ટરે વિનયભરે સૂચવ્યું કે બેએક કલાક ગામમાં આંટો મારી આવવો. એટલામાં મારો કમરો ખાલી થઈ જશે,—અને સાફસૂફ પણ. સામાન તેણે પોતાની પાસે મુકાવ્યો. સૂચના સારી હતી, પણ આળસ આવતું હતું. થોડો સમય લાઉન્જમાં જ બેસી રહ્યો. પછી એનો ય કંટાળો આવ્યો એટલે બહાર નીકળી પડયો. નિશાનીઓ રાખતોરાખતો આગળ વધી રહ્યો.

શહેર નાનું પણ રળિયામણું હતું. લોકો કાર્યશીલ હતાં. હું નવરો માણસ જે નિરાંતથી આંટા મારતો હતો તે જોઈ તેમનાં મોં ઉપર સ્મિત આવી જતું. લટાર મારતો એક ફ્રૂટના સ્ટૉલ આગળ પહોંચ્યો. સુંદર પીચ હતાં. એટલાં મોટાં અને રસે ભર્યાં! એક ખાઓ ત્યાં પેટ ભરાઈ જાય. એક લઈ ખાધું ચાલતાં ચાલતાં, માણતાં માણતાં. તેનો ઠળિયો વગેરે નાખી દેવા મન થયું. ત્યાં હેલન યાદ આવી. 'ધિસ ઈઝ સ્વિત્ઝર્લૅન્ડ, નૉત ઈતલી નૉત દન.' પણ છતાં ય મેં તો ચોમેર જોઈ ફેંકવા માંડયું. એ કચરાને મારા કોટના ખિસ્સામાં કયાં લઈ જાઉં? પણ ઘા કરવાને હાથ ઊંચો કર્યો તેવું જ કશુંક યાદ આવ્યું. હાથ ખાલી ખાલી કેમ લાગતો હતો? કશુંક ખૂટતું હતું.

શું ખૂટતું હશે? ઓહ, ઓવરકોટ!

કયાં ગયો? રસ્તે પડી ગયો હશે? સાથે લઈ જ નહિ આવ્યો હોઉં? ગભરાટ વ્યાપી ગયો. ભાઈ રોહિત દેસાઈએ પ્રેમપૂર્વક પોતાનો મોંઘો કોટ મને વાપરવા આપ્યો હતો. શો જવાબ દઈશ એમને?

હાંફળો-ફાંફળો હોટેલ ભણી દોડયો. ચિત્તમાં ગભરાટ હતો એટલે ધ્યાન રાખેલી નિશાનીઓ ભૂલી ગયો. આડોઅવળો અથડાયો. માંડ હોટેલે પહોંચ્યો. સીધી પોર્ટર ભણી દોટ મૂકી. પણ અધવચ્ચે જ એ દોટ અટકી ગઈ. નીકળતાં પહેલાં હું જે ખુરશી ઉપર બેઠો હતો તેની ઉપર જ કોટ સ્વસ્થતાપૂર્વક પડયો હતો. તેના ને મારા વિરહને દોઢેક કલાક થઈ ગયો હશે. દોડીને એને હર્ષભેર અંગે લપેટી લીધો.

પોર્ટર એ જોઈ હસી રહ્યો હતો. એને મેં વાત કરી. 'અહીંથી કશું જાય નહિ.' તેણે ખુમારીપૂર્વક કહ્યું. એ ખુમારી યથાર્થ હતી.

મારો ઓરડો તૈયાર થઈને સામાન તેમાં ગોઠવી દેવાયો હતો. આભાર માની હું ઉપર જતો હતો ત્યાં તેણે મને બપોરની ટૂરની ટિકિટ પહેરાવી દીધી! સરસ ટૂર હતી એમ કહ્યું. સાત હજાર ફીટની ઊંચાઈએ રહેલા પાઈલેટ્સ પર્વત ઉપર લિફ્ટચેરમાં જવાનું, પછી માઉન્ટન રેલવે મારફત ઊતરવાનું, ત્યાંથી બોટમાં લેઈક પર ફરવાનું, ને પછી ઘેર. તરત ટિકિટ લઈ લીધી. પછી એ કહે: 'એક ટિપ આપું?'

'આપો ને.'' 'વેજિટેરિયન છો ને?'

'હું જ. તમે શી રીતે જાણ્યું?'

'અહીં ઘણા હિંદીઓ આવે છે. આ બાજુના રસ્તા પર જ સરસ વેજિટેરિયન હોટેલ છે: હોટેલ બ્રિસ્ટોલ. ત્યાં જજો. તમને મઝા આવશે.'

'આભાર. ત્યાં જ જઈશ.'

ખરેખર સરસ હોટેલ હતી. વેજિટેરિયન ખોરાક એટલે વેજિટેબલ્સ માત્ર નહિ, તે એ લોકો જાણતા હતા. મૅનેજર તરત મારી પાસે આવ્યો. મને જોઈતો ખોરાક મળશે એની ખાતરી આપી. હિંદીઓથી અમે ટેવાએલા છીએ એમ કહ્યું. પછી હસીને વિદાય થતાં પહેલાં હેડી નામની વેઈટ્રેસને બોલાવી મારું ધ્યાન રાખવા સૂચના આપી. હેડીએ એ આદેશ માથે ચડાવ્યો. કેટલી સમજપૂર્વક, એ તો હું તેને ઑર્ડર આપવા ગયો ત્યારે જ સમજાયું. સરસ સરસ, આપણને અનુકૂળ આવે એવું બધું હતું. તે જોઈને મેં તો ચારપાંચ વાનાં લાવવા કહ્યું. તે પળ એક મારી સામે જોઈ રહી. પછી કહે: 'ઘણા દિવસથી મનમાન્યો ખોરાક જમ્યા નથી લાગતા, નહિ?'

'એટલે તો આજે લહેર છે.'

'પણ હું એક સૂચના કરું?' 'જરૂર.'

'તમને આ બધું નથી મળ્યું ને, હમણાં ઘણા સમયથી, એટલે આટલું બધું મંગાવો છો. પણ એ બધું કોઈ એક માણસ એક ટંકમાં ખાઈ શકે નહિ. એ કરતાં તો—'ને તેણે તેમાંથી મને વાનગીઓ પસંદ કરી આપી: 'આટલું હમણાં મંગાવો, પછી ભૂખ રહે તો બીજું મંગાવજો.'

'શુક્રિયા' કહીને એની સૂચનાને અનુસર્યો. પછી બીજું કશું મંગાવવાની જરૂર ન પડી.

સ્વાદિષ્ટ ખોરાકથી પેટ ભરાએલું હતું એટલે ટૂરમાં પણ મઝા આવી. દૃશ્ય તો એનાં એ જ હતાં—પર્વત, પાણી અને પાંદડાં. પણ એ બધાંને પોતપોતાનું આગવું એવું વૈવિધ્ય હતું. પાઈલેટ્સ એ મૉબ્લાં નહોતો. લુસર્નનું સરોવર એ જીનીવા કે ઈન્ટરલાકનનું સરોવર નહોતું. ને ઝાડ પાંદડાં? તે તો સર્વત્ર સુંદર હોય છે જ ને!

હજી લુસર્નમાં રહેવાનું હતું—અર્ધો દિવસ વધારે. સવારમાં નાહીધોઈ ને નીકળી પડયો. નાના ગામને તો એમ જ સરખું જોવાય. લાયન્સ મૉન્યુમેન્ટ જોયું. મોટાંમોટાં સિંહનાં પૂતળાં. એન્સ્યન્ટ મ્યૂઝીઅમ જોયું. જૂનાં ફૉસિલ્સ પણ ત્યાં દેખાય. ત્યાંની ભુલભુલામણી તો ભુલાવામાં નાખી દે ને ટાવર ઉપર તો... એક સ્પૅનિશ કુટુંબ મળી ગયું. હાથ મિલાવ્યા, વાતો કરી. ડૉન કિહોટેને યાદ કર્યો. સ્પેન આવવા એમણે કહ્યું. ભારત આવવા મેં. છૂટા પડયા ત્યારે હૃદય ભરેલું હતું.

પણ પેટ ખાલી ખમ! તરત હેડીની 'હોટેલ બ્રિસ્ટોલ'માં ગયો. આજે તો મારે માટે ખોરાક પસંદ કરી આપવા તેને જ વિનતિ કરી. હસતાં હસતાં તેણે સરસ ડિશ બનાવી આપી. હવે નિરાંતે બપોરની ગાડીમાં ઝ્યૂરિક જઈ શકાશે.

રૂમ પર જઈને જરા ઊંઘી ગયો. ઊઠયો ને ગભરાયો. ગાડી માટે મોડો તો નહિ પડું? જલદી જલદી સામાન તૈયાર કર્યો. સ્ટેશન સામે જ હતું. ત્રણમાં સાત મિનિટ હતી. ગાડી ત્રણે ઊપડતી હતી! હોટેલવાળાએ મજૂર આપ્યો ને અમે બંને દોડયા. ત્રણમાં ત્રણ મિનિટે સ્ટેશને પહોંચી ગયા. ગાડી ઊભી હતી. નિરાંતનો શ્વાસ લીધો.

સાંજે ઝ્યૂરિક પહોંચી ગયો. હોટેલ મેરકુર સ્ટેશન પાસે જ હતી. કાઉન્ટર પર જુવાન માણસ બેઠો હતો. હસતે મુખે આવકાર આપ્યો. મારો કમરો તૈયાર હતો એમ કહ્યું.

રૂમમાં પહોંચ્યો ત્યાં એક પારસી ભાઈ મળી ગયા!—પટેલ નામના. એર ઇન્ડિયામાં નોકરી કરે. વારંવાર આવતા હતા. ઝ્યૂરિકને જાણે. મને ગામ બતાવવા તત્પરતા બતાવી.

ધમધમતું ગામ. વ્યાપારનું મથક. મોટાંમોટા સ્ટોર્સ અને દુકાનો. ટ્રામો તો ખરી જ. પણ રસ્તા પહોળા એટલા કે એનો બોજ ન લાગે. ચાલતાંચાલતાં લેઈક ઉપર ગયા. પટેલ મુંબાઈના હતા. ગુજરાતીમાં વાત કરવાની મઝા આવતી હતી. એમને ક્યાંક જવાનું હતું એટલે ગયા. હું લિફ્ટચેરમાં લેઈક ઉપર ફર્યો. પછી તેનું સૌંદર્ય માણતો એક બાંકડા ઉપર બેઠો. અંધારું થઈ ગયું. લોકો વિખરાવા માંડ્યા.

રાતે ઈન્ટરલાકનમાં જોએલી પેલી ઢીંગલીઓ યાદ આવી. લંડનમાં માલતીબહેને કહ્યું હતું કે ઝ્યૂરિકમાં ઘૅાચ વગેરે સરસ મળે છે એ પણ યાદ આવ્યું. એટલે સવારે ગ્લોબસ નામના મોટા સ્ટોરમાં ગયો. ત્યાં ઊભેલી છોકરીને કહ્યું: 'મારી છોકરીઓ તારી જ ઉંમરની છે. આ બ્રૅાચિસ અને બીજાં લટકણિયાંઓમાં મને સમજ પડતી નથી. એમને ગમે તેવું તું પસંદ કરી આપીશ?'

'ઘણી જ ખુશીથી' કહી તે હસી. પ્રેમપૂર્વક બધું શોધી આપ્યું. પોતાને ગળે લગાડીને અમુક ચીજો મને બતાવી જોઈ.

તેણે આપ્યું તે મેં સ્વીકારી લીધું. ઢીંગલીનું પણ એમ જ કર્યું. તેનામાં બતાવેલા વિશ્વાસથી એ રાજી થઈ ગઈ.

'હિંદથી આવો છો ને?' તેણે પૂછ્યું. 'હા, કેમ?'

'હિંદના માણસો બહુ સારા હોય છે.'

'તમે ઓળખો છો કોઇને?' 'રુસી મહેતાને ઓળખતી.'

'મેં પણ નામ સાંભળ્યું છે.'

'પણ તમને ખબર છે?' તેનો અવાજ જરા વિષાદમય બની ગયો.

'શી?' 'એ બીચારા ગુજરી ગયા!'

'ક્યારે?' 'કાલે મેં ક્યાંક વાંચ્યું.'

'અરે...રે!' 'બહુ ભલા હતા.'

'ક્યાં મળ્યા હતા?' 'લંડનમાં. ત્યારે હું એક હોટેલમાં કામ કરતી. એ ત્યાં ઊતર્યા હતા. ગૃહસ્થ માણસ.'

માણસ ચાલ્યો જાય પણ તેની સુવાસ છેક ક્યાં સુધી મૂકી જાય છે એનો વિચાર કરું ત્યાં એ ફરીથી બોલી: 'એક અંગત સવાલ કરું?'

'કરો ને.'

'ક્યાં સુધી ઝ્યૂરિકમાં છો?' 'કાલ બપોર સુધી.'

'અરર! તો કાંઈ નહિ.' 'કેમ?' મારી ઉત્કંઠા વધી પડી.

'પરમ દિવસે રોકાવાના હોત તો કહેત.'

'પણ શું હતું એ તો કહો.'

'મારે તમને નોતરું દેવું હતું.' 'શાનું?'

'મારા લગ્નનું. હું પરમ દિવસે પરણું છું.'

'ઓહો! ઓહો! એનાથી રૂડું શું? હું એ વખતે ભલે આ દેશમાં ન હોઉં, પણ તમારી જોડે તો હોઇશ જ.' 'શી રીતે?'

'આ માળાના રૂપમાં.' તેણે ગળે લગાડીને મને બતાવેલી માળા કાઢીને તેને આપતાં કહ્યું: 'આ નમ્ર લગ્નભેટ નહિ સ્વીકારો?' એ અચકાઈ ગઈ: 'મારા કહેવાનો અર્થ—' તે બોલવા ગઇ. મેં જ અટકાવી; '—ભેટ મેળવવાનો નહોતો. પણ એથી કંઈ ભેટ આપવાનો મારો અધિકાર છીનવાઈ જાય છે?'

સંકોચપૂર્વક તેણે એ સ્વીકારી. મેં તેનામાં વિશ્વાસ મૂકી તેણે બતાવેલી ચીજો કશા યે સંકોચ વિના ખરીદી લીધી તેથી તે ખુશ થઈ હતી એટલે તો મને લગ્નનું નોતરું આપવા લલચાઇ હતી એમ તેણે કહ્યું. મેં કહ્યું, 'મારા દેશનાં માણસો તમને ગમે છે, તેથી હું ખુશ થયો છું. અને પરણનાર છોકરી કોને ન ગમે? આ પહેરો ત્યારે યાદ કરજો.'

'નહિતર પણ યાદ કરત, હોં.' તેનું મોં ખીલી ઊઠ્યું: 'આમ અમને પોતા સમાન ગણતા ઝાઝા ગ્રાહકો અહીં આવતા નથી.'

'સુખી થજો, અને આ દેશને થોડાં સરસ બાળકો આપજો.'

'આમેન' કહી તે હસી. એ વખતે તેનું મોઢું જોયુ હોય!

પરિતૃપ્ત થઈ આગળ ચાલ્યો સરોવરોનો આ સુંદર પ્રદેશ કાલે છોડવો હતો. એર ઇન્ડીઆની ઑફિસે ગયો: ઇટલીના મિલાન માટે વિમાનમાં મારી સીટ બુક કરાવવા. પણ ત્યાં નિરાશ થયો. કાઉન્ટર પર બેઠેલી છોકરીએ મારી આ ટિકિટ પર મને મિલાન કે વેનિસનું બુકિંગ નહિ મળે તેમ કહ્યું અણસમજુ હતી, એટલે જક્કી પણ ખરી. સમજાવી કે મને આ બધું મળે જ એમ મુંબાઈથી કહેવામાં આવ્યું છે. પણ એકની બે ન થઈ. નિરાશ થયો. મૂંઝાયો. 'વારુ ત્યારે' કહીને ઊઠ્યો. મનમાં મનમાં મુંબાઈવાળા ઉપર પણ રોષ આવ્યો. તેમની ભૂલ ન હોય તો આ આટલી મક્કમ શી રીતે હોઈ શકે?

ટૉમસ કૂકની ઑફિસમાં ગયો. પૈસા વટાવ્યા. મારી ટિકિટ સંબંધીની મુશ્કેલીની વાત કરી. તેમણે ટિકિટ જોઈ કહ્યું: 'આ જ ટિકિટ ઉપર તમે જરૂર જઈ શકો.'

'પણ એર ઇન્ડિયા ના પાડે છે.' 'ભૂલ થતી હશે.'

મને પેલી બાઈની જ ભૂલ લાગી. પણ સાંજે વાત, એમ વિચારી ત્યાંની પ્રખ્યાત વેજિટેરિયન રેસ્ટોરાં ટિલ્ટલમાં ખાવા ગયો.

સરસ હતી એ રેસ્ટોરાં. હેડીએ એ નામ સૂચવેલું. બધું જ મળે. પાપડ સુધ્ધાં! પેટ ભરીને ખાધું

આમતેમ રખડવામાં સમય કાઢી નાખ્યો. વેપારી શહેર હતું અને ખાસ જોવાનું કશું નહોતું સાંજે એર ઇંડિયાની ઑફિસે ગયો ત્યારે પેલી છોકરી તૈયાર બેઠી હતી. હસીને કહ્યુ: 'તમે જીત્યા છો, મિ. બ્રોકર. જઈ શકો છો તમે.' 'સારું થયું.' મેં કહ્યું.

સવારે ઊઠ્યો ત્યારે તાજો થઈ ગયો હતો. બજારમાં નીકળી પડ્યો. આજે બપોરની ફ્લાઈટમાં મિલાન માટે ઊપડી જવાનું હતું અને આ સુંદર દેશને આખરી નજરમાં ભરી લેવો હતો. પહેલાં તો વિનોદ માટે કૅક્ટસનાં બી લીધાં. જબરજસ્ત સ્ટોર હતો. જેમાં ઝાડપાનને લગતી દરેક વસ્તુ મળે. હું તો એમાં કશું સમજું નહિ, પણ ત્યાં સમજાવનારાઓની ખોટ ક્યાં હોય છે? બી ખરીદ્યાં, પછી પગપાળો બધે ઘૂમ્યો. આખરે સરોવર ઉપર પહોંચ્યો. દરેક જગ્યાએ સરોવરો! જાણે આ સુંદર પ્રદેશની શાંતિની ભાવનાનાં પ્રતીક ન હોય! આટલી આટલી લડાઇઓમાં આ દેશ કદી યુદ્ધમાં ઊતર્યો નથી, છતાં પોતાની સ્વતંત્રતાને એણે કદી ઊની આંચ આવવા દીધી નથી! આટલો સૌંદર્ય-મત્ત પ્રદેશ છે છતાં હુન્નર-ઉદ્યોગ અને જાતમહેનતમાં લોકો બીજા કોઈ પણ દેશના માણસો કરતાં જરી પણ ઓછા ઊતરતા નથી. એમણે તો, વધારામાં, સ્વચ્છતાને પણ જાણે સૌન્દર્યનો પર્યાય બનાવી મૂક્યો છે! તેમનાં સુંદરમાં સુંદર સ્થળો સ્વચ્છમાં સ્વચ્છ સ્થળો પણ હોય છે. કાશ્મીર, નૈનીતાલ, મસૂરી, હિમાલયનાં અન્ય અનેક સ્થળો પોતપોતાનાં સૌન્દર્યમાં આ પ્રદેશનાં સૌન્દર્યસ્થાનો કરતાં ઊતરતાં નહિ હોય; પણ સ્વચ્છતા, સગવડ, જાળવણી, વિવેક એ બધી બાબતોમાં તો...

એ મોટો 'તો' મનમાં લઈને ઝ્યૂરિકના વિમાનઘર પર પહોંચી ગયો. વિમાન ઊપડ્યું ત્યારે પણ એના ઘરઘરાટમાં એ 'તો'ના પડઘા પડતા હતા. [આ લેખમાળા પુસ્તક રૂપે છપાઇ રહી છે.]

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી   ડૉક્ટર આવતાં પહેલાં [૨૨]

પ્રાથમિક સારવાર

બાળકોની તાણ

બાળકોને ઘણી વાર તાણો આવે છે. એ રોગ નથી, પણ રોગની નિશાની છે. તાવની શરૂઆતમાં મોટાં માણસોને ટાઢ વાય છે તેમ નાનાં બાળકોને એમના જ્ઞાનતંતુઓ પક્વ થયા ન હોવાને કારણે તાણો આવે છે.

ન્યૂમોનિયા બળિયા કે ચેપી તાવની શરૂઆતમાં આવી તાણો ઊપડે છે. ન પચે એવા ખોરાકથી કે પેટમાં કરમિયા હોય ત્યારે યા ઝાડા વખતે પણ બાળકને તાણ આવે છે. એમાં શરૂમાં બાળક બેચેન બને છે, દાંત કચકચાવે છે અને એ પછી એ તણાવા માંડે છે. આ વખતે એનું શરીર અક્કડ બને છે, ચહેરો, હાથ ને પગ ખેંચાય છે, માથું ગરદન ભણી તણાય છે, આંખના ડોળા ઊંચા ચડે છે..આ રીતે એકબે તાણ પછી બાળક ઊંઘમાં પડે છે. પેટની વ્યાધિમાં તાણ ચાલુ રહે છે.

આવે વખતે બાળકને ગરમ ધાબળો ઓઢાડવો. તાવ હોય તો માથા ઉપર ઠંડા પાણીનાં પોતાં મૂકવાં. દરમિયાન જો દાક્તર આવી ન શકે તો બાળકની ગુદામાં ગ્લિસરીન સપોઝીટરી મૂકવી કે ગ્લિસરીનની પિચકારી આપવી. અગર તો દિવેલમાં પલાળેલી રૂની દિવેટ મૂકવી. કદીક ગરમ પાણીનું સ્નાન પણ ફાયદાકારક નીવડે છે.

કાનમાં કંઈ પેસી જાય તો

બાળકો ઘણી વાર કાનમાં પેન ચણા મણકા વગેરે ઘાલી દે છે. મેલના ગઠ્ઠાથી પણ કાન ભરાએલા લાગે છે અને બરાબર સંભળાતું નથી.

સળી કે વાળમાં ભેરવવાની પિન વતી કાનમાંથી વસ્તુ કાઢવા પ્રયત્ન કરવો નહિ. આમ કરવાથી તો તે ચીજ ઊલટી કાનમાં ઊંડી ઊતરે છે. એટલે કાનમાં કશું પણ અડપલું કર્યા વિના વેળાસર દવાખાને જવું વધુ હિતાવહ છે.

કાનમાં જો જીવડું પેઠું હોય તો તેનો ફફડાટ શમાવવા પાણી ન નાખવું કે કાન ખોતરવો નહિ, પણ કાનમાં તેલ કે ધુપેલનાં ટીપાં પાડવાં. આથી જીવડું મરી જશે. પછી દાક્તર પાસે કાન ધોવડાવી નાખવો.

કાનમાં સણકા

આ એક સામાન્ય વ્યાધિ છે. જો તેની બરાબર સારવાર કરવામાં ન આવે તો કાં તો કાન પાકે છે યા તેમાં બહેરાશ આવે છે.

કાનના સણકા પણ એક ચિહ્ન માત્ર છે. મોટા ભાગે તે બાળકને થઈ આવે છે. કાનના કે તેની નજીકના અવયવોના રોગને લીધે; બહારના કાનની અંદર ફોલ્લી કે વચલા કાનમાં સોજાને લીધે; ચોળિયાનો સોજો, દાંતનો સડો, જીભનું ચાંદું કે લાળગ્રંથિનો સોજો હોવાથી અથવા કાનમાં મેલ એકઠો થવાથી પણ સણકા ઊપડી આવે છે. વચલા કાનમાં ગૂમડું થાય ત્યારે પણ તાવ સાથે કાનમાં સણકા આવે છે. બહારનો કાન સુકાઈ જવાથી ચૂંટ ઊપડે છે. આ વખતે કાન ખોતરવાથી ચામડીને ઇજા પહોંચતાં સોજો આવે છે અને એથી તાવ સાથે સણકા પણ ઊપડી આવે છે. કાન સુકાઈ ન જાય તે માટે કાનમાં તેલ નાખવાનો જૂનો રિવાજ ભૂલવા જેવો નથી.

કાનના અને ગળાના રોગો માટે વૈદકીય સલાહ સારવાર લેવાં જોઇએ. પણ ક્વચિત મધરાતે એકાએક સણકા ઊપડી આવે ત્યારે કાન ઉપર ગરમ પાણી ભરેલી રબ્બરની દેલી કે બાટલી વતી શેક કરવો. ગ્લિસરીનનાં ટીપાં નાખવાથી પણ કામચલાઉ રાહત મળે છે. વાટકીમાં પાણી ગરમ કરી એમાં ગ્લિસરીનની બાટલી મૂકવી. ગ્લિસરીન



હુંફાળું થાય ત્યાર બાદ એનાં ટીપાં કાનમાં નાંખવાં; અગર તો ચમચામાં ગ્લિસરીન કાઢી તેને ગરમ પાણી ઉપર ધરવું. જો ગ્લિસરીન ન હોય તો નવશેકા ગરમ તેલનાં ટીપાં પણ ચાલે.


બાળકનો સણકાવાળો કાન ઉપર રાખી ઓશિકા ઉપર સુવાડવું. જો તે બેસી રહે તો માથુ વાંકું વાળવું. કાનની બૂટ પકડી પાછળ ખેંચવી જેથી કાનની નેળ સીધી દેખાય. ટીપાં મૂક્યા પછી પણ બાળકને એ જ સ્થિતિમાં રાખવું. જેથી ટીપાં કાનના પડદા સુધી પહોંચે.

નાકમાં બહારની વસ્તુ પેસી જાય ત્યારે



કાનની જેમ નાકમાં પણ બાળકો સ્લેટપેનનો ટુકડો, કચૂકો, ચણા, કાચનો મણકો વગેરે પેસાડી દે છે. આ વખતે જો બાળક નાક છણકી શકે એટલું મોટું હોય તો બીજું નસકોરું બંધ રાખી તેને નાક છણકવાનું કે છીંકવાનું કહેવું. છીંક આવવા માટે સાજા નાકમાં તમાકુ સુંઘાડવી કે કપડાની દિવેટ ફેરવવી.


બાળક નાની ઉમરનું હોય તો



તેના મોં ઉપર ચોખ્ખો રૂમાલ ઢાંકવો આંગળી વતી બીજું નસકોરું દબાવવું અને બાળકના મોંમાં ધીમેથી ફૂંકવું. ફૂંકના સપાટે નાકમાંની વસ્તુ બહાર આવી જશે. આમ ન થઈ શકે તો તાત્કાલિક દાક્તર પાસે દોડી જવું સલાહભરેલું છે, કારણ કે નાકમાં ભરાએલાં બીયાં કે દાણા વગેરે ભીના થતાં ફૂલે છે અને પછી તે બહાર કાઢવાં મુશ્કેલ થઈ પડે છે.

આંખમાં ચૂનો, કાંકરી કે કંઈ પડે ત્યારે

આંખમાં કાંકરી, સિમેન્ટ, જીવડું કે કંઈ પડે તે વખતે આંખ ચોળવી નહિ. ચોળવાથી બહારની વસ્તુ આંખના ડોળા અને પોપચા ઉપર ઘસાય છે, અથવા તો પોપચામાં ઘૂસી જાય છે. બહારની વસ્તુ પડવાથી આંખમાં આંસુ ધસી આવે છે ત્યારે ઘણી વાર તો એની સાથે જ આંખમાં પડેલી ચીજ બહાર નીકળી જાય છે. પણ એમ ન બને તો આના માટે ખરો ઉપાય આંખ ધોવાનો છે. રોગીને સુવાડવો. ઉપલું પોપચું પકડી નીચલા પોપચા ભણી થોડી સેકન્ડ ખેંચી રાખવું. આમ કરવાથી કાંકરી નીચી ખેંચાઈ આવશે. જો તે નજરે પડે તો તેને રૂમાલના છેડા વતી કે રૂના ફાયા વતી લઈ લેવી.



જો કાંકરી ન નીકળી પડે તો રોગીને પ્રકાશમાં ઊભો રાખી ઊંચું જોવાનું કહેવું. નીચલા પોપચા નીચે અંગૂઠો રાખી પોપચું નીચું ખેંચવું. જો નીચલા પોપચામાં કાંકરી દેખાય તો ઉપર દર્શાવ્યા પ્રમાણે તે લઈ લેવી. ઉપલા પોપચામાં જોવા માટે તેને ઉથલાવવું. આ માટે ઉપલા પોપચાની પાંપણો પકડી તેને નીચું ખેંચવું. પછી તેની અધવચમાં દિવાસળી કે પેન્સિલ મૂકી પોપચાને ઊંચું કરી પાછું વાળવું. કાંકરી દેખાય તો તેને ભીના કરેલા રૂમાલના છેડા કે ભીના રૂ વતી લઈ લેવી; અથવા ફાવે તો તેના ઉપર પાણીની ધીમી ધાર કરવી. ત્યાર બાદ પોપચું પાછું ઉતારી દઈ આંખમાં દિવેલ કે પેરેફીનનું ટીપું મૂકવું.

ફેફરું

ફેફરું કે વાઇના રોગીને કોઈ પણ વખતે ફિટ આવે છે. મોટેભાગે તો રોગીને ફિટ આવવાની અગાઉથી જાણ થઈ જાય છે અને એ સહીસલામત સ્થાને બેસી કે સૂઈ જાય છે, પણ કેટલીક વાર તે ચાલતાંચાલતાં જ ચીસ પાડી ભોંય પર જોરથી પટકાઈ પડીને બેભાન બની જાય છે. એનું શરીર અક્કડ બની જઈને હાથ પગ ને માથું તણાવા લાગે છે. ઘડીભર તે શ્વાસ લેવાના બંધ કરે છે, ચહેરા પર કાળાશ તરી આવે છે ને મોંમાંથી ફીણ નીકળે છે. થોડી મિનિટો તાણ રહ્યા બાદ શ્વાસોચ્છ્વાસ શરૂ થાય છે. બીજા તબક્કામાં આંખના ડોળા ઊંચા ચડીને દાંત સખત ભીડાય છે. આમાં ક્યારેક જીભ કે ગાલ કચરાતાં મોંમાંથી લોહી પણ નીકળે છે. ઘણી વાર દર્દીને ઝાડો પેશાબ પણ થઈ જાય છે.

આ તબક્કો થોડી મિનિટ રહ્યા બાદ રોગી જાગ્રત બને છે અથવા એ ગાઢ નિદ્રામાં પડે છે. ફિટ આવવાના કિસ્સામાં રોગીના તણાતા હાથ, પગ કે શરીરને પકડી ન રાખવાં, પણ તેને ઈજા થઇ ન બેસે તેટલું જાળવવું. ફિટ આવે ત્યારે રોગીના મોંમાં પાન તમાકુ કે દાંતનું ચોકઠું હોય તો તે કાઢી લેવું ને બન્ને દાંત વચ્ચે લાકડું કે ગડ વાળીને રૂમાલ મૂકવો, જેથી રોગીની જીભ કચરાય નહિ. તાણના પછડાટથી શરીરને ઈજા ન પહોંચે એ માટે રોગીની નીચે ધાબળો કે ગોદડું નાખવું. ફિટ શમી ગયા પછી રોગીને ધાબળો ઓઢાડવો. લોકોની ભીડ દૂર કરવી. રોગીને કોઈ પણ જાતની ઉત્તેજક દવા આપવી નહિ.

બેશુદ્ધિ-મૂર્છા

મગજમાં લોહીનું ભ્રમણ ઘટવાથી ભાન જતું રહે એ મૂર્છાવસ્થા છે. ભૂખ, થાક, વેદના, લાંબો વખત ઊભા રહેવું, ભય કે આનંદ વખતે લાગણીનો આઘાત વગેરે કારણોસર માણસ બેશુદ્ધ બની જાય છે. કેટલાક માણસો સાધારણ ઇજા કે લોહી જોઈને પણ ભાન ગુમાવે છે. બેશુદ્ધિ વખતે પડી જવાના કારણે શારીરિક ઇજાઓ પણ થાય છે.

આમાં શરૂઆતમાં રોગીને ચક્કર આવે છે, અશક્તિ લાગે છે, ચહેરો ફિક્કો પડે છે, કપાળ ઉપર પરસેવો વળે છે, આંખે અંધારાં આવે છે. રોગી ઢળી પડે છે કે ભોંય ઉપર પછડાય છે. શ્વાસોચ્છ્વાસ અને નાડી મંદ પડે છે. આવા પ્રસંગે રોગી ચક્કર આવવાનું જણાવે તો તુરત તેને લાંબો સુવાડી દેવો. જો સુવાડવા જેટલી જગ્યા કે મોકળાશ ન હોય તો તેને બેસાડી દઈ તેના બે ઘૂંટણ વચ્ચે માથું ગોઠવવું. આમ કરવાથી મગજમાં લોહીનું ભ્રમણ સુધરે છે.

મૂર્છા ખાઈ રોગી ચત્તો પડે એ એના મગજમાં લોહી લઈ જવાની કુદરતની આયોજના છે. રોગીને ચત્તો સુવાડી રાખવો. એના થાપા નીચે ધાબળો કે ઓશિકું ગોઠવવાં, જેથી એના શરીરનો નીચલો ભાગ ઊંચો રહે અને માથું નીચું રહે. કમર છાતી ને ગળા ઉપરનાં ચુસ્ત કપડાં ઢીલાં કરવાં. રોગીને ધાબળો ઓઢાડવો. પુષ્કળ હવા આવે એટલા માટે ટોળે વળેલા લોકોને આઘા ખસેડવા. જો રોગી મકાનમાં હોય તો બારીબારણાં ખોલી દેવાં કે પંખો નાખવો. નાક આગળ ઍમોનિયા કાર્બ અગર તો છૂંદેલી ડુંગળી ધરવી. મોઢા ઉપર ઠંડું પાણી છાંટવું. થોડા વખતમાં રોગી શુદ્ધિમાં આવશે. શુદ્ધિમાં આવ્યા બાદ તેને થોડીવાર સૂતેલો રાખી ગરમ ચા કૉફી કે સ્પિરીટ ઍમોનિયા ઍરોમેટિક્સનાં ત્રીસ ટીપાં ચમચાપૂર પાણીમાં નાખી પાવાં. (ચાલુ)

રાગ કેદાર

સાધુરામ ન્યામતરાય ચોધ

ઘણાં વર્ષો પૂર્વે સ્વ. ખેમચંદ્ર પ્રકાશે 'ભક્ત સુરદાસ' ફિલ્મમાં કેદારનું એક ગીત આપેલું: 'પંછી બાવરા, ચાંદ સે પ્રીત લગાયે'. ત્યાર બાદ તો ચાલુ ફિલ્મોમાં લગભગ દર પાંચ-સાત ફિલ્મે એકમાં કેદાર પર આધારિત ફિલ્મી ગીત આવે છે. નૌશાદ તથા ઓ. પી. નૈય્યરની ઘણીખરી ફિલ્મોમાં કેદાર પર આધારિત ફિલ્મી ગીતો હોય છે. કોઈ પણ સુજ્ઞ શ્રોતાને આ રાગની છાયા ધરાવતાં ઘણાં ફિલ્મી ગીતો સાંભળવા મળશે.

ભારતીય સંગીતમાં 'કેદાર' એક એવું તો વિશિષ્ટ સ્થાન ભોગવે છે કે સંગીત શબ્દનો પર્યાય 'કેદાર' કહીએ તો પણ ચાલે; કારણ કે ભૈરવી, માલકૌંસ, ભૈરવ યમન કે દેશ વગેરે લોકકંઠે રમતા રાગોમાં પણ કેદાર સૌથી વધુ જનપ્રિય છે. આપણા ભક્તશિરોમણિ નરસિંહ મહેતાએ પણ પોતાનો 'કેદાર' ભગવાનને ત્યાં ગીરવી મૂક્યો હોવાની વાત જાણીતી છે. બાળક રડતું હોય તો ય એની મા કહે 'આ કેદારો જોડયો!'—આમ લોકોક્તિ બની જવા સુધી કેદાર આપણે ત્યાં જાણીતો છે.

કેદાર રાગની સમજ જેટલી સરળ છે તેટલું તેનું ગાન સરળ નથી. ગયે વખતે હમીરની ચર્ચામાં જોઈ ગયા તેમ કલ્યાણ થાટમાંથી ઉત્પન્ન થતા હમીર, કેદાર, કામોદ, શામ વગેરે સમપ્રાકૃતિક અને સમકાલીન રાગોમાં કેદાર સૌથી વધુ મનોહર ને રંજક પ્રકૃતિનો રાગ છે. એ ગાવાની ઇચ્છાવાળાએ અનેક મશહૂર ઉસ્તાદોને સાંભળવા ચૂકવું ન જોઇએ. મેં છેક બાળપણમાં ઝોહરાબાઈ આગ્રેવાલીએ ગાએલી 'ચતુર સુઘર ભૈયાં'ની મધ્ય લયની એક તાલમાં ગવાતી ચીજની રેકર્ડ સેંકડો વાર સાંભળી હશે. કેદારમાં ષડ્જ પરથી મધ્યમ પરનો મુકામ એટલો તો અનુપમ રીતે લેવામાં આવે છે કે પ્રત્યક્ષ સાંભળ્યા વિના તેની કલ્પના આવવી મુશ્કેલ છે. જેમણે આફતાબે મૌસીકી ઉસ્તાદ ફૈયાઝખાને ગાએલી 'બહુત ગઈ થોડી રહી' કે 'સેજ નિસ નિંદ'ની વિલંબિત ચીજો સાંભળી હશે તેમજ રામપુરના સ્વ. ઉસ્તાદ મુશ્તાક હુસેનખાન, સ્વ. ઉસ્તાદ વિલાયત હુસેનખાન તથા સ્વ. ઉસ્તાદ બડે ગુલામ અલીખાનને પણ વારંવાર કેદાર ગાતા સાંભળવાનો અપૂર્વ લ્હાવો જેમને મળ્યો હશે તેમને જ ખયાલ આવશે કે કેદારમાં શી મનમોહક અદાકારી છે! બદાયૂંના ઉસ્તાદ નિસાર હુસેનખાં પણ એક બેનમૂન ખયાલ-ગાયક છે. તેમની 'કાન્હા રે નંદનંદન'ની એચ. એમ. વી.ની રેકર્ડ પણ જરૂર સાંભળવા જેવી છે.

કેદાર ગાવાની કલા પ્રાપ્ત કરવી હોય તો 'મધ્યમ' સ્વરની સાધના કરવી પડે છે. તે સિવાય તેના હૃદયંગમ રૂપની ઝાંખી થતી નથી. બીજા બધા સ્વર 'મધ્યમ'ને અવલંબીને જ લેવાય છે. બડે ગુલામ અલીખાં સાહેબ 'પિયા કી છબ દેખી' ચીજ કોઈ અજબ ઢંગથી ગાતા. તેમાં વારંવાર 'સા મ ગ પ' એ સ્વરો આરોહમાં એટલા તો અપૂર્વ કૌશલ્યથી લેતા કે બિલાવલ કે તેવા કોઈ રાગની છાયા કદી આરોહમાં પ્રગટ થતી નહિ. કહેવાની મતલબ એ છે કે રાગની સ્વરરચનાને આધારે રાગ ગાઈ જવો એમાં કલા નથી. કલા એ રાગસ્વરૂપ બહેલાવવામાં, રાગનું વૈશિષ્ટ્ય શ્રોતા સન્મુખ મનમોહક રીતે રજૂ કરવામાં છે. અને જે ગાયકો કેદારમાં શ્રોતાઓને વશ કરી દે છે તે નિઃશંક ઉત્કૃષ્ટ કોટિના જ હોય છે.

કેદારનાં ચાર સ્વરૂપ પ્રસિદ્ધ છે: શુદ્ધ કેદાર, ચાંદની કેદાર, મલુહા કેદાર, જલધર કેદાર. તેમાં છેલ્લા બેની ચર્ચા અપ્રસિદ્ધ રાગોમાં કરીશું.

ઘણા ગાયકોનો મત છે કે કેદારમાં તીવ્ર તથા શુદ્ધ એમ બેઉ મધ્યમ એક પછી એક લઈને ચાંદની કેદાર રાગ ગવાય છે; જ્યારે કોઈ કોઇ આરોહમાં નિષાદ લઈ ચાંદની કેદાર ગાય છે. પરંતુ શુદ્ધ કેદાર અને ચાંદની કેદારમાં ઝાઝો તફાવત નથી. કેદારનું સ્વરૂપ કાંઈક આવું છે:

સામ, મપ, પધપમ, મ, મપધપમ, પમ, રેસા
પપધપમ, પપ, સાં, રેંસા, નિધપ, ધનિધપ, મંપધમ,
સામ, પમ, નિધપમ, મપધપમ, પમ; રે સા

રાગ કેદાર

मध्यम द्वै तीवर सबही आरोहित रिग हान।
समसंवादी वादित्यै केदारा पहिचान॥

કલ્યાણ થાટમાંથી ઉત્પન્ન થએલો આ રાગ ગંભીર પ્રકૃતિનો છે. આ રાગમાં બંને 'મધ્યમ' લેવાય છે પણ 'શુદ્ધ મધ્યમ' વ્યસ્ત કે મુક્ત રૂપમાં લેવાનું ગાયકો પસંદ કરે છે. અવરોહમાં 'મધ્યમ' પર જરા થોભી સૂક્ષ્મ કણસ્વરમાં 'ગાંધાર' લઈ 'ઋષભ' પર આવવાથી કેદાર ઉત્તમ રૂપે ચમકે છે. કેદારના અનેક પ્રકાર છે. એમાં શુદ્ધ કેદારમાં તીવ્ર મધ્યમ બિલકુલ ન લેવો જોઈએ એવો એક મત છે.

ગાવાનો સમય: રાત્રિનો પ્રથમ પ્રહર
વાદી-સંવાદી સ્વરો: શુદ્ધ મધ્યમ અને ષડ્જ
રાગની જાતિ: ઔડુવ-ષાડવ.

આરોહ-અવરોહ

સામ, મપ, ધપ, નિધસાં
સાં, નિધ, પ, મંપધપ, મ, ગમરેસા

પકડ

સા, મ, મપ, ધપમ, પમ, રેસા

કેદાર રાગની કેટલીક જાણીતી ચીજો

'સેજ નિસ નિંદ'; 'બહુત ગઈ થોડી રહી',
'જુગનવા ચમક રહીયો પ્યારી કે ઘરવા'
'બનઠન કહાં જુ ચલી.'

કેટલીક જાણીતી રેકર્ડ

'ચતુર સુઘર ભૈયાં' (ઝોહરાબાઇ આગ્રેવાલી)
'કાન્હા રે નંદનંદન' (નિસાર હુસેનખાન)
'પાયો પાયોરી મૈંને' (મેઘુબાઈ કુર્ડીકર)

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાં ઈ. ૧૯૪૪ના જુલાઈમાં, બીજા વિશ્વયુદ્ધની ભીષણતાને કારણે ભારતમાંની ત્યારની અંગ્રેજ સરકારે કડક કાગળ-કાપનો વટહુકમ કાઢેલો, જેને પરિણામે સામાન્યતઃ ૪૦ પાનાંનું નીકળતું 'કુમાર' એ માસથી ૧૨ પાનાંનું થઈ ગએલું. તેમ છતાં, (અમે એ અંકમાં જાહેર કર્યા પ્રમાણે) એટલાં પાનાંમાં પણ અમે 'કુમાર'નાં બને તેટલાં અંગ સમાવવાનો પ્રયત્ન કરેલો, તેની પ્રતીતિ આ યાદીથી થશે: બે કાવ્યો; સામયિક વિચાર; ચરિત્ર; 'લિપિકા'ની વાર્તા; શૂરો: વીરકથા; 'દાંત' વિષે સચિત્ર માહિતી આપતો સચોટ લેખ; અથાણું; જંતુનાશક ફિનાઈલનો પરિચય અને તે ઘેર બનાવી લેવાની રીત; કસોટી; અનંત ઠાણેકરનો લઘુનિબંધ; ડૉ. હરિપ્રસાદનું 'રસદર્શન'; ફોટોગ્રાફી વિભાગ: 'કૅમેરા વાપરવાની આવડત'; માધુકરી; આ માસ; છેલ્લું પાનું. એમાંની બે વાનગી: ૧) 'જવાનો'ને ઉદ્બોધન; ૨) પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવતા પ્રસંગો આલેખતું ડૉ. હરિપ્રસાદનું 'રસદર્શન'.

રસદર્શન

રોજ સવારે મેં સ્વામી વિવેકાનંદનાં વ્યાખ્યાનો વાંચવા માંડયાં હતાં. એની અસર એટલી બધી થતી કે એમનું બધું જ કથન મને અક્ષરશઃ ખરું લાગતું. મેં જાણ્યું કે હું સ્નાન કરીને પૂર્ણ ભક્તિભાવથી વાંચવા બેસું છું તેથી આમ થતું હશે. મારી પોતાની બુદ્ધિ છેક દબાઈ જાય ને સ્વતંત્ર વિચાર પણ ન કરી શકાય એટલી બધી ગુરુભક્તિ સારી નહિ, એમ વિચારી મેં તટસ્થપણે વાંચવા માંડયું. ત્યારે દબાણ ઓછું થયું ને કેટલીક બાબતમાં મતભેદ પણ જણાવા લાગ્યો. અને જ્યાં હું સંમત થતો ત્યાં પણ વિચારપૂર્વક.

એવી મનોવૃત્તિમાં મેં એમનું 'God the Terrible' (ભયંકર સ્વરૂપમાં 'કાલી' રૂપે ભગવાન) વાંચ્યું. મને થયું: ભગવાન તો સદા મંગલ સ્વરૂપે જ હોય છે; તો પછી આ ભયંકર, ક્રૂર અને ઘાતકી રૂપ તેનું કેમ થાય? હું એનો સ્વતંત્રપણે વિચાર કરવા લાગ્યો.

થોડા જ દિવસમાં મારો નાનો ભાઈ પ્રાણલાલ ગુજરી ગયો, ને ભયંકર સ્વરૂપમાં ભગવાનને મેં જોયા! અમારી બે ભાઈની રામ-લક્ષ્મણ જેવી જોડી હતી. શરીર બે, પણ જીવ એક હતા. ઘડી પણ એના વગર મને ચાલવું અશક્ય હતું. મારું જીવન ખારું થઈ ગયું. સંસારમાં કોઈ રસ રહ્યો નહિ. બધું શૂન્યકાર થઈ ગયું. દુઃખ અતિશય ઊંડું હતું અને કરુણ રસથી મારા દિવસો ને રાત્રિઓ છવાઈ ગયાં.

એને 'સ્પ્રૂ' (આંતરડાંનો ક્ષય) થયો હતો. શરીર આ જીવનમાં કોઈ જ કામ કરવા લાયક રહ્યું નહોતું. વધારે સારું શરીર આપીને એને નવા જન્મે વધારે સારી ઉન્નતિ કરવા યોગ્ય બનાવવા માટે જ ભગવાને મોત આપ્યું હશે, અને દેખીતી એ ભયંકરતા પાછળ ભગવાનની એના પર તો અપાર કરુણા જ હશે એમ મને બહુ દિવસ પછી લાગવા માંડયું. અમારા શોક, પ્રેમને લઈને અથવા અમારા સ્વાર્થ પૂરતા જ હતા, એના જીવનું તો મૃત્યુથી જ કલ્યાણ હશે, એવી મને પ્રતીતિ થઈ અને કાલી તે 'ભદ્ર'કાલી જ—કલ્યાણમયી છે, એવી શ્રદ્ધા ધીમેધીમે બેઠી. એવામાં એક માસિકમાં કોઈ કવિની હૃદયભેદક કવિતા વાંચી અને મારી જ દશા એમાં હું જોઈ શક્યો:

(હરિણી છંદ)

'બહુ દિવસથી, મારે માટે નથી રસ કૈં રહ્યો;
કુદરત મહીં શોધું છું હું બધે રસધોધવા.'

દુઃખનું ઓસડ દહાડા છે. બહુ દિવસે પહેલાંના 'રસધોધવા' પાછા શોધાયા તો ખરા; પરંતુ હવે તો, સ્વ. નરસિંહરાવના 'સરિત્ સંગમ' કાવ્યમાં જે અનુભવ છે તેવા અનુભવથી ઘડાએલા હૃદયમાં જ એ આવતા હતા. હૃદયમાં ઊંડો ઘા હતો; એ રૂઝાયો હતો; છતાં પ્રસંગોપાત્ત દરદ ઊપડી આવતું હતું.

એક નદી ઘોર અરણ્યમાંથી સૂકાં પાંદડાં અને ઊંડાં જળ લઇને ગંભીર ચાલે ચાલતી આવતી હતી. બીજી હાસ્યમય, કુદરતને રસ્તે ફૂલો અને ચમકતાં જળને લઇને કૂદતી અને ઊછળતી આવતી. એ બે નદીઓનાં સંગમ થઈ ગએલાં જળ પીતાં આપણે સંસારમાં બેઠા છીએ, એમ કહીને કવિ નરસિંહરાવ કહે છે કે હર્ષને પ્રસંગે હું શોકરૂપી નદીનાં પાણી પીઉં છું અને શોકને પ્રસંગે હર્ષનદીનાં પણ થોડાં જળપાન કરતો બેઠો છું:

ગાન મધુરું કરી ઉછરંગે હર્ષનદી નાચતી,
ઘોર શોકસરિત ગંભીર, ઘૂઘાટે વહી જતી.
એ બે સરિતતણાં જેમ નીર વહે એકમેકશું,
નાની પર્ણકુટીમાં તે ઠામ નિરંતર હું વસું.
શોકજળમાંથી હું કદી પાન કરું હર્ષનીરનું:
હર્ષનીરમાંથી શોક શાન્ત કદી કરું ધીર હું.

જવાનો!

કહો, તમે જુવાન છો કે? તો પછી હાથ પર હાથ ચડાવી બેઠા કેમ છો? શું કાંઈ કામ મળતું નથી? કામની ક્યાં કમી છે? પાંચ માઈલ દોડી નાખો! પાવડો ઉઠાવો ને જમીન ખોદી કાઢો. દોરડું ને ડોલ ઉઠાવો ને કૂવામાંથી પાણી ખેંચી ધરતી તર કરી દો. કુહાડી ઉઠાવો ને સાંજ સુધીમાં પાંચ મણ લાકડાં કાપી લાવો. એમ ન કરી શકો તો ઘેરઘેર ફરી બીમારોને જુઓ; જેનું કોઈ ન હોય તેને મદદગાર થાઓ.

ખાવાનું શું, એમ પૂછો છો? અરે, ખાવાનું જરૂર મળશે. કીડીથી કુંજર સુધી કોઈ ભૂખ્યું નથી સૂતું; તમે પણ નથી સૂવાના. તમને કામ કરતા જોઈ કુટુંબવાળા જાગી જશે; સમાજ થડકી જશે; સરકાર કંપશે. ખાવાનું જરૂર મળશે. દૈવ મદદ કરે છે: પણ એમને, કે જે હાથપગ હલાવે છે, મગજને વિકસાવે છે. આ પૃથ્વી પર તમારો પણ એટલો જ હક છે, જેટલો હૈદર કે શિવાજીનો હતો; આજે દ વેલેરા કે સ્ટાલિનનો છે. હિંમત જોઈએ.

બાળપણનાં સ્વપ્ન યાદ છે? તે વેળા શાના વિચારો આવતા હતા? જંગલો ઘૂમવાના? તો કેમ નીકળી પડયા નહિ? માબાપનો ડર હતો? પણ આજ કોનો ડર છે? ભાઇબહેનનો? દોસ્તોનો? એવા ડર તો કમબખ્ત મરતાં સુધી હેરાન કરવાના. ભાઇબહેન પછી બૈરીનો, પછી બાળબચ્ચાંનો, ને પછી કોણ જાણે કેટલા જણનો! એ ડરને ફેંકી દો.

તમારી ઉમર કેટલી? સોળ વર્ષ? સોળ વર્ષનો જવાન બાપકમાઈ ઉપર ગુજારો કરે? છોડો એ સહારો, ને લાગી જાઓ કામ પર. દિવસ આખો લાગ્યા રહો; સાંજે જ બહાર નીકળો. ને જુઓ કે આખા દિવસની કમાઈ હાંસલ કરો છો કે નહિ. પોતાની કમાઈનું ખાઈએ એમાં જ ખરો આનંદ છે. સાચની તાકાદ જુદી છે. હું સોળ વરસની વયથી જાતકમાઈ પર રહું છું. પિતાજીની સંપત્તિ બહુ હતી, પણ મેં તેનો ઉપભોગ નથી કર્યો.

પણ તમને આ વાતમાં ભરોસો નથી પડતો, ખરું ને? સૌના હાલ એ જ હોય. પહેલાં તરવાનું આવે ત્યારે સૌ ડરે છે; પણ એક વાર ઝંપલાવતી વખતે તો ડર ઉડાવી દેવો પડશે. ડર કોઇ ચીજ નથી. અજ્ઞાનનું જ એ ફળ છે. જે રસ્તે જવું ન હોય તેનું બીજું નામ ડર. જે જે સ્વપ્નો બચપણમાં તમારો અંતરાત્મા રચી રહ્યો હતો તે પૂરાં કરવાને કટિબદ્ધ થઈ જાઓ. એ જ મંત્ર છે. —મહાત્મા ભગવાનદીન



ઈ. ૧૫૯૫ અને ૧૫૯૮ની ડચ નાવિકોની સફળતા જોઈ અંગ્રેજ વેપારીઓએ રાણી ઇલિઝાબેથ પાસે 'કેઈપ ઑાવ ગુડ હોપ અને મૅગેલનની સામુદ્રધુની વચ્ચેના વિસ્તારમાં પંદર વર્ષ માટે એકહથ્થુ વેપાર ખેડવા'ની મંજૂરી મેળવી. ઈ. ૧૬૦૦માં 'ઈસ્ટ ઇંડિયા કંપની' સ્થપાઈ અને કંપનીના જ એક સભ્ય અર્લ ઑાવ કમ્બરલૅન્ડ પાસેથી 'રેડ ડ્રૅગન' નામે એક વહાણ મેળવ્યું. સાથે બીજાં ત્રણ વહાણો-'હેક્ટર' 'ઍસેન્શન' અને 'સુસાન' તથા અમુક અંતર સુધી માત્ર ખોરાક પાણી ભરેલા એક પાંચમા જહાજ સાથેનો કાફલો ઊપડ્યો. પણ કેપ ઑાવ ગુડ હોપ પહોંચતાં સુધીમાં તો સ્કર્વીને કારણે એટલા બધા ખલાસીઓ માંદા પડી ગયા કે વહાણ પરના ઉતારુઓને એમને સ્થાને કામે લાગવું પડેલું.

અંતે આ કાફલો સુમાત્રા પહોંચ્યો. ત્યાં એમણે વ્યાપારી થાણું પણ નાખ્યું અને એ સમયે યુરોપમાં અત્યંત મોઘાં અત્તરો ને તેજાનાની આયાત કરીને જે કમાણી કરી તેમાંથી કંપનીના ભાગીદારોને ૯૫% જેટલું ડિવિડન્ડ વહેંચાયું. જોકે આ ખેપમાં ગએલા ૪૮૦ જણમાંથી ૧૮૦ મરી ગએલા. આવી ત્રીજી ખેપ પછી તો ભાગીદારોને ૨૩૪ ટકા જેવું માતબર ડિવિડન્ડ મળેલું.

હવે કંપનીએ વહાણો ખરીદવાને બદલે પોતે જ બનાવી લેવા વિચાર્યું. ઈ. ૧૬૦૭માં ડેપ્ટફર્ડમાં વાડો નાખીને ૫૦૦ માણસો રોક્યા. પેઢીની દરિયાઈ ખેપો માટે જરૂરી સાધનસામગ્રીની વખાર પણ ત્યાં જ નાખી, જ્યાં બીજી ઉપયોગી વસ્તુઓ સાથે ૩૦,૦૦૦ પાઉન્ડનો તો માત્ર દારૂગોળો ને હથિયારો કાયમ રહેતાં. અહીં બનેલાં કંપનીનાં વહાણો 'ઈસ્ટઇંડિયા-મૅન'ના નામે ઓળખાતાં. ઉપર એ 'ઈસ્ટઇંડિયા-મૅન'નું ચિત્ર આપ્યું છે.



માધુકરી

વર્ષાની રુમઝુમતી રાત રંગભીની
એવી વ્હાલપની વાત રંગભીની.
આકાશે વીજ ઘૂમે, હૈયામાં પ્રીત ઝૂમે,
છંટાતી સ્વપ્નની બિછાત રંગભીની...વર્ષાની૦
બાજે અજસ્રધાર, વીણા સહસ્રતાર,
સ્મૃતિના ઝંકાર આંખ લૂછે રંગભીની...વર્ષાની૦

—ઉમાશંકર જોષી

ભીખાભાઈ માસ્તર

નવસારીથી દાંડી જવાના માર્ગમાં આવતા વિજલપોરની પ્રજાપતિની વાડીમાં સ્થપાએલા 'ભારતીય સંસ્કૃતિભવન'થી એ વિસ્તારના લોકો હવે અજાણ્યા નથી. બારેક વીઘાની એ વસાહતમાં ચાલતાં બાળમંદિર, સ્ત્રીશિક્ષણના વર્ગો, મફત દવાખાનું, સવાર-સાંજની ધર્મકથાઓ વગેરે જેવી લોકહિતની ઘણી નાનીમોટી પ્રવૃત્તિઓથી આ ધામ ગુંજતું રહ્યું છે. અહીંના જ એક વતનીએ દક્ષિણ આફ્રિકા જઈ સાહસ ને ઉદ્યમથી એકઠી કરેલી મૂડીને આવી અનેક ધાર્મિક, સંસ્કારી ને જનહિતાર્થે પ્રવૃત્તિમાં ખર્ચીને એક અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

આ ગૃહસ્થ તે માસ્તર ભીખાભાઈ પિતા ઉકાભાઈ પ્રેમાભાઈ દ૦ આફ્રિકામાં જોહાનિસબર્ગ નજીક ક્રુગર્સ ડોમમાં ફળફળાદિ વેચતા. ભીખાભાઈનો જન્મ સુરત નજીક આટ ગામમાં ઈ. ૧૯૦૨માં. ગામમાં થોડું ગુજરાતી ભણવા સાથે એમણે નાનપણમાં પિતાના માટીકામમાં અને ગામના સુથારો સાથે બંદર પર એમનું કામ જોવા સમજવામાં રસ લેવા માંડેલો. દસ વર્ષની વયે પિતા સાથે ક્રુગર્સ ડોમ ગયા. ત્યાં માસીબાઈ મામાને ત્યાં રહી અંગ્રેજી પાંચેક ચોપડી સુધી ભણ્યા ને પછી થોડો સમય હિંદી વેપારીને ત્યાં નોકરી કરવા સાથે અંગ્રેજી નામું લખવાનું પણ શીખી લીધું. આગળ જતાં મહાવરાથી અંગ્રેજી ભાષા પર પણ ઠીકઠીક કાબૂ મેળવી લીધો. બેએક વર્ષ આમ ગાળી તેઓ ટ્રાન્સવાલ ગયા ને પીટર્સબર્ગમાં અંગ્રેજી નામાનું કામ કરવા સાથે રાત્રે હિંદી બાળકોને ગુજરાતી અંગ્રેજી પણ શીખવવા માંડ્યું. ૧૯૨૪માં મામાના દીકરા નાથુભાઈ સાથે 'માસ્તર બ્રધર્સ'ના નામે નામાનું કામકાજ કરવા માંડ્યું. પણ એમાં બહુ કામ ન નીકળતાં પોતે પ્રીટોરિયા ગયા ને ત્યાં થોડો આશરો મેળવી એક રાત્રિશાળા ચાલુ કરી. દિવસે તેઓ નામાનું કામ મેળવવા વેપારીઓમાં રખડતા, રાત્રે ભણાવતા ને હાથે રાંધી ખાતા. પછી તો પ્રીટોરિયામાં દુકાન પણ ચાલુ કરી. ધીરેધીરે એમનો વ્યવસાય વધવા લાગ્યો. એટલે દુકાન પરનો બોજ ઘટાડવા ભીખાભાઈ તકદીર અજમાવવા જોહાનિસબર્ગ ગયા ને ત્યાં ગોરી મડમો માટે હૅટ બનાવવાનું કારખાનું નાખ્યું. આ પ્રકારનું ત્યાં એ પહેલું જ કારખાનું હતું. આજે પણ એ 'માસ્રો બ્રધર્સ' નામે ચાલે છે. અસલની જૂની મિલ્કત પર ત્યાં ભીખાભાઈએ ૧૯૪૧માં આઠ મજલાનું મોટું 'માસ્તર મૅન્શન' બંધાવ્યું. આખા દ૦



આફ્રિકામાં હિંદી માલિકીનું એ ઊંચામાં ઊંચું મકાન હતું. એની અગાશી પર એમણે રામમંદિર પણ બંધાવ્યું. આજે ત્યાં અનેક ધાર્મિક સંસ્થાઓની સભાઓ ભરાય છે, યોગાસનોના વર્ગો ચાલે છે, ધાર્મિક પર્વો ઊજવાય છે ને નવરાત્રિમાં ગરબાની રમઝટ પણ ચાલે છે.

ભીખાભાઈએ મુંબાઈમાં દાદર મુકામે 'માસ્તર બ્રધર્સ'ની જ માલિકીના 'સર્વોદય ભવન'માં 'બાગબે એક્સપોર્ટિંગ ઍન્ડ ઇન્વેસ્ટમેન્ટ કં. લિમિ.' અને 'ગ્રેઇટ ઇંડિયા ઇન્વેસ્ટમેન્ટ કં. લિમિ' સ્થાપી ભારતમાં પણ ધંધો વિસ્તારવા ધારેલો. ગુજરાતમાં એની શાખાઓ સ્થાપીને સ્થાનિક યોગ્ય માણસોના હાથમાં એનો વહીવટ સોંપી એ દ્વારા જનહિતનાં કાર્યો સાધવાની એમની યોજના હતી. પણ દેશમાં એમને સફળતા ન મળી, બલ્કે કેટલાક કડવા અનુભવોને કારણે એમના વિનોદી આનંદી, નિખાલસ સ્વભાવમાં પણ થોડું શંકાશીલપણું પ્રવેશી ગયું. ધીરેધીરે એમણે અહીંનું મોટા ભાગનું કામ સંકેલી લીધું.

પણ આ તો એમની ધંધાકીય કારકિર્દીની વાત થઈ. ધનઉપાર્જન પછી એમણે એનો જ્ઞાતિને માટે અને લોકહિત માટે જે સદ્વ્યય કર્યો છે એમાં એમનું ગૌરવ છે. 'કેળવણી વિના ઉન્નતિ નથી' એ એમનું સૂત્ર હતું. સ્થપાયા પછી લગભગ નિષ્ક્રિય બની રહેલા 'ધી ટ્રાન્સવાલ હિંદુ સેવાસમાજ'ને એમણે ફરી સક્રિય કરી દીધેલો. ટ્રાન્સવાલની ઑસ્પિટલમાં હિંદુ બોર્ડ, ગાંધી હૉલની મિલ્કત ને બાંધકામ, ગાંધી ભારત વિદ્યાલય, પ્રાર્થનાસભા, સંસ્કારસમિતિ ઈત્યાદિ અનેક પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય અને મોખરાનો હિસ્સો લેતા. પોતાની માતાની સ્મૃતિમાં એમણે વતનમાં પોતાના મકાનમાં જરૂરી ફેરફાર કરી 'ધનાંબેન લાયબ્રેરી' સ્થાપીને ગામને અર્પણ કરી છે. વતનમાં ને આસપાસ અનેક શાળાઓ ઊભી કરી છે તથા પરમાર્થી સંસ્થાઓ સ્થાપી છે; ને વિજલપોરનું 'સંસ્કૃતિભવન' પણ એમનું જ એક સ્વપ્ન હતું. આ બધાંમાં પોતાના કે પોતાના કુટુંબના સ્વાર્થને લેશમાત્ર અવકાશ ન મળે એ રીતે બધું સુવ્યવસ્થિત ગોઠવી, યોગ્ય માણસને ભળાવીને પોતે ખસી જવાનું પસંદ કરતા. નાતાલના ફીનિક્સમાં ગાંધીજીએ સ્થાપેલી સંસ્થા, જે એમના પુત્ર મણિલાલ ગાંધી ચલાવતા, એનો ભાર એમના અવસાન પછી એમનાં પત્ની સુશીલાબહેનને વહોરવાનો આવ્યો ત્યારે એ આશ્રમના એક ટ્રસ્ટી તરીકે ભીખાભાઈએ આપેલી સહાયથી એ આશ્રમ તથા ગાંધીજીનું સ્થાપેલું 'ઇંડિયન ઑપિનીઅન' પત્ર પણ ચાલુ રહી શક્યાં. આ જ રીતે ગાંધીજીના 'નવજીવન' પર તવાઈ આવી અને એની હાથે લખેલી પ્રતો વહેંચાવા લાગી ત્યારે ભીખાભાઇએ એ હસ્તલિખિત પ્રત મંગાવી, છપાવીને આફ્રિકાના ગ્રાહકોને પહોંચાડી હતી. આમ, માત્ર ઉદ્યમ સાહસ અને નિઃસ્વાર્થ બુદ્ધિથી આપબળે એમણે જે વિકાસ સિદ્ધ કર્યો હતો એ કોઇને પણ પ્રેરક છે. આ જ રીતે છેવટ સુધી (ને પાછલાં બે વર્ષમાં તો નબળી તબિયત છતાં) કાર્યરત રહી તેઓ ૧૯૬૨ની ૬ જૂને અવસાન પામ્યા. — ર. મ. રાવળ

આ અંકનું પૂઠું

આ ચિત્ર, શિલ્પ, કલાકૌશલ અને ફોટોગ્રાફ, એ ચાર વિવિધ માધ્યમમાં વ્યક્ત થતી કલાનું એમાં નિરૂપણ છે. પહેલી કૃતિમાં ચિત્રકારે સાદી પરિપાટીમાં 'તુનતુની અને સાત રાણીઓ'ની વાર્તાનો પ્રસંગ રજૂ કર્યો છે. બીજી કૃતિમાં શિલ્પીએ આગવી રીતે આકાર ઉપસાવીને કેશ સમારતા સ્ત્રીદેહની લયાન્વિત સૌંદર્યરેખાઓ ઉતારી છે. પ્રેમના એક મૂર્તિમંત આંસુ જેવી ત્રીજી કૃતિ બ્રિટિશ સ્ત્રી-કલાકાર જેઈન વેબ્સ્ટરનું સ્ફટિકપાત્ર છે. ચોથી કૃતિમાં છે તો માત્ર વન છોડ પણ એને ઉપરના દૃષ્ટિકોણ વડે અને અકમતોલ સંયોજનને પણ સપ્રમાણ બનાવી ફોટોકલાકારે પોતાની દૃષ્ટિનો કસબ દર્શાવ્યો છે.

પ્રિન્સ ઑવ વેલ્સનો પદાભિષેક

'ચાર્લ્સ ફિલિપ આર્થર જ્યૉર્જને નામે પરિચિત અમારા સૌથી વધુ વહાલા પુત્રની કમરે તલવાર બાંધીને, એના મસ્તક પર રાજમુકુટ મૂકીને, એની આંગળીએ રાજમુદ્રા પહેરાવીને, એના હાથમાં સુવર્ણદંડ આપીને એને અમે આ હકૂમતના રાજવી બનાવીએ છીએ; જેથી એ અહીંની ગાદી સંભાળે, અને પોતાને સારુ તથા પોતાના વંશજોને માટે એને સદાને માટે દોરે ને એની રક્ષા કરે.'

કંઈક આ મતલબના શબ્દો સાથે કનાવનના કિલ્લામાં એકઠા થએલા ૪૦૦૦ મહેમાનો સમક્ષ ઇંગ્લંડનાં રાણી ઈલિઝાબેથ બીજાએ પોતાના પુત્રને 'પ્રિન્સ ઑવ વેલ્સ' તરીકે ત્યાંની પ્રજાને સમર્પિત કરતો પદાભિષેક આ માસની પહેલી તારીખે કર્યો. રાણી ઇલિઝાબેથના રાજ્યારોહણ પછીનો ઇંગ્લંડમાં આ પહેલો જ ભવ્ય શાહી વિધિ હતો. લગભગ ૫૦ કરોડ લોકોએ તે ટેલિવિઝન પર નિહાળ્યો હશે.

આ રાજકુમાર ચાર્લ્સની પહેલાં અંગ્રેજ વંશમાં અગાઉ ૨૦ 'પ્રિન્સ ઑવ વેલ્સ' થઈ ગયા. જોકે સત્તાવાર નોંધ નથી, છતાં મનાય છે કે



પ્રથમ પ્રિન્સ ઑવ વેલ્સ ઉત્તર વેલ્સનો જ રાજવી લેવલીન અપ ગ્રુફીડ હતો. ઈ. ૧૨૬૭ની મૉન્ટગૉમરીની સંધિ અનુસાર ઇંગ્લિશ તાજ તરફથી એને એ પદ અપાયું હતું. પણ લેવલીને ઈ. ૧૨૮૨માં ઇંગ્લંડના રાજા એડવર્ડ પહેલા સામે બંડ કર્યું. એ કેદ પકડાયો ને એનો શિરચ્છેદ થયો. એના પછી એના ભાઈ ડેવિડને 'પ્રિન્સ ઑવ વેલ્સ'નું પદ મળ્યું, પણ એકાદ વર્ષ પછી એનો પણ વફાદારીનો ભંગ કરવા બદલ એજ ફેજ થયો. વેલ્સમાં હવે કોઈ રાજવી રહ્યો નહિ. એટલે પછી ઇંગ્લંડના રાજવંશમાં જ આ પદ આપવાનું જરૂરી બન્યું.

લેવલીનના વધ પછી બે વર્ષમાં એડવર્ડ પહેલાની રાણી ઇલિયેનોરે કનાવનના કિલ્લામાં જ એક પુત્રને જન્મ આપ્યો. રાજા એડવર્ડે વેલ્સની ઠકરાતો સમક્ષ એને એના રાજા તરીકે રજૂ કર્યો. પણ ભવિષ્યમાં એડવર્ડ બીજા તરીકે ગાદીએ આવેલા એ એડવર્ડ ઑવ કનાવનનાં અપલક્ષણોથી એની પણ એ જ દશા થઈ. રાજ્ય માટે અયોગ્ય ઠરનાર અને ખૂનનો ભોગ બનનાર એ પ્રથમ અંગ્રેજ રાજવી હતો.

આ એડવર્ડ બીજાનો પૌત્ર, એડવર્ડ ત્રીજાનો પુત્ર એડવર્ડ ફ્રાંસમાં અસાધારણ લશ્કરી કામગીરી બજાવવા બદલ 'બ્લૅક પ્રિન્સ' તરીકે લોકપ્રિય થએલો, પણ રાજગાદીએ આવતાં પૂર્વે જ ૪૬ વર્ષની વયે એનું અવસાન થયું અને એનો પુત્ર રિચાર્ડ પ્રિન્સ ઑવ વેલ્સ બન્યો.

રિચાર્ડ બીજા તરીકે ગાદીએ આવનાર એ રાજકુમાર લાગણીશીલ, ધૂની અને કંઈક નિર્માલ્ય હોઈ એના પિતરાઈ બોલિંગબ્રોકે એને ગાદી પરથી ઉઠાડી મૂક્યો અને ઘણું કરીને એ ભૂખથી મૃત્યુ પામ્યો.

ગાદીએ બેઠાંવંત બોલિંગબ્રોકે હેન્રી ચોથા તરીકે પોતાના પુત્ર હેન્રીને 'પ્રિન્સ ઑવ વેલ્સ' બનાવ્યો, જે પાછળથી હેન્રી પાંચમા તરીકે ગાદીએ આવ્યો. એ પછી ૮૭ વર્ષ સુધી કોઇને 'પ્રિન્સ ઑવ વેલ્સ'નું પદ મળેલું નહિ. આમ ૧૩૦૨ થી ૧૪૨૨નાં ૧૨૦ વર્ષમાં ચાર 'પ્રિન્સ ઑવ વેલ્સ' થયા.

પંદરમી સદીનાં ૫૦ વર્ષમાં બીજા પાંચ પ્રિન્સ ઑવ વેલ્સ થયા: (૧) એડવર્ડ ઑવ વેસ્ટમિન્સ્ટર (હેન્રી પાંચમાનો પૌત્ર), જેનું ટેક્સબરીની લડાઈ બાદ ખૂન થયું; (૨) એડવર્ડ ઑવ ધ સૅંક્ચ્યુઅરી, પ્રિન્સ ઑવ ધ હાઉસ ઑવ યૉર્ક—એડવર્ડ પાંચમો; રાજગાદીએ આવવા પહેલાં જ ટાવર ઑવ લંડનમાં એનું ૧૩ વર્ષની વયે અવસાન થયું; (૩) એડવર્ડ ઑવ મિડલહામ, રિચાર્ડ ત્રીજાનો પુત્ર, જે ૧૦ વર્ષની વયે અવસાન પામ્યો; (૪) આર્થર ઑવ વિન્ચેસ્ટર, હેન્રી સાતમાનો પુત્ર અને ટ્યૂડર વંશનો પહેલો પ્રિન્સ ઑવ




પ્રિન્સ ચાર્લ્સ ફિલિપ આર્થર જ્યૉર્જ, પ્રિન્સ ઑવ વેલ્સ ઍન્ડ અર્લ ઑવ ચેસ્ટર, ડ્યૂક ઑવ કૉર્નવૉલ ઈન ધ પીઅરેજ ઑવ ઇંગ્લંડ, ડ્યૂક ઑવ રાથસે, અર્લ ઑવ કૅરિક ઍન્ડ બૅરન ઑવ રેનફ્રુ ઈન ધી પીઅરેજ ઑવ સ્કૉટલૅન્ડ, લૉર્ડ ઑવ ધ આઇલ્સ ઍન્ડ ધ ગ્રેઇટ સ્ટુઅર્ટ ઑવ સ્કૉટલૅન્ડ.

વેલ્સ. એ બુદ્ધિશાળી રાજકુમારનું લુડલોના કિલ્લામાં અકાળ અવસાન થતાં (૫) એનું આ પદ અને એની વિધવા કૅથેરાઇન બંને એના નાના ભાઇને ફાળે ગયાં, જે હેન્રી આઠમા તરીકે ગાદીએ આવ્યો.

તે પછી છેક ૧૦૧ વર્ષે ઈ. ૧૬૧૦માં જેઇમ્સ પહેલાનો પુત્ર હેન્રી 'પ્રિન્સ ઑવ વેલ્સ' બન્યો. પણ તે અકાળ મરી ગયો અને એનો નાનો ભાઇ ચાર્લ્સ 'પ્રિન્સ ઑવ વેલ્સ' બન્યો. ચાર્લ્સ પહેલા તરીકે એ ગાદીએ આવ્યો ને પોતાના હેન્રી અધિકારોની જિદમાં માર્યો ગયો.

ચાર્લ્સ પહેલાના પુત્ર ચાર્લ્સ બીજાને કાયદેસરનું સંતાન ન હતું, એટલે એના ભાઈ જેમ્સ બીજાનો પુત્ર 'પ્રિન્સ ઑવ વેલ્સ' બન્યો, પણ એને દેશ બહાર જ રહેવું પડયું અને એની સાવકી બેન રાણી ઍન તરીકે ગાદીએ આવી. એના પછી ઇ. ૧૭૧૫માં જ્યૉર્જ પહેલો ગાદીએ આવ્યો ને ઇંગ્લંડના ઇતિહાસમાં હૅનોવર વંશનો આરંભ થયો.

જ્યૉર્જ પહેલાથી રાણી વિક્ટોરિયા સુધીના સમ્રાટો અને સામ્રાજ્ઞીને તેમના પાટવીકુંવરો પર અશ્રદ્ધા હતી. પરિણામે રાજ-



વેલ્સના ઇતિહાસમાં કનાવનશાયરનું ઘણું મહત્ત્વ છે. આ પરગણાના મુખ્ય નગર કનાવનના આ (જમણી બાજુ દર્શાવેલા) કિલ્લામાં જ ઇંગ્લિશ રાજવંશના પ્રથમ 'પ્રિન્સ ઑવ વેલ્સ' એડવર્ડ બીજાનો જન્મ થએલો. એડવર્ડ પહેલાએ વેલ્સમાં બંધાવેલા છ કિલ્લામાં આ મુખ્ય છે અને એની દીવાલો તથા બુરજ આજે પણ એટલા જ સાબૂત છે. એના ઐતિહાસિક મૂલ્ય ઉપરાંત પણ ઉત્તર વેલ્સનું આ વધુમાં વધુ ડુંગરાળ પરગણું પોતાના પ્રાકૃતિક સૌન્દર્ય માટે વિખ્યાત છે. (એનું એક દશ્ય સામેના પાને આપ્યું છે.) આ અનેક શિખરો, નદી સરોવરો ને ગીચ જંગલોથી આચ્છાદિત 'સ્નૉડોનિયા નેશનલ પાર્ક' નામે ઓળખાતા સુંદર વિસ્તારમાં વેલ્સ અને ઇંગ્લંડનું ઊંચામાં ઊંચું (૩૫૬૦') શિખર 'સ્નોડન' આવેલું છે. આખા વેલ્સમાં કનાવનશાયરની સમુદ્રકંઠાર લાંબામાં લાંબી છે અનેક મધ્યકાલીન કિલ્લાઓ, પવિત્ર દેવળો, બજારોથી ગુંજતા કરબાઓ અને ડુંગરાળ ગ્રામપ્રદેશના હરિયાળા વિસ્તારોમાંથી જતા એના બે રેલમાર્ગમાંનો એક 'ફેસ્ટિની ઍાગ રેલવે' નૅરોગેજનો દુનિયાનો જૂનામાં જૂનો રેલમાર્ગ છે. અહીંના સ્લેટિયો પથ્થર વિખ્યાત છે. થોડી ખેતી ઉપરાંત ઘેટાંનો ઉછેર, વણાટકામ અને પૉટરી જેવા ગ્રામોદ્યોગની થોડીશી આવકમાં અહીં આવતા પ્રવાસીઓ ઘણો ઉમેરો કરે છે. ૨૦૦૦થી યે વધુ વર્ષથી અહીં માનવવસવાટ ચાલ્યો છે.






'પ્રિન્સ ઑાવ વેલ્સ'ના પદાભિષેકની સ્મૃતિમાં આવા ૧૨૦૦૦ ખાસ પદક બહાર પડયા છે, જેમાં ૧૫૦૦ સ્ટર્લિંગ ચાંદીના ૩૦૦૦ ગિલ્ટ કરેલા કાંસાના અને ૭૫૦૦ હજાર ઊજળા કાંસાના છે. એની એક બાજુ પ્રિન્સની છબિ અને 'ચાર્લ્સ પ્રિન્સ ઑાવ વેલ્સનો પદાભિષેક, કનાવન ૧૯૬૯' એવું લખાણ ને પાછલી બાજુ વેલ્સના 'ડ્રૅગન'ની સંજ્ઞા છે. એના ફરતા લખાણનો મુક્ત અર્થ કંઈક આવો છે: 'લાલ ડ્રૅગન માર્ગ દર્શાવે છે.' જમણી બાજુ પ્રિન્સ જ્યારે વેલ્સમાં હોય ત્યારે વપરાનારી એમની સંજ્ઞાઢાલ

કાજથી અલિપ્ત 'પ્રિન્સ ઑાવ વેલ્સ' મોજશોખમાં અને એના કારણે આવતા દુર્ગુણો તરફ ઢળ્યા. આ જ કાળમાં રાજાઓ માત્ર બંધારણીય. વડા બન્યા અને પાર્લામેન્ટ, પક્ષ અને વડા પ્રધાનનું વર્ચસ્વ વધી ગયું.

જ્યૉર્જ ચોથો નિઃસંતાન હતો એટલે એના પછી ગાદીવારસ આપવા માટે એના ભાઈઓમાં સ્પર્ધા જામી. એમાંના એક ડયૂક ઑાવ કેન્ટને ત્યાં ઈ. ૧૮૧૯ની ૨૪મી મેએ પુત્રી જન્મી, જે બીજા ભાઈઓનું મૃત્યુ થતાં ઇ. ૧૮૩૭માં રાણી વિક્ટોરિયા તરીકે ગાદીએ આવી.

આ પછી ૧૮૪૧માં એડવર્ડ સાતમાને, ને તે પછી જ્યૉર્જ પાંચમાને પ્રિન્સ ઑાવ વેલ્સનું પદ મળેલું. પાંચમા જ્યૉર્જના ૧૬ વર્ષના પ્રિન્સ એડવર્ડનો પદાભિષેક જ્યારે ઈ. ૧૯૧૦માં કરવાનું વિચારાયું ત્યાર સુધીમાં માત્ર એક જ 'પ્રિન્સ ઑાવ વેલ્સ નો અભિષેક વેલ્સમાં થએલો. એટલે લગભગ ૩૦૦ વર્ષથી બંધ થઈ ચૂકેલો આ જાહેર વિધિ હવે ફરી જીવિત કરવાનું નક્કી થયું. ત્યારના વડા પ્રધાન લૉઈડ જ્યૉર્જ (જે વેલ્સના હતા) એના વિધિઓ ફરી સ્થાપવા સાથે જૂના 'પ્રિન્સ ઑાવ વેલ્સ'ને કનાવન કિલ્લાના દ્વારમાંથી પસાર કરાવીને જ વેલ્સની પ્રજા સમક્ષ એને રજૂ કરવાનો નવો વિધિ ઉમેરાંવ્યો. એ સમગ્ર વિધિને સહેજ ટૂંકાવીને આ વખતે આ અભિષેકવિધિ કરવામાં આવ્યો છે.

આ પ્રિન્સ ચાર્લ્સનો જન્મ અપેક્ષિત તારીખથી બે સપ્તાહ મોડો ઈ. ૧૯૪૮ની ૧૪મી નવેમ્બરે લંડનમાં બકિંગહામ પૅલેસમાં થએલો. મહેલમાં જ પ્રાથમિક શિક્ષણ પામી નાઈટ્સબ્રિજના હિલ હાઉસમાં, અને એ પછી ગૉર્ડનસ્ટાઉનમાં આસ્ટ્રેલિયામાં ટિમ્બરટૉપમાં અને કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં એ ભણ્યા. સાંપ્રત રાજકીય પ્રવાહોને અનુરૂપ થવા એનાં માતાપિતા બ્રિટિશ રાજગાદીના આ વારસને ઉચ્ચ તાલીમ સાથે જનસંપર્કનો પણ અનુભવ મળે એમ ઇચ્છે છે. ભણતર દરમિયાન હાથે કામ કરી લેવાનો મહાવરો તેણે પાડયો છે અને શાળાની ચર્ચાસભાઓમાં તથા નાટયપ્રવૃત્તિઓમાં પણ ભાગ લીધો છે. એમણે વેલ્શ ભાષા અને સાહિત્યનો ત્યાંના જ એક રાષ્ટ્રવાદી એડવર્ડ મિલવર્ડ પાસે અભ્યાસ કર્યો છે અને આ અભિષેક પ્રસંગે એમણે અંગ્રેજી પહેલાં વેલ્શ ભાષામાં ભૂલ વિનાનું વ્યાખ્યાન આપવા જેટલો કાબૂ પણ એમાં મેળવી લીધો છે. તરવું, દોડ, ઘોડેસવારી, મોટર ડ્રાઇવિંગ ને વિમાન ચલાવવામાં પણ રસ ધરાવનાર એ પાટવીકુમાર સ્વભાવે હસમુખા હોઈ લોકસંપર્કમાં રસ લે છે.

ઈ. ૧૯૫૮માં રાણી ઇલિઝાબેથે પ્રિન્સ ચાર્લ્સનો આ અભિષેક કરવાનો નિર્ણય જાહેર કરેલો. ડ્યૂક ઑાવ કૉર્નવૉલનો ખિતાબ તો એમને પાટવી કુંવર તરીકે આપોઆપ જ મળે છે, જેની જાયદાદ તરીકે વાર્ષિક ૧,૮૦,૦૦૦ પાઉન્ડની આવકવાળી વિશાળ જાગીર એમને મળે છે. આમાંથી ઉમરલાયક થતાં સુધીના એમના ખર્ચ માટે એ આવકનો અમુક ભાગ રાણીને મળે છે આવતા નવેમ્બરમાં પ્રિન્સ ૨૧ વર્ષના થતાં એ જાગીરની બધી જ આવક એમને પોતાને મળતી થશે.

એક બ્રિટિશ પત્રનો અભિપ્રાય છે કે જેમ્સ પહેલા પછી સૌથી વધુ બુદ્ધિમાન રાજવી તરીકે અને ચાર્લ્સ બીજા તથા જ્યૉર્જ પાંચમા પછી સૌથી વધુ સંસ્કારી રાજવી તરીકે આ પ્રિન્સ ચાર્લ્સ ભવિષ્યના રાજા ચાર્લ્સ ત્રીજા તરીકે અવશ્ય નામ કાઢશે.

(લંડન) **રમણિકલાલ સોલંકી**



← ઇંગ્લંડનું રાજકુટુંબ. રાણી ઇલિઝાબેથ અને પ્રિન્સ ફિલિપ (ડ્યૂક ઑાવ એડિનબરા)ની વચ્ચે પ્રિન્સ એડવર્ડ. પાછળ ઊભેલાં: પ્રિન્સેસ ઍન અને પ્રિન્સ ચાર્લ્સ (પ્રિન્સ ઑાવ વેલ્સ). જમણી બાજુ ઊભેલા પ્રિન્સ ઍન્ડ્રયુ.



પાટવી કુંવર ચાર્લ્સને વેલ્શ ભાષા શીખવનાર ગુરુ એડવર્ડ મિલવર્ડ. →

શતરંજ .... સુરેશ શેઠ

બૅંગલોરમાં રાષ્ટ્રીય 'બી' ટુર્નામેન્ટમાંથી નીચેના દસ ખેલાડીઓ હવે ઑક્ટોબર-નવેમ્બરમાં રમાનારી રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લેવા હકદાર બન્યા છે:


(૧) શિવચરણદાસ દેવગણ (દિલ્હી) ૧૦ પોઈન્ટ્સ, (૨) એમ. આર. વહી (દિલ્હી) ૯½ પો., (૩) મેહરોઝ વાચ્છા (આંધ્ર) ૯½ પો. (૪) આર. કે. ગુપ્તા (દિલ્હી) ૯½ પો. ૫ થી ૧૦ શમસુખ હસ્સન, રવિ હાંડેકર અને સુરેશ શાલિગ્રામ (મહારાષ્ટ્ર); નસિરૂદીન ગાલિબ (આંધ્ર), કે. કે. શુકલ (ઉ. પ્ર.) અને ડી. સેટ્ટ (પ. બંગાળ), બધામાં ૯ પો.

આ દસ ઉપરાંત છેલ્લી રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પહેલા ૭ આવેલા ખેલાડીઓ મળીને લીગ ટુર્નામેન્ટ રમાશે. એ ૭ ખેલાડીઓ છે: નાસિર અલી (ઉ. પ્ર.), મૅન્યુઅલ ઍરોન (મદ્રાસ), રામચંદ્ર સપ્રે (મહારાષ્ટ્ર), મહમદ હસન (આંધ્ર), શ્રીકૃષ્ણ સાખળકર (મહારાષ્ટ્ર) અને ફારૂક અલી (આંધ્ર). ૧૬માંથી મહારાષ્ટ્રના ૫ (બધા જ મુંબાઈના), આંધ્રના ૪ (બધા હૈદરાબાદના), દિલ્હીના ૩, ઉત્તરપ્રદેશના ૨ અને મદ્રાસ તેમજ બંગાળના એક એક ખેલાડી છે.

દિલ્હીના રમનારાઓએ આ વખતે ધાર્યા કરતાં ઘણું જ સારું પરિણામ મેળવ્યું છે. શતરંજની હરીફાઈમાં મુંબાઈ-હૈદરાબાદ પછી સાધારણ રીતે મદ્રાસની ગણના થતી હતી, પણ આ વખતે દિલ્હી આગળ આવી ગયું છે અને મદ્રાસનો એક પણ ખેલાડી રાષ્ટ્રીય 'બી' ટુર્નામેન્ટથી આગળ આવી શક્યો નથી.

આ ટુર્નામેન્ટમાંથી થોડી રમત આપણે જોઈશું, પણ એ દરમિયાન આ વખતે આલેખાઈનનું એક વધુ કોમ્બિનેશન જોઈએ.

ALEKHINE



TORRES

અહીં બંને ખેલાડીનાં સરખાં મહોરાં છે અને રમત મધ્યના તબક્કામાં છે. બંને પક્ષે મહોરાંનો વિકાસ પણ સારો છે. સાધારણ ખેલાડીને અહીં કોમ્બિનેશન દેખાય તેમ નથી, પણ આલેખાઈને પોતાના ઊંટની સ્થિતિનો લાભ લઈને સુંદર કોમ્બિનેશનથી સાત જ ચાલમાં રમતનો અંત લાવી દીધો છે.

1..., P–Q5! પ્યાદું Q5 ઉપર ચાલે તો મરે, કારણ કે તેનો બચાવ ત્રણ મહોરાં જ કરે છે જ્યારે તેની ઉપર ચાર સફેદ મહોરાંનો હુમલો આવે છે. છતાં લાંબા તિરકસ માર્ગ પરના પોતાના ઊંટ અને સામા (સફેદ)ના રાજાની વચ્ચે જે ચાર મહોરાં છે તેમાંથી બે આ રીતે દૂર થતાં હોવાથી એ (કાળો) પોતાના પ્યાદાનો ભોગ આપે છે.

2 P×P, P×P; 3B×P, B×P; 4R×B, R×R; 5N×R, Q×N!

હવે સફેદ પ્યાદાને દૂર કરવા વજીરનો ભોગ આપે છે.

6 P×Q, N–B7 dbl. ch; 7N×P mate.

—મિશ્ર—

મળેલ છે બે કર, તો અહીંઆં
કૈં કર્મ કર્તવ્ય ખડાં હજાર છે.

—પ્રજારામ—

શિકારે નીકળેલા ખંડેરાવ ગાયકવાડ એક ડુક્કરની પાછળ પડતાં સાથીથી વિખૂટા પડી ગયા. ડુક્કર તો એક ખેતરમાં રંજાડ કરી નાસી ગયો; પણ ખેતરના માલિકે તેથી ક્રોધે ભરાઈ, તેમને સામાન્ય શિકારી ગણી, ન કહેવાનાં વેણ કહ્યાં અને રંજાડનો બદલો લેવા મહારાજા પાસે લઈ જવા સારુ અટકમાં લીધા. મહારાજા શાંતિથી તેને તાબે થયા. થોડી વારે મહારાજાનો સાથી આવી પહોંચતાં ખેડૂતની ભૂલ ભાંગી ત્યારે તેનાં હાંજાં ગગડી ગયાં. પણ મહારાજાએ તેને આશ્વાસન આપ્યું, કે 'પાકની નુકસાની માટે મને કેદ કરવાને તું હકદાર જ હતો. એ કેદમાંથી છૂટવા માટે પાકની નુકસાની બદલ આ ખેતરની સરકાર-વિઘોટી તને અને તારા વંશવારસોને કાયમને માટે હું માફ કરું છું.'



ઉત્તર પેરૂ પ્રદેશનું માટીનું ઇન્કા કાળનું એક પ્રાચીન પાત્ર. શોભનભાત અને હાથા ઉપરાંત એના નાળચાના મૂળ પાસે ઉપસાવેલો પ્રાણીનો આકાર વિશિષ્ટ છે.



ઓખામંડળના કિનારા ઉપર ઘણો વખત પવન ફૂંકાતો હોય છે તેનો લાભ લઇને જામનગર-દ્વારકા રેલવેની ટ્રૉલી ઉપર આવા સઢ ચડાવવામાં આવે છે, જેથી પવનને જોરે વગર ધક્કેલ્યે ટ્રૉલી આપમેળે વેગથી ચાલે છે.

કાવ્યબદ્ધ કહેવતો :

આક ઈંધન ને જવ-દળણું
છોરું બાપ-હળ્યાં,
રાંડ કભારજા ને પડોશમાં સાળા
એ પાંચે પાપ મળ્યાં.

[આકડાનું ઈંધણ–જોતજોતાંમાં બળીને રાખ થઈ જાય, જવને દળવા ઘણા કપરા, બાપ સાથે હળેલાં બાળકો પણ પીડારૂપ, કર્કશા સ્ત્રી અને પડોશમાં જ પત્નીનું પિયર હોવું તે.]

ગણિતગમ્મત : ૧, ૨ અને ૩ એ એવા આંકડા છે કે જેનો સરવાળો અને ગુણાકાર સરખા જ થાય છે.

છત્રી પર પડેલા કાદવના ડાઘ મેથીલેટેડ સ્પિરિટવાળું પોતું ઘસવાથી નીકળી જશે.

અથાણું

ઈ. ૧૯૫૧માં જાણીતા સાહિત્યકાર વિજયરાય વૈદ્યના સામયિક 'માનસી'ને તેના આર્થિક સંકટમાંથી ઉગારવા તેમના મિત્રોએ નવસારીમાં એક સંગીત-સમારંભ યોજવાનું ઠરાવી તે માટે જરૂરી સરકારની પરવાનગી માટેની અંગ્રેજી અરજીમાં લખ્યું : 'ટુ કલેક્ટ ફંડ ફૉર વિજયરાય'ઝ માનસી' (વિજયરાયની માનસીના લાભાર્થે ફાળો ભેગો કરવા માટે).

અઠવાડિયા પછી સરકારી રાહે પૂછાણ આવ્યું : વિજયરાયની વિધવા 'મંછી' માટે તમે કેટલી રકમ ભેગી કરવા માગો છો? વળી વિજયરાય કોણ હતા, એ પણ જણાવશો. એ જાણ્યા પછી જ આ બાબતમાં કંઈક નિર્ણય લઈ શકાશે. —ર.

નવી નવી કવિતા છે, વારતાઓ નવી નવી,
ઉથલપાથલ મચી સાહિત્યભંડારમાં;
છન્દ-બંધ લગીર ન કાવ્યમાં નજરે પડે,
બધા છલ છંદ તો વહી ગયા વેપારમાં;
અલંકારો ક્યાંથી હવે સર્જનમાં શોભા આપે?
એ તો બધા લઈ ગઈ સરકાર કરમાં;
કોઈ કવિતામાં હવે ઊંચો ભાવ રહ્યો નથી,
ઊંચા ભાવ આજે હવે ગયા છે બજારમાં.

—રમઈ કાકા

મરિયમ : કેમ, તેં પેલા તારા ફરહાદને છોડી દીધો કે શું?

ફાતિમા : હા જ તો. એણે મને છેતરી. કહેતો'તો કે પોતે 'લીવર' અને 'કીડની'નો સ્પેશિયાલિસ્ટ છે; પણ પછી મને ખબર પડી કે એ તો કસાઇને ત્યાં કામ કરતો હતો.

શેઠ (ધર્મભાવથી ઈશ્વર વિષે સમજાવતાં) : આપણને ખબર પણ ન હોય અને પોતે બધું જ સાંભળે, ને બધા પર નજર રાખે, તથા જેની પાસે હું પણ મગતરું ગણાઉં એ કોણ એ તો તું જાણે છે ને?

નોકર : હા, સાહેબ. શેઠાણીને હું ન જાણું?


પતિપત્ની ઝગડ્યાં. અરસપરસ બોલવાનું બંધ થયું અને ચિઠ્ઠીએ વહેવાર ચાલ્યો. એક દિવસ પતિએ ચિઠ્ઠી મૂકી : 'કાલે સવારે મારે સાત વાગ્યે અગત્યના કામે બહાર જવાનું છે એટલે છ વાગ્યે મને જગાડજે.'

બીજે દિવસે પતિ ઊઠ્યા ત્યારે સાડાસાત વાગી ગએલા, પણ ઓશિકા પાસે ચિઠ્ઠી પડેલી જેમાં લખ્યું હતું : 'છ વાગી ગયા છે, ઊઠો.'

અતિશય ઊંચો એક પહાડ છે. એના સૌથી ઊંચા શિખર ઉપર દર હજાર વરસે એક પંખી આવે છે, અને પથ્થર સાથે પોતાની ચાંચ એક વાર ઘસે છે, આમ કરતાં જ્યારે આખો પર્વત ઘસાઈ જાય ત્યારે અનંતતાનો એક દિવસ પૂરો થાય. (ગ્રીક લોકકથા)

કલિયુગ, દ્વાપર, ત્રેતા ને કૃત આ ચાર યુગનાં ૪૩,૨૦,૦૦૦ વર્ષનો એક મહાયુગ; એવા ૭૧ મહાયુગ વીત્યે એક મન્વંતર, ને ૧૪ મન્વંતરનો એક કલ્પ બને. આમ ૪૩,૨૦,૦૦૦×૭૧×૧૪ વર્ષો જ્યારે વીતે ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય. (ભારતીય પુરાણ)





આજીવિકા — ફોટો કલાકાર • એ. એલ. સૈયદ — **ઉલ્લાસ**


બંનેનો દિવસ વહેલી સવારથી શરૂ થઈ જાય છે. એકને પોતાનો માલ રજૂ કરવો છે બીજાને ઉલ્લાસ: એકને આજીવિકા રળવી છે, બીજાને મોજ; પણ એકના આરંભ સાથે જડાજડ કંઈક ચિંતા છે, બીજાની સાથે નિશ્ચિંતતા. એક જવાની તૈયારી કરે છે બીજો આવે છે. એક વયસ્ક છે બીજો બાળક. એકની પીઠ પર છાયા સવાર છે બીજાની પીઠ પર કુમળો સૂર્યપ્રકાશ. ફોટો-કલાકારે કેવી સરખામણી યોજી છે? ચિત્રવિષયમાં જ નહિ, ચિત્રની રજૂઆતમાં પણ. બંનેનું આયોજન એક જ દિશાની કર્ણરેખામાં છે છતાં એકમાં જોનારની દૃષ્ટિ બહાર જાય છે બીજામાં અંદર પ્રવેશે છે; અને તેજ તથા છાયામાં પણ એક કસબ છે જ.

આ માસ(જુલાઇ)ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

તા. ૧, ૧૮૫૨: હિંદમાં પહેલવહેલી ટપાલ-ટિકિટ બહાર પડી. એ માત્ર સિંધ પ્રાંત પૂરતી ત્યાંના કમિશનર સર બાર્ટલ ફ્રીઅરે કાઢેલી. તે પર ઈસ્ટ ઇંડિયા કંપનીના નામના પ્રથમાક્ષરો 'EIC'વાળી સંજ્ઞા, ટિકિટની ½ આનાની કિંમત તથા ચોમેર ગોળાકારમાં Scinde District Dawk શબ્દો લખેલા હતા. લાલ, વાદળી અને સફેદ એમ ત્રણ રંગમાં એ નીકળેલી. 'સિંધ ડાક'ને નામે ઓળખાતી એ ટિકિટો વિરલ ગણાય છે.



તા. ૫, ૧૭૮૧: સર ટૉમસ સ્ટૅમ્ફર્ડ રૅફલ્સનો જન્મ. ઇસ્ટ ઇંડિયા કંપનીની નોકરીમાં એ ૧૮૦૫માં પેનાંગ ગયો. ૧૮૧૧માં જાવાનો ને ૧૮૧૮માં બેનકુલિનનો ગવર્નર બન્યો. દૂર પૂર્વના ભાવિ બ્રિટિશ સંસ્થાનોમાં સિંગાપોરનું ભૌગોલિક અને લશ્કરી મહત્ત્વ સમજી એ હાથ કરી એણે ત્યાં વહીવટ સ્થાપ્યો. એ બ્રિટિશ સામ્રાજ્યના ઇતિહાસનો સીમાસ્તંભ ગણાય છે. ઈ. સ. ૧૮૨૬માં એના જન્મ દિવસે-૫ જુલાઈએ એનું અવસાન થયું.



તા. ૧૪, ૧૭૮૯: આપખુદ રાજા, જુલમી જમીનદારો ને અમીરો તથા ધર્મગુરુઓના અત્યાચારોથી ત્રાસેલી ફ્રેંચ પ્રજામાં લાંબા સમયથી ધૂંધવાઈ રહેલી આગ આખરે ભભૂકી. જુલમગારોની ઈતરાજીનો ભોગ બનેલાં સેંકડો લોકોને જ્યાં ગેરકાયદે ગોંધી રાખવામાં આવતા એ મૂર્તિમંત દોઝખ સમા બાસ્તિલના કિલ્લા પર વિરાટ લોકદળે હુમલો કરી અંદરના કેદીઓને મુક્ત કર્યા ને તેને જમીનદોસ્ત કર્યો. રાજાશાહીનો અંત લાવી 'સ્વતંત્રતા, સમતા અને બંધુતા' સ્થાપવા માટેની ફ્રાંસની જગપ્રસિદ્ધ રાજક્રાંતિનું આ મંગળાચરણ હતું.



તા. ૧૫, ૧૬૦૬ ડેન્માર્કના જગવિખ્યાત ચિત્રકાર રેમ્બ્રાં હરમેન્ઝ વાન રેનનો લાઈડન મુકામે જન્મ. 'શરીરશાસ્ત્રનો પાઠ' નામની કૃતિથી ૧૬૩૨માં ખ્યાતિ પામ્યા પછી શિષ્યો અને ચિત્રકામ વધી જતાં એની સ્થિતિ ઘણી સુધરી ગએલી અને ડચ કલાકારોમાં ટોચનું સ્થાન તે પામ્યો. ચિત્રમાં છાયા-પ્રકાશની માવજત અને રંગની અદ્‌ભુત સંવાદિતા એની આગવી જ ગણાય છે. જીવનનાં પાછલાં કષ્ટમય વર્ષોમાં પણ ઘણી ઉત્તમ કૃતિઓ આપી. ૧૬૬૯ની ૮ ઑક્ટોબરે એ ગરીબીમાં અવસાન પામ્યો.

તા. ૧૭, ૧૮૪૧: માત્ર અંગ્રેજી જ નહિ, પણ જગતભરનાં સાપ્તાહિકોમાં એક વિશિષ્ટ અને અનોખું વ્યક્તિત્વ ધરાવતું 'પંચ' શરૂ થયું. દર અઠવાડિયે ઇંગ્લંડનીપ્રજાની બાધાઈની ઠેકડી અને દૂષણની ફજેતી કરીને છેલ્લાં સવાસોથી યે વધુ વર્ષથી એ બ્રિટિશ પ્રજાને હસાવી, રમાડી, ચાબખા મારીને એનું ખમીર ઘડતું રહ્યું છે.

તા. ૨૨, ૧૯૪૭: સ્વતંત્ર ભારતના રાષ્ટ્રધ્વજનું નિર્માણ: બંગભંગ સમયે જ્યારે આપણી રાષ્ટ્રીય ચેતનાએ પારતંત્ર્ય અને જુલમનો પ્રતિકાર કરી રાષ્ટ્રીય લડતનું રૂપ લીધું ત્યારે આપણા પોતાના ધ્વજનો અભાવ ટાળવા એક ધ્વજનું નિર્માણ થયું અને એક માહિતી પ્રમાણે કલકત્તામાં અપર સર્ક્યુલર રોડ પરના ફેડરેશન હૉલમાં સુરેન્દ્રનાથ બૅનરજીને હાથે એને પ્રથમ સલામી અપાઈ. એ ધ્વજમાં અનુક્રમે આઠ કમળફૂલવાળી લાલ પટ્ટી, 'વન્દેમાતરમ્' શબ્દવાળી પીળી પટ્ટી અને સૂર્ય તથા ચાંદતારાવાળી લીલી પટ્ટીની રચના હતી. સમયાનુસાર આ રચનામાં ફેરફાર થતા રહી છેવટે કેસરી, સફેદ ને લીલા પટ્ટા, ને મધ્યમાં રેંટિયાવાળો ધ્વજ રચાયો. આઝાદી પછી બંધારણ સભાએ એમાં રેંટિયાને સ્થાને સમ્રાટ અશોકના સ્તંભ પરના ધર્મચક્રનું આલેખન મૂક્યું. એ પ્રથમ ને આખરી ધ્વજનાં ચિત્ર આ સાથે આપ્યાં છે.



તા. ૨૮, ૧૮૬૨: ઇજિપ્તની લોકમાતા, દુનિયામાં બીજી લાંબામાં લાંબી (લગભગ ૪૦૦૦ માઈલ) નાઈલ નદીનું મૂળ શોધાયું. દુનિયાની એક જૂનામાં જૂની સંસ્કૃતિનો એને કાંઠે વિકાસ થએલો. ઈશાન આફ્રિકાના સૂકા રેતાળ વિસ્તારમાં દર વર્ષે પૂરના પાણી સાથે ફળદ્રુપ કાંપ ખેંચી લાવતી આ નદી ક્યાંથી આવતી હશે એ જાણવા બે હજાર વર્ષ પહેલાં ઇજિપ્ત પર રાજ કરતા રોમનોથી શરૂ કરીને અનેક પ્રયત્ન થતા રહેલા. છેલ્લે સ્કૉટલૅન્ડના એક જેમ્સ બ્રુસે અનેક સાહસો ખેડી બ્લ્યુ નાઈલનું મૂળ શોધ્યું. આ પછી ૮૦ વર્ષે જ્હૉન સ્પેક, જેમ્સ ગ્રાંટને સાથે લઈ ૧૮૬૨માં વિક્ટોરિયા ન્યાન્ઝા સરોવરની પ્રદક્ષિણા કરી એની ઉત્તરે પહોંચ્યો, જ્યાં એને 'વ્હાઈટ નાઇલ'નું મૂળ મળ્યું.

